અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

23 DECEMBER-2025 TUESDAY | Vol. : 17 | Issue : 172 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ


» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3

મુનીરે કહ્યું-ભારત સાથે યુદ્ધ સરળ નહોતું, અલ્લાહે બચાવ્યા : મેં પોતે અનુભવ્યુ ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાન...

4

બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.

6

ધ્રુવ રાઠીનો 'ધુરંધર' પર વિરોધ, 'ગોપી વહુ'થી સહન ન થયો!

7

સેન્સેક્સ 638 પોઈન્ટ વધીને 85,567 પર બંધ : નિફ્ટીમાં 206 પોઈન્ટનો ઉછાળો, મેટલ અને આઈટી શેરોમાં ખરીદી

### 6 દિવસ અગાઉ જ મળી હતી રાહત : સુનાવણી માટે 12 માર્ચ 2026ની તારીખ આપી છે

# સોનિયા ગાંધી-રાહુલ ગાંધીને ફરી ઝટકો! નેશનલ હેરાલ્ડ કેસમાં નોટિસ

## ઈડી તરફથી અરજી કરતાં દિલ્હી હાઈકોર્ટમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી

**નવી દિલ્હી, તા.22**

નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં આજે 22 ડિસેમ્બર 2025ના રોજ દિલ્હી હાઈકોર્ટે કોંગ્રેસ નેતા સોનિયા ગાંધી, રાહુલ ગાંધી સહિત અન્ય આરોપીઓને નોટિસ ફટકારી છે. અગાઉ આ કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટે રાહુલ ગાંધી અને સોનિયા ગાંધી વિરુદ્ધની ચાર્જશીટ પર એક્શન લેવાની સ્પષ્ટ મનાઈ ફરમાવી હતી. ત્યાર પછી આ મુદ્દે એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ(ED)એ આ નિર્ણયને દિલ્હી હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

દિલ્હી હાઈકોર્ટે ઈડીની અરજી મંજૂર કરતાં સુનાવણી માટે 12 માર્ચ 2026ની તારીખ આપી છે. ઈડી તરફથી અરજી કરતાં દિલ્હી હાઈકોર્ટમાં સોલિસિટર જનરલ તુષાર મહેતાએ દલીલ કરી છે. જેમાં તેમણે ટાંક્યું છે કે કેસનો નિષ્કર્ષ એ છે કે 50 લાખ રૂપિયાના બદલે આરોપીઓએ 2 હજાર કરોડ રૂપિયાની સંપત્તિમાં ગોલમાલ કરી છે.

ઈડીની ચાર્જશીટમાં સોનિયા ગાંધી, રાહુલ ગાંધી, સેમ પિત્રોડા, સુમન દુબે, સુનિલ ભંડારી, યંગ ઈન્ડિયન અને ડોટેક્સ મર્ચેન્ડાઈઝ પ્રાઈવેટ લિમિટેડનો નામજોગ ઉલ્લેખ છે. ઈડીની તપાસમાં કોંગ્રેસે દાવો કર્યો છે કે આ કાર્યવાહી રાજકારણથી પ્રેરિત છે.

જો કે ઈડીનું માનવું છે કે, આ ગંભીર આર્થિક ગુનો છે, જેમાં છેતરપિંડી અને મની લોન્ડરિંગના પુરાવા છે. કંપનીના 76 ટકા શેર સોનિયા અને રાહુલ ગાંધી પાસે છે. આ મામલે ગુનાની આવક 988 કરોડ રૂપિયા આંકવામાં આવી છે સાથે જે તેને સંબંધિત સંપત્તિઓની કિંમતનું મૂલ્ય 5000 કરોડ છે તેવો દાવો કરાયો છે.



નેશનલ હેરાલ્ડ મની લોન્ડરિંગ કેસમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીને દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાંથી 16 ડિસેમ્બરે રાહત મળી હતી. કોર્ટે ઈડી દ્વારા દાખલ કરવામાં આવેલી મની લોન્ડરિંગની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો સ્પષ્ટ ઈન્કાર કરી દીધો હતો. દિલ્હી કોર્ટે ઈડીની તપાસની કાયદેસરતા પર એક મહત્ત્વનો સવાલ ઉઠાવ્યો હતો.

કોર્ટે નોંધ્યું કે, 'CBI એ હજી સુધી કોઈ 'પ્રિડિકેટ ગુનો' (મૂળ ગુનો) નોંધ્યો નથી, તેમ છતાં ઈડી શેની તપાસ ચાલુ રાખે છે.' કોર્ટે પ્રશ્ન કર્યો કે જ્યારે મૂળ ગુનો (પ્રિડિકેટ ગુનો) નોંધાયેલો જ ન હોય, ત્યારે મની લોન્ડરિંગ તપાસ (Prevention of Money Laundering Act - PMLA હેઠળ) કેવી રીતે આગળ વધી શકે. આ કાયદાકીય આધાર પર કોર્ટે ઈડીની ચાર્જશીટ પર ધ્યાન આપવાનો ઈન્કાર કર્યો હતો.

નેશનલ હેરાલ્ડ અખબારની સ્થાપના 1938માં પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુ દ્વારા કરાઈ હતી. તે સ્વતંત્રતા સંગ્રામનું પ્રતીક હતું, તે ઍસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ એટલે કે AJL દ્વારા પ્રકાશિત કરાયું હતું. 2008માં નાણાકીય કટોકટી પછી આ અખબાર બંધ થઈ ગયું હતું અને અહીંથી આ વિવાદ શરુ થયો હતો. 2010માં યંગ ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (YIL) નામની એક કંપનીની રચના કરવામાં આવી, જેમાં સોનિયા ગાંધી અને રાહુલ ગાંધીનો 38-38% હિસ્સો છે. આ કેસમાં ભાજપના નેતા સુબ્રમણ્યમ સ્વામીએ 2012માં આરોપ મૂક્યો હતો કે YIL એ AJLની 2000 કરોડ રૂપિયાથી વધુની મિલકતો માત્ર 50 લાખ રૂપિયામાં હસ્તગત કરી હતી. તેમની વિરુદ્ધ છેતરપિંડી અને મની લોન્ડરિંગનો કેસ કરવાની માગ કરી હતી.

ઈડીએ મની લોન્ડરિંગ નિવારણ અધિનિયમ (PMLA) હેઠળની ફરિયાદમાં સોનિયા ગાંધીને આરોપી નંબર-1 અને રાહુલ ગાંધીને આરોપી નંબર-2 દર્શાવ્યા છે. આ ઉપરાંત અન્ય પાંચ લોકોને પણ કેસમાં આરોપી બનાવ્યા છે. કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી કેસમાં મુખ્ય આરોપી છે. એજેએલ નેશનલ હેરાલ્ડ સમાચાર પત્ર પ્રકાશિત કરતું હતું, તેની સ્થાપના પૂર્વ વડાપ્રધાન જવાહરલાલ નેહરુએ કરી હતી. નેશનલ હેરાલ્ડ, ઍસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ અને યંગ ઈન્ડિયનનો મામલો યંગ ઈન્ડિયાના માલિકો અને મોટાભાગના શેર ધારકો (સોનિયા અને રાહુલ) દ્વારા એજેએલની 2000 કરોડ રૂપિયાની સંપત્તિ ગેરકાયદેસર રીતે હાંસલ કરવા માટે રચવામાં આવેલ ષડયંત્ર સાથે સંકળાયેલો છે.

નેશનલ હેરાલ્ડ કેસ ઈન્ડિયન નેશનલ કોંગ્રેસ (INC) અને ઍસોસિએટેડ જર્નલ્સ લિમિટેડ (AJL) વચ્ચે 90.25 કરોડ રૂપિયાની લોનથી શરુ થાય છે. ઈડીનો આરોપ છે કે, આ લોન ફક્ત 50 લાખ રૂપિયામાં યંગ ઈન્ડિયન નામની કંપનીને ટ્રાન્સફર કરવામાં આવી હતી, જેની પાછળ 2,000 કરોડ રૂપિયાની મિલકત પર કબજો કરવાનું કાવતરું હતું. કોર્ટે ઈડીને પૂછ્યું કે એજેએલની મિલકતનો વાસ્તવિક માલિક કોણ છે? શું શેરધારકો માલિકો છે?

# ફાસ્ટેગથી પાર્કિંગથી લઈને પેટ્રોલ સુધીનું પેમેન્ટ થશે: માર્ગ પરિવહન મંત્રાલય યોજના લાવી રહ્યું છે

**નવી દિલ્હી, તા.22**

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રાલય ફાસ્ટેગને મલ્ટિપર્પસ બનાવવાની તૈયારીમાં છે. આ અંતર્ગત હવે પાર્કિંગથી લઈને પેટ્રોલ સુધીનું પેમેન્ટ ફાસ્ટેગથી કરી શકાશે.

આ માટે છ મહિનાથી ચાલી રહેલો ટ્રાયલ સફળ રહ્યો છે. તેનો ઉદ્દેશ્ય છે કે ફાસ્ટેગનો ઉપયોગ માત્ર ટોલ ચૂકવણી પૂરતો સીમિત ન રહે, પરંતુ યાત્રા દરમિયાન રસ્તા સિવાય મળતી સુવિધાઓની ચૂકવણીમાં પણ થાય.

અધિકારીઓએ કહ્યું- આનાથી ડિજિટલ ફ્રોડની આશંકા ઓછી થશે. યુઝર ફાસ્ટેગને વોલેટની જેમ ઉપયોગ કરી શકશે, જેનાથી છેતરપિંડીની સ્થિતિમાં નુકસાન ઓછું થાય. આ બદલાવને લઈને ફિનટેક કંપનીઓ, પેમેન્ટ સર્વિસ પ્રોવાઈડર્સ, બેંક અને ટોલ ઓપરેટર્સની બેઠક થઈ ચૂકી છે.

ઉત્તર રેલવેના મુખ્ય જનસંપર્ક અધિકારી (CPRO) હિમાંશુ શેખર ઉપાધ્યાયે જણાવ્યું કે દિલ્હી મંડળ રેલ પ્રબંધક (DRM) પુષ્પેન્દ્ર કુમાર ત્રિપાઠીના નેતૃત્વમાં એક નવી પોલિસી તૈયાર કરવામાં આવી છે. આનાથી સ્ટેશન પર આવવા-જવાના ગેટ પર જામ અને વધુ પૈસા વસૂલવાની સમસ્યા લગભગ સમાપ્ત થઈ જશે.




યોજના લાગુ થયા પછી નવી દિલ્હી સ્ટેશન પર પાર્કિંગ ચાર્જની ચુકવણી ફાસ્ટેગ દ્વારા થશે. અંદાજ છે કે લગભગ 80 ટકા વાહનો સ્ટેશન કેમ્પસમાં મુસાફરોને ડ્રોપ કરીને અથવા પીક કરીને તરત જ નીકળી જશે. ચાર્જ આપમેળે કપાવાને કારણે ઠેકેદાર અને વાહન માલિકો વચ્ચે વધુ પૈસા વસૂલવા અંગેના વિવાદો સમાપ્ત થઈ જશે.

પાર્કિંગ અને ટ્રાફિક સંચાલન માટે પ્રથમ વખત 'એક્સ-આર્મી મેન'ને માર્શલ તરીકે નિયુક્ત કરવામાં આવશે. આનાથી ખાનગી સુરક્ષાકર્મીઓ દ્વારા મુસાફરો સાથે થતી ગેરવર્તણૂકની ફરિયાદો પર અંકુશ આવશે. સેનાના જવાનોના અનુભવ અને તાલીમનો લાભ આતંકવાદી પ્રવૃત્તિઓ રોકવા અને સામાન્ય સુરક્ષા વ્યવસ્થાને સુધારવામાં મળશે. દિલ્હી મંડળની આ નવી નીતિ હેઠળ ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી લેવામાં આવી છે. નવી કંપની 28 ડિસેમ્બરે પાર્કિંગ મેનેજમેન્ટનો કાર્યભાર સંભાળી લેશે. ટેન્ડરની શરતો અનુસાર, કંપનીએ એક મહિનાની અંદર યાત્રીઓની સુવિધાઓ, વાહનોના વ્યવસ્થાપન અને સુરક્ષા સંબંધિત તમામ માપદંડોને ફરજિયાતપણે લાગુ કરવા પડશે. હિમાંશુ શેખર ઉપાધ્યાય અનુસાર, અજમેરી ગેટ તરફ ત્રણ વિશેષ પાથવે બનાવવામાં આવી રહ્યા છે. આ પાથવે દ્વારા યાત્રીઓ પોતાના સામાન સાથે સરળતાથી સુરક્ષા તપાસ અને સ્કેનિંગ પોઈન્ટ સુધી પહોંચી શકશે.

# હવામાં બંધ થયું એર ઈન્ડિયાના પ્લેનનું એન્જિન: બીજા એન્જિનની મદદથી દિલ્હીમાં ઈમર્જન્સી લેન્ડિંગ


**નવી દિલ્હી, તા.22**

દિલ્હીથી મુંબઈ જઈ રહેલી એર ઈન્ડિયાની ફ્લાઈટનું 40 મિનિટમાં જ ઈમર્જન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું. રિપોર્ટ્સ અનુસાર, AI887 ફ્લાઈટનું એક એન્જિન ટેક-ઓફ પછી બંધ થઈ ગયું હતું. એમાં ઓઈલ પ્રેશર ઝીરો થઈ ગયું હતું. એના કારણે એને દિલ્હી એરપોર્ટ પાછું ફરવું પડ્યું.

પ્લેને સવારે 6:10 વાગ્યે AI 887 તરીકે મુંબઈ માટે ઉડાન ભરી હતી અને 6.52 વાગ્યે એ પાછું આવી ગયું, જોકે 2 એન્જિનવાળા પ્લેન એક એન્જિન દ્વારા પણ સુરક્ષિત રીતે લેન્ડ કરી શકે છે, તેથી એને તરત જ પાછું બોલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો.

નાગરિક ઉડ્ડયન મંત્રાલયે એર ઈન્ડિયાની ફ્લાઈટ AI-887ની ઘટના પર કાર્યવાહી કરી છે, જેમાં ટેક-ઓફના તરત જ પછી ટેક્નિકલ ખામી સર્જાઈ હતી. મંત્રાલયે એર ઈન્ડિયા પાસેથી એક વિગતવાર રિપોર્ટ માગ્યો છે, સાથે જ DGCAને સંપૂર્ણ તપાસ કરવાનો નિર્દેશ આપ્યો છે.

મંત્રાલયે એરલાઈનને મુસાફરોને શક્ય તમામ મદદ આપવા અને તેમને આગામી ફ્લાઈટ્સમાં એડજસ્ટ કરવાનો નિર્દેશ પણ આપ્યો છે.



ન્યૂઝ એજન્સી PTIએ DGCA સાથે સંકળાયેલાં સૂત્રોના આધારે જણાવ્યું છે કે વિમાને હવામાં જ યુ-ટર્ન લીધો, કારણ કે ટેક-ઓફ પછી ફ્લૅપ રિટ્રેક્શન દરમિયાન ફ્લાઈટના ક્રૂએ જમણા એન્જિનમાં ઓઈલ પ્રેશર ઓછું જોયું. સૂત્રએ એમ પણ જણાવ્યું કે પાછલા રેકોર્ડની સમીક્ષા પણ કરવામાં આવી હતી, પરંતુ એમાં તેલના વપરાશમાં કોઈ અસામાન્ય બાબત સામે આવી નથી.

પ્લેનના એન્જિનમાં ઓઈલ પ્રેશર ઝીરો થવું તકનીકી રીતે ખૂબ જ ગંભીર સ્થિતિ માનવામાં આવે છે, પરંતુ એનો અર્થ હંમેશાં તરત ક્રેશ થતો નથી. ઓઈલનું દબાણ ખતમ થતાં એન્જિનના ફરતા ભાગો સુધી લુબ્રિકેશન પહોંચી શકતું નથી. આ ખૂબ જ ગંભીર સ્થિતિ હોય છે, પરંતુ નિયંત્રણમાં રહે છે.

ઓઈલ પ્રેશર ઝીરો હોવા છતાં પણ જો ઉડાન ચાલુ રાખવામાં આવે તો એન્જિન થોડી જ મિનિટોમાં ઓવરહીટ થઈ શકે છે. જો વધુ સમય સુધી ચલાવવામાં આવે તો એન્જિન ફેલ થઈ શકે છે, પરંતુ આજકાલ પ્લેન એક એન્જિન પર પણ સુરક્ષિત રીતે લેન્ડ કરી શકે છે. આવી સ્થિતિમાં પાઈલટ એન્જિન પાવર ઓછો કરી દે છે અથવા બંધ કરી દે છે અને નજીકના એરપોર્ટ પર લેન્ડિંગ કરી લે છે.

# 'ફાતિહા પઢવા લાયક પણ નહીં છોડીએ', સમાજવાદી પાર્ટી પર CM યોગીના આકરા પ્રહાર

**પટના, તા.22**

ઉત્તર પ્રદેશ વિધાનસભામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોડીન સીરપ કૌભાંડ અને 'વંદે માતરમ'ના નારા અંગે વિપક્ષને ધારદાર અંદાજમાં ઘેર્યું હતું. તેમને પુરાવાઓ ટાંકીને આરોપ મૂક્યો હતો કે સીરપ દાણચોરીના કેસના મુખ્ય આરોપીઓ સમાજવાદી પાર્ટી સાથે જોડાયેલા હતા, જે કોઈ ગુનેગાર હશે તેમણે છોડવામાં નહીં આવે એટલી કડક કાર્યવાહી કરીશું કે તેમને (સપાના સભ્યો) 'ફાતિહા પઢવાને લાયક પણ નહીં રહે', આ ઉપરાંત CM યોગીએ વંદે માતરમ અને તુષ્ટિકરણ મુદ્દે કોંગ્રેસને રોકડું પરખાવ્યું હતું.

(22 ડિસેમ્બર)ના રોજ ઉત્તર પ્રદેશ વિધાનસભામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે કોડીન સીરપ કેસ અને રાષ્ટ્રીય ગૌરવના મુદ્દાઓ પર વિપક્ષ પર આકરા પ્રહારો કર્યા હતા. ફોટોગ્રાફ્સ અને દસ્તાવેજો સાથે ગૃહમાં દાવો કર્યો હતો કે કોડીન સીરપની ગેરકાયદેસર હેરાફેરીમાં અમિત યાદવ જેવા આરોપીઓ સમાજવાદી પાર્ટીના પદાધિકારી છે. વધુમાં મુખ્યમંત્રીએ કહ્યું હતું કે UP પોલીસ અને સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF) એ એક હજારથી વધુ પુરાવો એકત્રિત કરી કડક કાર્યવાહી કરી છે. આરોપીઓને સમાજવાદી પાર્ટીની સરકાર દરમિયાન લાઈસન્સ ઈસ્યુ કરવામાં આવ્યા હતા. સંબોધનમાં 'વંદે માતરમ'ના અંશને દૂર કરવાના નિર્ણયને તુષ્ટિકરણનું પ્રથમ સત્તાવાર ઉદાહરણ ગણાવ્યું હતું અને અને વિરોધ કરનારાઓ માફીની માંગણી કરી હતી. મુખ્યમંત્રી યોગીએ ગૃહમાં અમિત યાદવનો ફોટો બતાવતા પૂછ્યું હતું કે શું તેઓ વારાણસી કેન્ટથી સપાના ઉમેદવાર ન હતા. તેમણે આરોપ લગાવ્યો કે અમિત યાદવ 2024માં મુખ્ય આરોપી શુભમ જયસ્વાલના પૈસાથી દુબઈ યાત્રા પર ગયા હતા. તેમણે મનોજ યાદવ, રાજીવ યાદવ અને મુકેશ યાદવ જેવા નામોનો ઉલ્લેખ કરી દાવો કર્યો હતો કે આ બધા નકલી કંપનીઓ બનાવીને ગેરકાયદેસર ધંધાઓમાં ભળેલા છે. સાથે તંજ કરતાં CM યોગીએ કહ્યું હતું કે 'આલોક સિપાહી હૈ પક્કા સપાઈ' જેની સરકારે હકાલપટ્ટી કરી છે જેના ફોટા અખિલેશ યાદવ સાથે અસ્તિત્વમાં છે. વિધાનસભામાં સીએમ યોગીએ ઈતિહાસનો ઉલ્લેખ કરતાં પ્રહાર કર્યો હતો કે '1937માં લખનઉથી મોહમ્મદ અલી ઝીણાએ 'વંદે માતરમ' વિરુદ્ધ નારા લગાવ્યા હતા.



# સુરતમાં કોંગ્રેસના રાષ્ટ્રીય સચિવે મનરેગા મુદ્દે સરકારને ઘેરી

## લાઈટના ઠેકાણા નથી ત્યાં શ્રમિકોના વળતર માટે ડિજિટલ હાજરી ફરજિયાતનો નિયમ, અટેન્ડન્સ નહી તો ભૂખે મરશે

**સુરત, તા.22**

મનરેગા અને નેશનલ હેરાલ્ડ મુદ્દે સુરતમાં પત્રકાર પરિષદ યોજીને AICCના રાષ્ટ્રીય સચિવ દિવ્યા મદેરણાએ કેન્દ્રની મોદી-NDA સરકાર પર આકરા પ્રહાર કર્યા હતા. મોદી-NDA સરકારની પોલ ખોલવા માટે કોંગ્રેસની ટીમ દરેક રાજ્યોમાં જઈને વાસ્તવિક સ્થિતિનો ચિતાર રજૂ કરી રહી છે, જે અંતર્ગત રાષ્ટ્રીય સચિવે સુરતના સમાજના પ્રહરીઓ સાથે મહત્વપૂર્ણ વિષય પર ચર્ચા કરી હતી.

સુરતના અઠવાલાઈન્સસ્થિત સર્કિટ હાઉસ ખાતે પત્રકાર પરિષદને સંબોધતા દિવ્યા મદેરણાએ જણાવ્યું હતું કે, ગ્રામીણ અને છેવાડાના માનવીને રોજગારની ગેરંટી આપતી મનરેગા સ્કીમે અનેકના જીવનમાં આમૂલ પરિવર્તન અને ખુશહાલીના દ્વાર ઉઘાડ્યા હતા. સરકાર તરફથી કરોડો લોકોને રોજગારી પૂરી પાડવામાં આવતી હતી. વર્ષ 2004માં સત્તાના સૂત્રો સંભાળ્યા પછી નરેન્દ્ર મોદીએ મહાત્મા ગાંધીના નામ અને મુલ્યોથી ચાલતી યોજનાને 'ખાડો ખોદવાની યોજના' ગણાવીને રાષ્ટ્રપિતાનું અપમાન કર્યું હતું. તેમ છતાંયે યોજનાને ધીમીગતિએ ચાલુ રાખી હતી. જોકે, તાજેતરના શિયાળુ સત્રમાં આ યોજનાનું નામ બદલીને VB G RAM G કરવા સાથે ગ્રામિણોના ખિસ્સા પર તરાપ મારતા મોદી-એનડીએ સરકારે તેના બજેટ પર એક લક્ષ્મણ રેખા ખેંચી દીધી છે. જેને પગલે ગ્રામિણોની રોજગારીની તકો ઘટશે.

રાષ્ટ્રીય સચિવે કહ્યું કે, મનરેગાનું નામ બદલવા સાથે ગ્રામીણ અર્થવ્યવસ્થા પર ડિજિટલ હુમલો છે, આને રામ રાજ્ય નહિ પણ 'નામ રાજ્ય' કહી શકાય. મહાત્મા ગાંધીનું નામ ભૂંસાવી દેવા તેમની સ્મૃતિ પર બૂલડોઝર ચલાવાઈ રહ્યું છે, ભાજપે ગરીબોની રોટલીનું સાંપ્રદાયિકરણ કરીને વૈચારિક પ્રતિશોધની ભાવના ઉજાગર કરી છે. મહાત્મા ગાંધીએ કહ્યું હતું કે, કોઈપણ નિર્ણય લેતા પહેલાં કતારમાં ઉભેલી અંતિમ વ્યક્તિનો વિચાર કરવો જોઈએ પરંતુ, કેન્દ્રની સરકારે તેનો વિચાર કર્યો નથી. આજની પત્રકાર



પરિષદમાં સુરત શહેર કોંગ્રેસ સમિતિના પ્રમુખ વિપુલ ઉધનાવાલા તેમજ નવનિયુક્ત પ્રવક્તાઓની ટીમ ઉપસ્થિત રહી હતી.

મનરેગા યોજના હેઠળ મોદી-NDA સરકારે વર્ષ 2018થી અત્યાર સુધી સરેરાશ માત્ર 50 દિવસનું રોજગાર પુરૂ પાડ્યું છે. જે ગ્રામિણ અર્થવ્યવસ્થા પર મોટા હુમલા સમાન છે. ખાનગી રોજગારની તકો સીમીત હોવાથી છેવાડાનો માનવી ગમે ત્યારે આ યોજના હેઠળ કામ કરીને આર્થિક લાભ પ્રાપ્ત કરતો હતો પરંતુ કેન્દ્રની ગરીબ વિરોધી સરકાર ગ્રામીણો પાસેથી એ અધિકાર પણ છીનવી લીધો છે.

મનરેગાનું નામ બદલવા સાથે મોદી-NDA સરકારે ગ્રામીણો પર ચોતરફથી સકંજો કસવાનું કામ કર્યું છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ગ્રામ પંચાયત સ્તરે નોંધણી કરીને રોજગાર પ્રાપ્ત કરી શકાતો હતો પરંતુ, હવે દરેક શ્રમિકે NMMS Apps થકી ડિજિટલ હાજરી ભરાવવી પડશે. જો હાજરી ભરવામાં ચૂક થાય, અથવા તો ઈન્ટરનેટ અથવા ઈલેક્ટ્રીસિટીની મુશ્કેલી હશે તો ગ્રામીણને તે દિવસનું વળતર નહિ મળે એવી જોગવાઈ કરવામાં આવી છે. એક રીતે દેશના ગરીબો પર શંકા વ્યક્ત કરતી સરકારે દરેક રીતે ગરીબોને બાનમાં લેવાનો પ્રયત્ન કર્યો છે, જે અત્યંત અન્યાયી અને અસ્વીકાર્ય છે એમ કોંગ્રેસે ઉમેર્યું હતું. આ સિવાય ગ્રામ્ય વિસ્તારમાં લાઈટના ઠેકાણા નથી ત્યાં સેટેલાઈટ મોનિટરિંગ કરીને દેશના ગરીબોના પરસેવા સાથે ક્રુર મજાક કરવાની યોજના બનાવવામાં આવી છે.

છેલ્લાં 11 વર્ષમાં ઈડી દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં માત્ર 2 ટકા લોકો પર જ આરોપ સિદ્ધ કરી શકાયા છે. વિપક્ષના નેતાઓના અવાજને દબાવવા માટે ઈડી અને સરકારી મશીનરીનો દુરૂપયોગ કરનાર કેન્દ્રની મોદી-NDA સરકારને PMLA કોર્ટે અરીસો બતાવી દીધો છે અને સત્તાના અહંકારને તોડવાનું કામ કર્યું છે. ભયની રાજનીતિને નિર્વસ્ત્ર કરતાં ચુકાદામાં કોર્ટે પોતાની સર્વોપરિતા જાહેર કરી દીધી છે. સ્વતંત્યતા સંગ્રામમાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવનાર નેશનલ હેરાલ્ડ જેવી ક્રાંતિકારી સંસ્થાને મની લોન્ડરિંગના કેસથી દબાવી દેવાની યોજના નિષ્ફળ નીવડી છે.

નેશનલ હેરાલ્ડ સામે બિછાવેલી જાળ પાથરીને ભાજપે પ્રોપેગેંડા સેલ રચ્યો હતો. 50-50 કલાક પુછપરછ કરીને વિપક્ષના નેતાને બાનમાં લેવાનો પ્રયાસ થયો હતો પરંતુ રાહુલ ગાંધી હિમાલયની જેમ અડગ રહ્યાં અને સરકારની નીતિ સામે સતત સંઘર્ષ કરતા રહ્યાં હતા. વડાપ્રધાન પદની ખુરશી છોડી દેનાર ત્યાગમૂર્તિ સોનિયાજીને બદનામ કરવાનું ષડયંત્ર હોવાનું કહીને મદરેણાએ ઉમેર્યું હતું કે, જે નેશનલ હેરાલ્ડે અંગ્રેજોની સલ્તનતને હચમચાવી નાખી હતી, તેને મની લોન્ડરિંગ જેવા હથિયારથી ડરાવી નહિ શકાય. ભવિષ્યમાં પણ કોંગ્રેસ દરેક પડકાર માટે તૈયાર છે એમ દિવ્યા મદરેણાએ ઉમેર્યું હતું.

# 12મી જાન્યુઆરીએ કિસાન સંઘની ગાંધીનગરમાં આંદોલનની જાહેરાત

## રાજ્યભરમાંથી ખેડૂતોને એકત્રિત કરવાની તૈયારી, પડતર પ્રશ્નો મુદ્દે લડત ચલાવવા રણનીતિ ઘડશે

**ગાંધીનગર, તા.22**

ભારતીય કિસાન સંઘ દ્વારા આગામી 12 જાન્યુઆરીના રોજ ખેડૂતોના મહત્વના મુદ્દાઓને ઉજાગર કરવા માટે રાજ્યના ખેડૂતો ગાંધીનગર એકઠા થશે તેવો નિર્ણય લેવાયો છે. તાજેતરમાં યોજાયેલી વિશેષ કારોબારી બેઠકમાં આ નિર્ણય લેવાયો હોવાનું મહામંત્રી આર. કે. પટેલે જણાવ્યું હતું.નિર્ણય અનુસાર, રાજ્યના તમામ જિલ્લાઓમાંથી હજારો કિસાનો ગાંધીનગર પહોંચી સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા પાસે એકત્રિત થશે. આ દિવસે સરકાર સામે કઈ પ્રકારની કાર્યવાહી કરવી તે અંગે અંતિમ નિર્ણય લેવાશે.

કિસાન સંઘે સરકાર પર ખેડૂતોના પ્રશ્નો પ્રત્યે ઉદાસીનતા દાખવવાનો આક્ષેપ કર્યો છે. ખાસ કરીને ખાતર વિતરણમાં લાંબી લાઈનો, સમયસર ખાતર ન મળવું અને સીઝન પૂરી થયા બાદ ખાતર ઉપલબ્ધ થવાનો પ્રશ્ન ખેડૂતો માટે ગંભીર બન્યો હોવાનું જણાવાયું છે. "સીઝન પતી જાય પછી ખાતર શું કામ આવશે?" એવો તીખો સવાલ પણ કિસાન સંઘ દ્વારા ઉઠાવવામાં




આવ્યો છે.

કિસાન સંઘના જણાવ્યા મુજબ, જો સરકાર સમયસર ખેડૂતોની માંગણીઓ નહીં સાંભળે તો આંદોલન વધુ ઉગ્ર બનાવવાની પણ ચીમકી આપવામાં આવી છે. 12 જાન્યુઆરીએ ગાંધીનગરમાં ખેડૂતોનો મોટો જનસમુદાય ઉમટી પડશે, જેના કારણે રાજકીય તાપમાન ગરમાવાની શક્યતા છે.

# વડોદરાની વેપારી-મહિલા પાસેથી 1.57 કરોડની સામે 4.39 કરોડ વ્યાજખોરે લીધા

## વધુ 80 લાખ માંગીને જાનથી મારી નાખવાની ધમકી આપી, અમદાવાદના 3 શખ્સની પિસ્તોલ સાથે ધરપકડ

**વડોદરા, તા.22**

વડોદરા શહેરમાં વ્યાજખોરી, બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી અને પિસ્તોલ બતાવીને ધમકી આપવાના ગંભીર ગુનામાં સંડોવાયેલા 3 આરોપીની ગુનામાં વપરાયેલી પિસ્તોલ સાથે મકરપુરા પોલીસે ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

વડોદરાના 61 વર્ષીય મહિલા વેપારીની પોલીસ ફરિયાદ મુજબ આરોપી સુનિલ નલીનભાઇ પરીખે કોરોના મહામારી દરમિયાન નાણાકીય મુશ્કેલીનો લાભ લઈને મહિલાને 1,57,50,000 રૂપિયા વ્યાજે આપ્યા હતાં. તેની સામે ફરિયાદીએ 23 નવેમ્બરે 2021થી 28 ઓગસ્ટ, 2025 સુધીમાં બેંક, આંગડિયા પેઢી તથા રોકડ મળીને કુલ રૂ. 4,39,80,100 ચૂકવ્યા હોવા છતાં આરોપીએ વધારાના 80 લાખ રૂપિયાની માગણી કરી હતી. આ બાબતે ફરિયાદીની ફરિયાદને આધારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં 18 ડિસેમ્બર, 2025ના રોજ ગુનો નોંધાયો હતો.

આ માગણી પૂરી ન થતાં આરોપી સુનિલ પરીખ તેમજ તેના



સાગરીતો રજનીકાંત રાવત અને જયેશ પરમાર ફરિયાદીના ઘરે અને ઓફિસે જઈને ગાળો બોલી, પિસ્તોલ બતાવીને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને બળજબરીપૂર્વક રૂપિયાની ઉઘરાણી કરતા હતા.

આ બાબતે ફરિયાદીની ફરિયાદને આધારે મકરપુરા પોલીસ સ્ટેશનમાં 18 ડિસેમ્બર, 2025ના રોજ ગુનો નોંધાયો હતો. પીઆઈ એ.એમ. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમે તાત્કાલિક કાર્યવાહી કરીને 3 આરોપીની ધરપકડ કરી લીધી હતી અને આરોપીઓને કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતાં. જ્યાંથી 2 દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મળ્યા બાદ રિમાન્ડ પૂર્ણ થતાં ત્રણેય આરોપીઓને વડોદરા મધ્યસ્થ જેલ મોકલી દેવામાં આવ્યા છે. વડોદરાના 61 વર્ષીય મહિલા વેપારીની પોલીસ ફરિયાદ મુજબ આરોપી સુનિલ નલીનભાઇ પરીખે કોરોના મહામારી દરમિયાન નાણાકીય મુશ્કેલીનો લાભ લઈને મહિલાને 1,57,50,000 રૂપિયા વ્યાજે આપ્યા હતાં.

# સતત ત્રીજી વાર નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ : સુરતની 'ઝેનિટેક્સ' કંપનીએ ગોલ્ડન ટ્રોફી જીતી....

**સુરત, તા.22**

જ્યારે પણ હેટ્રિકની વાત આવે ત્યારે લોકોના મનમાં ક્રિકેટના મેદાનની યાદ તાજી થાય છે, પરંતુ સુરતના એક કાપડ ઉદ્યોગપતિએ પર્યાવરણ અને ઉર્જા સંરક્ષણના મેદાનમાં એવી હેટ્રિક નોંધાવી છે કે આખું ભારત આજે સુરત સામે જોઈ રહ્યું છે. સુરતના જાણીતા ઉદ્યોગપતિ અને પર્યાવરણવિદ વિરલ દેસાઈ, જેમને લોકો 'ગ્રીનમેન' તરીકે ઓળખે છે, તેમણે નવી દિલ્હીના વિજ્ઞાન ભવનમાં આયોજિત ભવ્ય સમારોહમાં 'નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ' (NECA) જીતીને હેટ્રિક પૂર્ણ કરી છે.

સુરત વર્ષોથી ટેક્સટાઇલ અને ડાયમંડ ઉદ્યોગ માટે વિશ્વવિખ્યાત છે, પરંતુ વિરલ દેસાઈએ આ શહેરને 'ગ્રીન ઈન્ડસ્ટ્રિયલ સિટી' તરીકે નવી ઓળખ આપી છે. વિરલ દેસાઈની કંપની 'ઝેનિટેક્સ'ને વર્ષ 2019, 2022 અને હવે 2025માં સતત ત્રીજી વખત આ પ્રતિષ્ઠિત પુરસ્કારની



ગોલ્ડન ટ્રોફી એનાયત કરવામાં આવી છે. ગુજરાતના ઈતિહાસમાં આ પ્રથમ ઘટના છે કે કોઈ ટેક્સટાઈલ ઉદ્યોગપતિએ રાષ્ટ્રીય સ્તરે પર્યાવરણ માટે આટલી મોટી સિદ્ધિ સતત ત્રણ વાર મેળવી હોય.

સૌથી મહત્વની વાત એ છે કે આ એવોર્ડ તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો. અગાઉ પણ તેઓને પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજી અને પ્રતિભા પાટીલના હસ્તે એવોર્ડ મળી ચૂક્યો છે. આ હેટ્રિક એટલા માટે પણ મહત્વની છે કારણ કે આ સ્પર્ધામાં દેશની અગ્રણી અને મલ્ટિનેશનલ ટેક્સટાઇલ કંપનીઓ મેદાનમાં હતી. વિરલ દેસાઈએ સાબિત કરી દીધું કે જો તમારી પાસે વિઝન અને દ્રઢ નિશ્ચય હોય, તો સંસાધનોની મર્યાદા વચ્ચે પણ તમે વિશ્વ કક્ષાનું પરિણામ લાવી શકો છો. સુરતની ઝેનિટેક્સ કંપનીએ ઉર્જા બચત માટે જે મોડેલ રજૂ કર્યું છે, તે આજે દેશભરના ઉદ્યોગો માટે અભ્યાસનો વિષય બન્યું છે. તેમણે પોતાની ફેક્ટરીમાં પરંપરાગત ઉર્જા સ્ત્રોતોને બદલે અત્યાધુનિક અને ઈકો-ફ્રેન્ડલી ટેકનોલોજીનો ઉપયોગ કર્યો. ઉદ્યોગમાં વપરાતા પાણી અને કેમિકલને રિસાઈકલ કરવાની પદ્ધતિથી તેમણે સાબિત કર્યું કે પર્યાવરણના ભોગે વિકાસ જરૂરી નથી. વિરલ દેસાઈ માત્ર ફેક્ટરીની અંદર જ ઉર્જા બચાવતા નથી, પણ ફેક્ટરીની બહાર પણ તેમણે સુરતમાં 7 અર્બન ફોરેસ્ટ બનાવ્યા છે. સુરતના પ્રદૂષિત ગણાતા વિસ્તારોમાં આજે 10,000 વૃક્ષો લહેરાઈ રહ્યા છે, જે ગ્રીનમેનની મહેનતનું પરિણામ છે.

પુરસ્કાર સ્વીકાર્યા બાદ લાગણીસભર થયેલા વિરલ દેસાઈએ જણાવ્યું હતું કે, આ હેટ્રિક એ મારી એકલાની જીત નથી, પણ સુરતની ઉદ્યોગ સાહસિકતા અને પર્યાવરણ પ્રત્યેની જાગૃતિની જીત છે. આ ત્રીજી ગોલ્ડન ટ્રોફી મને વધુ જવાબદારી સોંપે છે કે હું આગામી પેઢી માટે વધુ હરિયાળું ભવિષ્ય છોડીને જઉં. નેશનલ એનર્જી કન્ઝર્વેશન એવોર્ડ દર ત્રણ વર્ષે ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા એનાયત થાય છે. આ એવોર્ડની વિવિધ કેટેગરીઝ હોય છે, જેમાં દેશભરની હેવી ઈન્ડસ્ટ્રીઝ, MSME તેમજ વિવિધ રાજ્યોના સરકારી વિભાગો ભાગ લેતા હોય છે. ઊર્જા મંત્રાલય પાસે આવતી અને ફાઇનલ થતી દરેક એન્ટ્રીમાં પછી મંત્રાલયના અધિકારીઓની ટીમ રૂબરૂ મુલાકાત કરતી હોય છે અને ઊર્જા સંરક્ષણના ટેક્નિકલ માપદંડોને આધારે મુલ્યાંકન કરીને રિપોર્ટ મંત્રાલયને સોંપાતો હોય છે, જેમાં ફરી એક ટીમ સ્ક્રૂટીની કરતી હોય છે. આ સન્માન સ્વીકારવા માટે એલએન્ટી કે એમએનએસ કે પછી રિલાયંસ જેવા માંધાતાઓથી લઈ વિવિધ રાજ્યોના ઊર્જા મંત્રીઓ કે વિવિધ વિભાગના આઈએએસ ઓફિસર્સ પહોંચતા હોય છે. જ્યાં સન્માન રાષ્ટ્રપતિ તેમજ ઊર્જામંત્રીની હાજરીમાં અપાતા હોય છે.

# રાજકોટમાં વાયબ્રન્ટ સમિટમાં ઉર્જા વિભાગના.4 લાખ કરોડના MoU થશે

## સૌરાષ્ટ્ર-કચ્છ રીજનલ સમિટમાં AI-મશીન લર્નિંગથી રીન્યુએબલ એનર્જીમાં ગુજરાતને ટોચ પર લાવવા રણનીતિ ઘડાશે

**રાજકોટ, તા.22**

રાજકોટમાં આગામી 10થી 12 જાન્યુઆરી 2025 દરમિયાન સૌરાષ્ટ્ર-કચ્છ રિજનલ વાયબ્રન્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાતના ઉર્જા વિભાગ દ્વારા અંદાજે રૂ.4 લાખ કરોડના MoU થવાના છે. જેમાં રીન્યુએબલ એનર્જી એટલે કે સૌર, પવન અને દરિયાઈ ઉર્જા કઈ રીતે ઉત્પન્ન કરી શકાય અને તેમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ તેમજ મશીન



લર્નિંગનો ઉપયોગ કરી મહારાષ્ટ્રના સ્થાને ગુજરાતને મોખરાના ક્રમે કઈ રીતે લાવી શકાય તે અંગેની રણનીતિ ઘડવામાં આવશે.

PGVCL ના મેનેજિંગ ડિરેક્ટર કેતન જોશીએ જણાવ્યુ હતુ કે, મારવાડી યુનિવર્સિટીમાં વાયબ્રન્ટ સમિટમાં અવિરત વીજ પુરવઠો મળી રહે તે માટે ચીફ એન્જિનિયર, સુપ્રિટેન્ડેન્ટ એન્જિનિયર, એક્ઝિક્યુટિવ એન્જિનિયર અને જુનિયર એન્જિનિયર સહિતની 100 વ્યક્તિઓની ટીમ દ્વારા ચુસ્ત વ્યવસ્થા કરવામાં આવી છે. જેઓ 24 કલાક ત્યાં હાજર રહેશે અને કોઈપણ પ્રકારના વીજ વિક્ષેપ વિના વાઈબ્રન્ટ સમિટ પૂર્ણ થાય તેવા પ્રયાસો છે. તેમણે જણાવ્યું કે ઉર્જા અને પેટ્રોકેમિકલ વિભાગ દ્વારા ગ્રીન હાઈડ્રોજન, ગ્રીન ઈકોનોમી પોલિસી અને રિન્યુએબલ એનર્જી સહિતના વિષયો પર 12 જેટલા સેમિનાર રાખવામાં આવ્યા છે. જેમાં રીન્યુએબલ એનર્જીથી થતા ફાયદાઓ અને ઝીરો કાર્બન પોલીસીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી પ્રોત્સાહન આપી રહ્યા છે તેને વધુ વેગ મળશે. રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે ભારત અવ્વલ નંબર ઉપર છે. જેમાં ગુજરાત આગળ જ છે પરંતુ તેને વધુ આગળ લઈ જવા માટેની પ્રેરણા મળશે.

# ડ્રેનેજ લાઈન નાખવા ખોદેલા ખાડામાં બાઈક સવાર ખાબક્યો, ચેતવણી બોર્ડ મુકવા સ્થાનિકોની માગ

**ભાવનગર, તા.22**

ભાવનગર મહાનગર પાલિકા દ્વારા શહેરમાં અનેક સ્થળો પર ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી ચાલી રહી છે, ત્યારે શહેરના ગઢેચીરોડથી રાધાકૃષ્ણ પાર્ટી પ્લોટ નજીક ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદવામાં આવેલા ખાડામાં આજ(22 ડિસેમ્બર)રોજ બાઈક સવાર ખાડામાં ખાબક્યો હતો. બનાવ બનતા લોકોના ટોળા એકઠા થયા હતા અને બાઈક સવારને સ્થાનિકો દ્વારા સહી સલામત બહાર



કાઢવમાં આવ્યો હતો. સદનસીબે અકસ્માતમાં કોઈ જાનહાની થઈ નથી. ભાવનગર શહેરના ગઢેચી રોડ પાસે આવેલા રાધાકૃષ્ણ પાર્ટી પ્લોટ નજીક મહાનગરપાલિકા દ્વારા ડ્રેનેજ લાઈન નાખવાની કામગીરી એક સપ્તાહથી ચાલી રહી છે. આ ડ્રેનેજની કામગીરી દરમિયાન રસ્તા પર મોટા ખાડા ખોદવામાં આવ્યા છે. આજે બાઈક સવાર તે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો, તે સમયે ડ્રેનેજ લાઈન નાખવા માટે ખોદવામાં આવેલ ખાડામાં બાઈક સવાર ખાબક્યો હતો. સ્થાનિકોએ આક્ષેપ કર્યો હતો કે સ્થળ પર સાઈનબોર્ડ મુકવામાં આવ્યા છે, પણ તે સાઈડમાં મુકવામાં આવ્યા છે. બન્ને સાઈડ સાઈનબોર્ડ મુકવામાં આવે તેવી માગ સ્થાનિકો કરી રહ્યા છે.

# માંજલપુર વિસ્તારમાં સગીરાએ બાળકીને જન્મ આપ્યો : બંનેને સારવાર માટે સયાજી હોસ્પિટલમાં ખસેડાયા, પોલીસ તપાસ શરૂ

**વડોદરા, તા.22**

વડોદરાના માંજલપુર પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં ઝુપડપટ્ટીમાં પરપ્રાંતિય પરિવાર મજૂરી કામ માટે અહીંયા આવીને રહેતું હતું. પરિવારમાં બાર વર્ષની સગીરાની સ્થિતિ ખરાબ થતા સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવે છે, ત્યાં એક બેબીને જન્મ આપતા ચકચાર મચી જવા પામી છે. આ ઘટનામાં બાળક અને સગીરા બંનેને સારવાર અર્થે સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. હાલમાં આ મામલે પોલીસ તપાસ કરી રહી છે.

રાજ્યની સરહદી રાજ્ય વિસ્તારમાંથી એક પરિવાર રોજીરોટી કમાવવા માટે વડોદરા આવ્યું હતું અને માંજલપુર વિસ્તારની એક ચોકડી પાસે આવેલી ઝૂંપડપટ્ટીમાં રહી મજૂરી



કામ કરી રહ્યું હતું. આ પરિવારમાં 12 વર્ષની સગીરાને વેણ ઉપાડતા ગત રોજ સયાજી હોસ્પિટલમાં લાવવામાં આવી હતી. દરમ્યાન એક બેબીને જન્મ આપ્યો હતો. બાળકીને જન્મ આપ્યા બાદ સગીરાની સ્થિતિ ખરાબ થતા તેને પણ તાત્કાલિક સારવાર માટે સયાજી હોસ્પિટલમાં જ દાખલ કરવામાં આવી હતી.

આ સમગ્ર મામલે હાલમાં માંજલપુર પોલીસને જાણ કરવામાં આવી છે. હાલમાં પોલીસે સગીરાના પરિવારના સંપર્ક કરી રહ્યો છે. બાદમાં આ મામલે પોલીસ વધુ તપાસ હાથ ધરવામાં આવશે. સગીરા કઈ રીતે પ્રેગ્નેન્ટ બની?, કોઈ અનૈતિક સંબંધો છે કે કોઈ પ્રેમ સંબંધ? કોઈ હવસખોરે આ સગીરાને પીંખી કે કેમ? તે તમામ બાબતો પદથી પડદો ત્યારે જ ઉછળશે કે જ્યારે આ મામલે પોલીસ ઊંડી તપાસ કરશે.

# સાંતેજના હાજીપુરની સીમમાં આંબાના ઝાડ નીચે જુગાર રમતા 11 જુગારીને 26 લાખના મુદ્દામાલ સાથે ઝડપાયા

**ગાંધીનગર, તા.22**

ગાંધીનગર જિલ્લાના હાજીપુર ગામની સીમમાં ચાલી રહેલા જુગારધામ પર સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે ત્રાટકીને 11 શખ્સોને રૂ.4.30 લાખની રોકડ, વાહનો તેમજ મોબાઈલ મળીને કુલ રૂ.26.16 લાખના મુદ્દામાલ સાથે રંગેહાથ ઝડપી પાડ્યા છે, જ્યારે મુખ્ય સુત્રધારો સહિત 4 થી 5 લોકો પોલીસને થાપ આપી ફરાર થઈ ગયા છે. આ અંગે સાંતેજ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

ગાંધીનગર જિલ્લાના સાંતેજ પોલીસ સ્ટેશનની હદમાં આવેલા હાજીપુર ગામની સીમમાં સ્ટેટ મોનીટરીંગ સેલ દ્વારા જુગારધામ પર મોડી રાત્રે દરોડો પાડવામાં



આવ્યો હતો. પોલીસને બાતમી મળી હતી કે દિનેશજી સોમાજી ઠાકોર અને મોહસીનખાન જરિફખાન પઠાણ નામના શખ્સો ભેગા મળીને હાજીપુર ગામની માઢુની સીમમાં ખેતરની બાજુમાં ખુલ્લી જગ્યામાં બહારથી માણસો બોલાવી જુગાર રમાડે છે.

આ બાતમીના આધારે પોલીસે રેઈડ પાડી આંબાના ઝાડ નીચે પાથરણું પાથરી જુગાર રમતા કુલ 11 શખ્સોને રંગેહાથ ઝડપી લીધા હતા. જ્યારે મુખ્ય સૂત્રધારો સહિત અન્ય આરોપીઓ પોલીસને જોઈને નાસી છૂટ્યા હતા. બાદમાં જુગારીઓ ની પૂછતાછ કરતાં તેમણે પોતાના નામ રાજેન્દ્રભાઈ બાબુભાઈ પટેલ, યુસુફમીયા હેદરમિયા કુરેશી,અશોકજી કચરાજી ઠાકોર,જતીન માધુભાઈ પટેલ, નરેશભાઈ મુળજીભાઈ પરમાર,મહેશજી ઉદાજી ઠાકોર,ઉસ્માનભાઈ જામાભાઈ જાદવ,જગદીશભાઈ જ્યંતીભાઈ પટેલ, દશરથજી લાલાજી ઠાકોર,સંજય મંગાજી ઠાકોર,અજીતસિંહ બાવલભાઈ મકવાણાહોવાનું જણાવ્યું હતું.

આ કાર્યવાહી દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી કુલ 4,30,000 રૂપિયાની રોકડ રકમ, 1,26,000 રૂપિયાની કિંમતના 10 નંગ મોબાઈલ ફોન અને 20,60,000 રૂપિયાની કિંમતના પાંચ વાહનો મળીને કુલ રૂ.26,16,000 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

પોલીસ તપાસમાં બહાર આવ્યું છે કે મુખ્ય આરોપીઓ દિનેશજી ઠાકોર અને મોહસીનખાન આ જુગારધામ ચલાવતા હતા અને કાદર મુજતભાઈ કુરેશી ત્યાં વ્યવસ્થા જાળવવાનું કામ કરતો હતો. પકડાયેલા આરોપીઓ પૈકી દિનેશજી ઠાકોર વિરુદ્ધ અગાઉ જુગાર અને પ્રોહિબિશનના 8 જેટલા ગુનાઓ નોંધાયેલા છે, જ્યારે અશોકજી ઠાકોર વિરુદ્ધ પણ 6 ગુનાઓ નોંધાયેલા હોવાનું સામે આવ્યું છે. આ અંગે સાંતેજ પોલીસ મથકમાં ગુનો નોંધવામાં આવ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮

## મુનીરે કહ્યું-ભારત સાથે યુદ્ધ સરળ નહોતું, અલ્લાહે બચાવ્યા : મેં પોતે અનુભવ્યું ઓપરેશન સિંદૂરમાં પાકિસ્તાન ખરાબ હાલતમાં હતું, ભારતે 11 પાકિસ્તાની એરબેઝ ઉડાવી દીધા હતા

ઈસ્લામાબાદ, તા.22

પાકિસ્તાની સેના પ્રમુખ આસિમ મુનીરે ભારત સાથે મે મહિનામાં થયેલા સૈન્ય સંઘર્ષમાં અલ્લાહની મદદ મળવાનો દાવો કર્યો. તેમણે કહ્યું કે અમે તેને અનુભવ્યું, જેના કારણે પરિસ્થિતિ સંપૂર્ણપણે બગડતી અટકી ગઈ.

મુનીરે આ નિવેદન 10 ડિસેમ્બરે ઈસ્લામાબાદમાં યોજાયેલી નેશનલ ઉલેમા કોન્ફરન્સમાં આપ્યું. તેમના ભાષણની વીડિયો ક્લિપ્સ રવિવારે સ્થાનિક ટીવી ચેનલો પર બતાવવામાં આવી.



ભારતે 7 મેના રોજ 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીર (PoK) માં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. આ કાર્યવાહી 22 એપ્રિલે કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં કરવામાં આવી હતી, જેમાં 26 નાગરિકો માર્યા ગયા હતા.

ત્યારબાદ બંને દેશો વચ્ચે ચાર દિવસ સુધી ભારે ગોળીબાર અને સૈન્ય અથડામણ થઈ, જે 10 મેના રોજ સમજૂતી બાદ અટક્યો. સંઘર્ષ દરમિયાન ભારતે પાકિસ્તાનના 11 એરબેઝ ઉડાવી દીધા હતા.

પોતાના ભાષણમાં મુનીરે ધાર્મિક બાબતો પર ભાર મૂકતા પાકિસ્તાનની સરખામણી 1400 વર્ષ પહેલાં પયગંબર મોહમ્મદ દ્વારા સ્થાપિત ઈસ્લામી રાજ્ય સાથે કરી. તેમણે કુરાનની આયતો વાંચી અને કહ્યું કે ઈસ્લામી દુનિયામાં પાકિસ્તાનને ખાસ દરજ્જો મળ્યો છે. મુનીરે કહ્યું કે દુનિયામાં 57 ઈસ્લામી દેશો છે, પરંતુ અલ્લાહે પાકિસ્તાનને હરમૈન શરીફૈન એટલે કે મક્કા અને મદીનાની હિફાજતનું સન્માન આપ્યું છે.

મુનીરે પાકિસ્તાનની પશ્ચિમી સરહદ પર સુરક્ષાની સ્થિતિ વિશે પણ વાત કરી અને અફઘાનિસ્તાનની તાલિબાન સરકારને કહ્યું કે તે પાકિસ્તાન અને તહરીક-એ-તાલિબાન પાકિસ્તાન (TTP) માંથી કોઈ એકને પસંદ કરે.

મુનીરનો આરોપ છે કે પાકિસ્તાનમાં ઘૂસણખોરી કરનારા TTPના આતંકવાદીઓમાં લગભગ 70% અફઘાન છે. તેમણે સવાલ કર્યો કે શું પાકિસ્તાની નાગરિકોના લોહી માટે અફઘાનિસ્તાન જવાબદાર નથી.

મુનીરે એમ પણ કહ્યું કે કોઈ પણ ઈસ્લામિક દેશમાં જેહાદની ઘોષણા કરવાનો અધિકાર ફક્ત તે દેશને જ હોય છે. સરકારની મંજુરી વિના કોઈ ફતવો જારી કરી શકતું નથી.

તેમણે એમ પણ દાવો કર્યો કે પાકિસ્તાનની મોટાભાગની આંતરિક સમસ્યાઓ માટે અફઘાનિસ્તાનથી આવેલા લોકો જવાબદાર છે.

આસિમ મુનીર પહેલા પણ ઘણી વખત કટ્ટરપંથી નિવેદનો આપી ચૂક્યા છે. તેમણે આ જ વર્ષે એપ્રિલમાં કહ્યું હતું કે પાકિસ્તાનનો પાયો કલમા (ઈસ્લામ ધર્મનો મૂળ મંત્ર) પર રાખવામાં આવ્યો છે. આપણે દરેક બાબતમાં હિન્દુઓથી અલગ છીએ. આપણો ધર્મ અલગ છે, આપણા રીતિ-રિવાજો અલગ છે. આપણી સંસ્કૃતિ અને વિચાર અલગ છે. આ જ ટુ-નેશન થિયરીનો પાયો હતો.

આપણા પૂર્વજોએ વિચાર્યું કે આપણે હિન્દુઓથી અલગ છીએ. આપણી વિચારસરણી, આપણી મહત્વાકાંક્ષાઓ અલગ છે. આ જ કારણથી આપણે બે દેશ છીએ, એક દેશ નથી. આ દેશ માટે આપણા પૂર્વજોએ બલિદાન આપ્યું છે. આપણે જાણીએ છીએ કે તેનું રક્ષણ કેવી રીતે કરવું.

જનરલ મુનીરે કહ્યું હતું કે- આજ સુધી માત્ર બે રિયાસતોનો પાયો કલમા પર પડ્યો. પહેલી રિયાસત-એ-તૈયબા, કારણ કે તૈયબાને આપણા નબી (મોહમ્મદ સાહેબ) એ નામ આપ્યું હતું. આજે તેને મદીના કહે છે. જ્યારે, બીજી રિયાસત 1300 વર્ષ પછી અલ્લાહે પાકિસ્તાન બનાવ્યું.

પાકિસ્તાન સરકારે 4 ડિસેમ્બરે આસિમ મુનીરને દેશના પ્રથમ ચીફ ઓફ ડિફેન્સ ફોર્સિસ (CDF) અને ચીફ ઓફ આર્મી સ્ટાફ (COAS) તરીકે નિયુક્ત કર્યા હતા. બંને પદો પર તેમનો કાર્યકાળ પાંચ વર્ષનો રહેશે.

મુનીર પાકિસ્તાનના પ્રથમ સૈન્ય અધિકારી છે જે એકસાથે CDF અને COAS બંને પદ સંભાળી રહ્યા છે. વડાપ્રધાન શાહબાઝ શરીફે નિમણૂકની ભલામણ કરતા રાષ્ટ્રપતિને સારાંશ મોકલ્યો હતો. મુનીરને આ જ વર્ષે ફિલ્ડ માર્શલના પદ પર પદોન્નત કરવામાં આવ્યા હતા.

પાકિસ્તાની સંસદે 12 નવેમ્બરે સેનાની તાકાત વધારતો 27મો બંધારણીય સુધારો પસાર કર્યો હતો. આ અંતર્ગત મુનીરને CDF બનાવવામાં આવ્યા. આ પદ મળતા જ તેમને પાકિસ્તાનના પરમાણુ હથિયારોની કમાન પણ મળી ગઈ, એટલે કે તેઓ દેશના સૌથી શક્તિશાળી વ્યક્તિ બની ગયા છે.

ખરેખર, 29 નવેમ્બર 2022 ના રોજ જનરલ આસિમ મુનીરને સેના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેમનો મૂળ કાર્યકાળ ત્રણ વર્ષનો હતો, એટલે કે 28 નવેમ્બર 2025ના રોજ પુર્ણ થઈ ગયો.

## બાંગ્લાદેશી ગૌતસ્કરોએ BSF જવાનનું અપહરણ કર્યું

### ગાઢ ધુમ્મસનો લાભ ઉઠાવીને લઈ ગયા, જવાન બેદ પ્રકાશ સુરક્ષિત, BGBને સોંપ્યો



ઢાકા, તા.22

ભારત-બાંગ્લાદેશ સરહદ પર શનિવારે વહેલી સવારે કેટલાક બાંગ્લાદેશી ગાય તસ્કરોએ એક BSF જવાનનું અપહરણ કરી લીધું. ગાય તસ્કરો ગાઢ ધુમ્મસનો ફાયદો ઉઠાવીને જવાનને સાથે લઈ ગયા.

જોકે, બાદમાં બદમાશોએ જવાનને બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ (BGB)ને સોંપી દીધો. બંને દેશો વચ્ચે વાતચીત બાદ જવાનને પાછો લાવવાની પ્રક્રિયા શરૂ કરી દેવામાં આવી છે.

આ ઘટના પશ્ચિમ બંગાળના કૂચબિહાર જિલ્લાના મેખલીગંજ વિસ્તારમાં ભારત-બાંગ્લાદેશ આંતરરાષ્ટ્રીય સરહદ પર શનિવારે સવારે લગભગ 4:45 વાગ્યે બની હતી. BSF સૂત્રો અનુસાર, જવાનનું નામ બેદ પ્રકાશ છે. તે BSFની 174મી બટાલિયનમાં તહેનાત છે અને અર્જુન કેમ્પ સાથે જોડાયેલા છે.

ડ્યુટી દરમિયાન જવાનોએ જોયું કે સરહદના એક ખાલી ભાગમાંથી પશુઓનું એક ટોળું ભારતીય ક્ષેત્રમાં ઘૂસી આવ્યું. તસ્કરોને ભગાડતી વખતે બેદ પ્રકાશ બાકીના જવાનોથી થોડા આગળ નીકળી ગયા.

આ દરમિયાન ગાઢ ધુમ્મસને કારણે તેઓ પોતાની ટુકડીથી અલગ પડી ગયા. તકનો લાભ ઉઠાવીને બાંગ્લાદેશી બદમાશો તેમને પશુઓ સાથે બાંગ્લાદેશ લઈ જઈને અપહરણ કરી ગયા.

ઘટનાની જાણ થતાં જ BSF સેક્ટર કમાન્ડરે BGBનો સંપર્ક કર્યો. બાંગ્લાદેશ તરફથી BSFને જણાવવામાં આવ્યું કે ભારતીય જવાન સુરક્ષિત છે અને હાલમાં બીઓપી આંગારપોટામાં હાજર છે.

BSF અધિકારીઓ અનુસાર, જવાનને સુરક્ષિત ભારત પાછા લાવવા માટે ફ્લેગ મીટિંગ અને રાજદ્વારી સ્તરે વાતચીત ચાલી રહી છે.

BD ન્યૂઝ 24 અનુસાર, BSF જવાનના અપહરણને બાંગ્લાદેશી મીડિયામાં અલગ રીતે રજૂ કરવામાં આવી રહ્યું છે.

BSF જવાન ભૂલથી બાંગ્લાદેશની સરહદમાં ઘૂસી ગયો. ત્યારબાદ બાંગ્લાદેશ બોર્ડર ગાર્ડ (BGB)એ તેને અટકાયતમાં લીધો.

રિપોર્ટ અનુસાર, જવાન બાંગ્લાદેશની સરહદમાં લગભગ 50 થી 100 મીટર અંદર ગયો હતો, જ્યાં નિયમિત પેટ્રોલિંગ કરી રહેલી BGB ટીમે તેને રોકી લીધો.

## બાંગ્લાદેશમાં હિંદુ રિક્ષાચાલક સાથે મારપીટ, કલાવો પહેર્યો હતો : 3 દિવસ પહેલા ટોળાએ ઈશનિંદાના ખોટા આરોપમાં હિંદુ યુવકની હત્યા કરી હતી....

ઢાકા, તા.22

બાંગ્લાદેશના પશ્ચિમી જિલ્લા ઝેનાઈદહમાં શુક્રવારે એક હિંદુ રિક્ષાચાલક સાથે ભીડે મારપીટ કરી. આરોપ છે કે તેના હાથમાં કલાવો જોઈને લોકોએ તેને નિશાન બનાવ્યો. પીડિતની ઓળખ ગોવિંદા બિસ્વાસ તરીકે થઈ છે. પ્રત્યક્ષદર્શીઓ મુજબ, ઘટનાસ્થળે એવી અફવા ફેલાઈ ગઈ કે તે ભારતની ગુપ્તચર એજન્સી રો (R&AW) સાથે સંકળાયેલો છે. આ પછી ભીડ ઝડપથી વધી અને તેને મારવાનું શરૂ કરી દીધું. જણાવવામાં આવી રહ્યું છે કે હુમલામાં કેટલાક સ્થાનિક મૌલવીઓ પણ સામેલ હતા.



ઘટના ઝેનાઈદહના મેટ્રોપોલિટન ઓફિસ પાસે બની. બાદમાં પોલીસ તેને કસ્ટડીમાં લઈને પોલીસ સ્ટેશન લઈ આવી. તેની રિક્ષા બાદમાં અલગ પોલીસ ટીમે શોધી કાઢી. ઝેનાઈદહ સદર પોલીસ સ્ટેશનના પ્રભારી એમડી શમસુલ અરેફિને જણાવ્યું કે ભીડ વચ્ચે ફસાયેલા હોવાને કારણે પીડિતને તરત જ હટાવવો જરૂરી હતો. અધિકારીઓ મુજબ, પીડિતની માતાના પોલીસ સ્ટેશન પહોંચ્યા પછી તેને સુરક્ષિત રીતે છોડી દેવામાં આવ્યો. બાંગ્લાદેશમાં ગુરુવારે મોડી રાત્રે હિંસક પ્રદર્શનકારીઓના હુમલામાં માર્યા ગયેલા હિન્દુ યુવકના કેસમાં મોટો ખુલાસો થયો છે. એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે મૃતક દીપુ ચંદ્ર દાસે ફેસબુક પર ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચાડતી ટિપ્પણી કરી હતી. પરંતુ હવે તપાસમાં આવી કોઈ ટિપ્પણીના પુરાવા મળ્યા નથી. બાંગ્લાદેશની રેપિડ એક્શન બટાલિયનના કંપની કમાન્ડર મોહમ્મદ શમ્સુઝ્ઝમાને બાંગ્લાદેશી અખબાર 'ધ ડેઈલી સ્ટાર'ને જણાવ્યું કે એવા કોઈ પુરાવા મળ્યા નથી જેનાથી કહી શકાય કે દાસે ફેસબુક પર કંઈક એવું લખ્યું હતું જેનાથી ધાર્મિક ભાવનાઓને ઠેસ પહોંચી શકે. હુમલામાં માર્યા ગયેલા 25 વર્ષીય દીપુ ચંદ્ર દાસ ઢાકા નજીક ભાલુકામાં એક કાપડ ફેક્ટરીમાં કામ કરતા હતા. આ જ ફેક્ટરીની બહાર તેમની હત્યા કરવામાં આવી હતી. શમસુઝ્ઝમાને જણાવ્યું કે સ્થાનિક લોકો અને કાપડ ફેક્ટરીમાં દાસ સાથે કામ કરનારાઓ પાસેથી પણ ઈશનિંદા કરવા સંબંધિત કોઈ માહિતી મળી નથી. તેમણે જણાવ્યું કે એવી કોઈ વ્યક્તિ મળી નથી જેણે દાવો કર્યો હોય કે તેણે પોતે ઈશનિંદા જેવું કંઈક સાંભળ્યું કે જોયું હોય જેનાથી ધર્મને ઠેસ પહોંચી હોય. બીબીસી બાંગ્લાના રિપોર્ટ અનુસાર, દાસના મૃતદેહને નગ્ન કરીને એક ઝાડ પર લટકાવીને આગ લગાડી દીધી હતી. સોશિયલ મીડિયા પર તેનો વીડિયો વાઈરલ થઈ રહ્યો છે જેમાં લોકો 'અલ્લાહ-હુ-અકબર'ના નારા લગાવતા જોવા મળી રહ્યા છે.

## હસીના બોલ્યા- બાંગ્લાદેશમાં ભારતના વિરોધ માટે યુનુસ જવાબદાર : તેમના સમર્થનથી કટ્ટરપંથીઓ હિંસા કરી રહ્યા છે, લઘુમતીઓ પર થઈ રહ્યા છે હુમલા

નવી દિલ્હી, તા.22

બાંગ્લાદેશના પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાએ દેશમાં વધી રહેલી ભારત વિરોધી ભાવના માટે વચગાળાની સરકારના વડા મોહમ્મદ યુનુસને જવાબદાર ઠેરવ્યા છે. ANI ન્યૂઝ એજન્સી સાથે વાત કરતા હસીનાએ ભારતને બાંગ્લાદેશનો સૌથી ભરોસાપાત્ર મિત્ર ગણાવ્યો.



તેમણે કહ્યું કે યુનુસ સરકારની નીતિઓથી બંને દેશોના સંબંધોમાં કડવાશ આવી છે. વચગાળાની સરકાર ભારત વિરુદ્ધ નિવેદનો આપી રહી છે અને લઘુમતીઓના રક્ષણમાં નિષ્ફળ રહી છે.

તેમણે એમ પણ કહ્યું કે ભારતીય રાજદ્વારીઓની સુરક્ષા અંગે જે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે, તે એકદમ સાચી છે. હસીનાના મતે, કેટલીક કટ્ટરપંથી તાકાતો ખુલ્લેઆમ હિંસા કરી રહી છે, જેમણે ભારતીય દૂતાવાસ, મીડિયાની ઓફિસો અને લઘુમતીઓ પર હુમલા કર્યા છે. યુનુસ સરકાર આવા લોકોને સંરક્ષણ આપી રહી છે અને એટલું જ નહીં, સજા પામેલા આતંકવાદીઓને પણ મુક્ત કરવામાં આવ્યા છે.

શેખ હસીનાએ કહ્યું કે તેમણે બાંગ્લાદેશ એટલા માટે છોડ્યું જેથી વધુ લોહીયાળ સંઘર્ષ ન થાય, નહીં કે તેમને કાયદાનો ડર હતો. તેમનું કહેવું છે કે આજે દેશમાં કાયદો અને વ્યવસ્થા સંપૂર્ણપણે કથળી ગઈ છે અને હિંસા સામાન્ય બાબત બની ગઈ છે.

તેમણે કટ્ટર ઈસ્લામી સંગઠનોના વધતા પ્રભાવ પર પણ ચિંતા વ્યક્ત કરી અને કહ્યું કે આ માત્ર બાંગ્લાદેશ જ નહીં પરંતુ સમગ્ર દક્ષિણ એશિયા માટે ખતરો છે. હસીનાએ આરોપ લગાવ્યો કે યુનુસ સરકાર બહારની દુનિયાને ઉદાર ચહેરો બતાવી રહી છે, પરંતુ દેશમાં કટ્ટરપંથીઓને તાકાત આપી રહી છે.

સિલીગુડી કોરિડોર (ચિકન નેક) ને લઈને આપવામાં આવી રહેલા નિવેદનો પર હસીનાએ કહ્યું કે પાડોશી દેશને ધમકાવવું બિનજવાબદાર છે અને આ બાંગ્લાદેશી જનતાની વિચારસરણી નથી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે લોકશાહી પાછી ફરતા જ આવા નિવેદનો સમાપ્ત થઈ જશે.

શેખ હસીનાએ કહ્યું કે જ્યારે બાંગ્લાદેશમાં ફરીથી ચૂંટાયેલી સરકાર આવશે, ત્યારે ભારત સાથેના સંબંધો પણ પહેલા જેવા મજબૂત અને મૈત્રીપૂર્ણ બની જશે. તેમણે ભારતને મળેલા સહયોગ અને મહેમાનગતિ માટે આભાર પણ વ્યક્ત કર્યો.

હસીનાએ જણાવ્યું કે તેઓ હમણાં પોતાના દેશ પાછા નહીં ફરે. તેમનું કહેવું છે કે વર્તમાન પરિસ્થિતિમાં તેમની વિરુદ્ધ જે કાર્યવાહી થઈ રહી છે, તે ન્યાય નહીં પરંતુ રાજકારણથી પ્રેરિત છે. તેમણે કહ્યું કે જ્યાં સુધી બાંગ્લાદેશમાં નવી સરકાર બનતી નથી અને અદાલતો સ્વતંત્ર થતી નથી, ત્યાં સુધી તેમનું પાછા ફરવું શક્ય નથી.

તેમણે કહ્યું કે તમે મારી પાસેથી એવી અપેક્ષા રાખી શકતા નથી કે હું મારી રાજકીય હત્યા માટે પાછી ફરું. તેમણે વચગાળાની સરકારના પ્રમુખ મોહમ્મદ યુનુસને પડકાર ફેંક્યો કે જો તેમને લાગે છે કે તેઓ સાચા છે, તો આ મામલાને આંતરરાષ્ટ્રીય અદાલત હેગમાં લઈ જાય. હસીનાને વિશ્વાસ છે કે કોઈ નિષ્પક્ષ અદાલત તેમને નિર્દોષ સાબિત કરશે.

શેખ હસીનાએ બાંગ્લાદેશના ઈન્ટરનેશનલ ક્રાઈમ્સ ટ્રિબ્યુનલના નિર્ણયને સંપૂર્ણપણે ફગાવી દીધો. તેમણે કહ્યું કે આ કોઈ ન્યાયિક પ્રક્રિયા નથી, પરંતુ તેમને બદનામ કરવાનું રાજકીય ષડયંત્ર છે.

તેમનો આરોપ છે કે તેમને પોતાની વાત રજૂ કરવાની તક આપવામાં આવી ન હતી અને ન તો પોતાની પસંદના વકીલ રાખવા દેવામાં આવ્યા હતા. તેમણે કહ્યું કે આ ટ્રિબ્યુનલનો ઉપયોગ અવામી લીગને ખતમ કરવા માટે કરવામાં આવી રહ્યો છે.

નોંધનીય છે કે નવેમ્બરમાં બાંગ્લાદેશની એક અદાલતે જુલાઈ-ઓગસ્ટ 2024ના આંદોલન દરમિયાન થયેલી હિંસા સંબંધિત કેસમાં શેખ હસીનાને 'માનવતા વિરુદ્ધના ગુના' માટે દોષિત ઠેરવ્યા હતા. સ્થાનિક મીડિયા અનુસાર, તેમને મૃત્યુદંડની સજા પણ સંભળાવવામાં આવી છે. આ કેસમાં પૂર્વ પોલીસ પ્રમુખ અને પૂર્વ ગૃહમંત્રીને પણ દોષિત ઠેરવવામાં આવ્યા છે.

આ બધા છતાં શેખ હસીનાએ કહ્યું કે તેમને હજુ પણ દેશના બંધારણ પર ભરોસો છે. તેમનું કહેવું છે કે જ્યારે લોકશાહી પાછી આવશે અને અદાલતો સ્વતંત્ર થશે, ત્યારે સાચો ન્યાય જરૂરથી મળશે.

હસીનાએ વર્તમાન વચગાળાની સરકાર પર પ્રહાર કરતા કહ્યું કે તેની કોઈ લોકતાંત્રિક કાયદેસરતા નથી, કારણ કે તેને જનતાએ ચૂંટી નથી. તેમણે કહ્યું કે દેશને અસ્થિરતા તરફ લઈ જવામાં આવી રહ્યો છે.

ફેબ્રુઆરીમાં યોજાનારી ચૂંટણીઓ પર પણ તેમણે સવાલ ઉઠાવ્યા અને કહ્યું કે અવામી લીગ પર પ્રતિબંધ મૂકીને ચૂંટણી કરાવવી યોગ્ય નથી. તેમણે કહ્યું કે અવામી લીગ વિનાની ચૂંટણી, ચૂંટણી નહીં પણ માત્ર તાજપોશી હશે.

## શું સરકાર ટ્રમ્પને બચાવવા માગે છે? : એપસ્ટીન કેસમાં હટાવાયેલા ફોટા ફરી જાહેર થયા, મેલાનિયા ટ્રમ્પ પણ તસવીરોમાં દેખાઈ.....

વોશિંગ્ટન, તા.22

અમેરિકાના જસ્ટિસ ડિપાર્ટમેન્ટ (DOJ)એ યૌન અપરાધી જેફ્રી એપસ્ટીન સાથે સંબંધિત દસ્તાવેજોમાં સામેલ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની તસવીર ફરીથી જાહેર કરી છે. આમાં મેલાનિયા ટ્રમ્પની પણ તસવીર છે. ડિપાર્ટમેન્ટે કહ્યું હતું કે આ તસવીરમાં એપસ્ટીન કેસના કોઈપણ પીડિતને દર્શાવવામાં આવ્યા નથી.

ન્યૂયોર્કના સરકારી વકીલોએ પહેલાં આ તસવીર પર વાંધો ઉઠાવ્યો હતો, કારણ કે એનાથી પીડિતોની ઓળખ જાહેર થવાનો ખતરો થઈ શકતો હતો, તેથી સાવચેતીના ભાગરૂપે આ તસવીર સહિત કુલ 16 ફાઈલોને ગઈકાલે વેબસાઈટ પરથી હટાવી દેવામાં આવી હતી. તપાસ બાદ આવો કોઈ ખતરો મળ્યો નથી, તેથી તસવીરને કોઈપણ ફેરફાર વગર ફરીથી જાહેર કરવામાં આવી છે.

આ પહેલાં CNNએ જણાવ્યું હતું કે એપસ્ટીન સાથે સંબંધિત દસ્તાવેજોમાંથી ઘણી ફાઈલો વેબસાઈટ પરથી હટાવી દેવામાં આવી હતી. આમાં ટ્રમ્પની આ તસવીર પણ સામેલ હતી. કેટલીક અન્ય ફાઈલોમાં વાંધાજનક તસવીરો અને નોટ્સ હતા.

તસવીર હટાવ્યા બાદ ડેમોક્રેટ નેતાઓએ આરોપ લગાવ્યા કે સરકાર ટ્રમ્પને બચાવવાનો પ્રયાસ કરી રહી છે, જોકે ડેપ્યુટી એટર્ની જનરલ ટોડ બ્લાન્શે સ્પષ્ટ કહ્યું કે તેનો ટ્રમ્પ સાથે કોઈ સંબંધ નથી. પીડિતોના અધિકારો સાથે સંકળાયેલાં જૂથોએ ફોટો હટાવવાનું કહ્યું હતું, જેથી યોગ્ય તપાસ થઈ શકે.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટે કહ્યું હતું કે તે સંપૂર્ણ પારદર્શિતા રાખે છે અને ફક્ત એ જ માહિતી હટાવે છે જે કાયદા મુજબ જરૂરી હોય. ડિપાર્ટમેન્ટને પીડિતો, સગીરો અને સંવેદનશીલ માહિતીની ઓળખ છુપાવવી પડે છે. DOJએ પણ સ્પષ્ટ કર્યું કે કોઈ મોટા કે રાજકીય વ્યક્તિને બચાવવા માટે કોઈ માહિતી હટાવવામાં આવશે નહીં.

DOJ પાસે કેટલાક એવા લોકોએ અપીલ દાખલ કરી છે, જેઓ પોતાને પીડિત ગણાવે છે અને કેટલીક માહિતી હટાવવાની માગ કરે છે. આવા કિસ્સાઓમાં કન્ટેન્ટને અસ્થાયી રૂપે હટાવીને તપાસ કરવામાં આવે છે અને જરૂર પડ્યે યોગ્ય ફેરફારો સાથે ફરીથી જારી કરવામાં આવે છે.



પીડિતોના વકીલ ગ્લોરિયા ઓલરેડે કહ્યું હતું કે કેટલાક દસ્તાવેજોમાં પીડિતોનાં નામ અને તસવીરો યોગ્ય રીતે છુપાવવામાં આવી નથી, જે ખોટું છે. આનાથી પીડિતોને ફરીથી દુ:ખ પહોંચ્યું છે.

એક પીડિતાએ એમ પણ કહ્યું હતું કે તેનું નામ સાર્વજનિક કરી દેવામાં આવ્યું, જ્યારે તેને પોતાની જ ફાઈલ જોવાની પરવાનગી આપવામાં આવી ન હતી. તેણે આને અન્યાય ગણાવ્યો.

આ સમગ્ર મામલાને લઈને ટ્રમ્પ પ્રશાસનની ટીકા થઈ રહી છે, કારણ કે સંસદે આદેશ આપ્યો હતો કે એપસ્ટીન સાથે સંકળાયેલા તમામ દસ્તાવેજો જાહેર કરવામાં આવે, પરંતુ સરકારે ફક્ત કેટલીક જ ફાઈલો જાહેર કરી છે. ડેમોક્રેટ નેતાઓનું કહેવું છે કે જે કાગળો જાહેર થયા છે એ અધૂરા છે.

આ મામલો હવે રાજકારણનો મુદ્દો બની ગયો છે. બંને પક્ષો એકબીજા પર આરોપ લગાવી રહ્યા છે. સરકારનું કહેવું છે કે કાયદા મુજબ કામ કરવામાં આવી રહ્યું છે અને જરૂર પડ્યે તસવીરો અને દસ્તાવેજોની ફરીથી તપાસ થતી રહેશે.

જસ્ટિસ ડિપાર્ટમેન્ટે જેફ્રી એપસ્ટીન સંબંધિત તપાસ હેઠળ શુક્રવારે રાત્રે અઢી વાગ્યે (ભારતીય સમય મુજબ) ત્રણ લાખ દસ્તાવેજો જાહેર કર્યા હતા.

આમાં અમેરિકાના પૂર્વ રાષ્ટ્રપતિ બિલ ક્લિન્ટન, પોપ સિંગર માઈકલ જેક્સન જેવા દિગ્ગજોની તસવીરો સામે આવી હતી, જોકે રેકોર્ડ્સમાં ડોનાલ્ડ ટ્રમ્પનું નામ લગભગ નહિવત્ જોવા મળ્યું. જ્યારે ફેબ્રુઆરીમાં જાહેર થયેલા એપસ્ટીનના ખાનગી જેટના ફ્લાઈટ લોગ્સમાં ટ્રમ્પનું નામ સામે આવી ચૂક્યું છે.

નવા દસ્તાવેજોમાં એપસ્ટીનના ન્યૂયોર્ક અને યુએસ વર્જિન આઈલેન્ડ્સવાળાં ઘરોની તસવીરો અને કેટલાક જાણીતા લોકોના ફોટા હતા, પરંતુ સૌથી જરૂરી કાગળો, જેમ કે પીડિતોના FBI ઈન્ટરવ્યૂ અને એ નિર્ણય, જેમાં એપસ્ટીનને મોટી સજા આપવામાં આવી ન હતી, તેને જાહેર કરવામાં આવ્યો નહોતો. આનાથી સવાલો ઊભા થઈ રહ્યા છે કે પહેલા તપાસ બરાબર કેમ ન થઈ અને એને હળવી સજા કેમ મળી. ડેમોક્રેટ નેતાઓએ ટ્રમ્પ સાથે જોડાયેલા ફોટા હટાવવા પર કહ્યું કે સરકાર કંઈક છુપાવી રહી છે અને સંપૂર્ણ સત્ય સામે લાવવાની માગ કરી.

બ્રિટનના પૂર્વ પ્રિન્સ એન્ડ્રયૂ જેવાં અન્ય મોટાં નામોનો પણ આ દસ્તાવેજોમાં બહુ ઓછો ઉલ્લેખ છે. વિપક્ષી સાંસદોએ અમેરિકી જનતા માટે સંપૂર્ણ પારદર્શિતાની માગ કરતા જસ્ટિસ ડિપાર્ટમેન્ટ પર કવર-અપના આરોપો લગાવ્યા.

આ નિવેદન પાછળથી ટ્રમ્પ માટે મુશ્કેલી બની ગયું. 1992માં ટ્રમ્પે ફ્લોરિડા સ્થિત પોતાના માર-એ-લાગો રિસોર્ટમાં એપસ્ટીન અને ચિયરલીડર્સ સાથે એક પાર્ટી કરી હતી. 2019માં NBCએ તેનો એક ફૂટેજ જાહેર કર્યો હતો. આમાં ટ્રમ્પ, એપસ્ટીનને એક મહિલા તરફ ઈશારો કરતા દેખાય છે અને ઝૂકીને કહે છે.

## બાંગ્લાદેશી હિન્દુઓએ કહ્યું-કલાવા પહેરવા પર વિદેશી એજન્ટ કહેવામાં આવે છે : હિન્દુ યુવાનની હત્યા સામે વિરોધ, એક વર્ષમાં 50 બિન-મુસ્લિમોની હત્યા

નવી દિલ્હી, તા.22

બાંગ્લાદેશમાં હિંદુ યુવક દીપુ ચંદ્ર દાસની હત્યાના વિરોધમાં ઢાકાના નેશનલ પ્રેસ ક્લબ સામે હિંદુ સંગઠનો અને લઘુમતી જૂથોએ વિરોધ પ્રદર્શન કર્યું.

લોકોએ એ પણ જણાવ્યું કે માત્ર ધાર્મિક ઓળખને કારણે લઘુમતીઓને પરેશાન કરવામાં આવી રહ્યા છે. હિન્દુઓને કલાવા પહેરવા પર શંકાની નજરથી જોવામાં આવી રહ્યા છે અને તેમને વિદેશી એજન્ટ પણ કહેવામાં આવી રહ્યા છે. આવા માહોલમાં લઘુમતીઓ ડરમાં જીવી રહ્યા છે.

પ્રદર્શનકારીઓએ કહ્યું કે બાંગ્લાદેશમાં સ્થિતિ સતત ખરાબ થઈ રહી છે. તેમનો દાવો છે કે આ વર્ષે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં 50થી વધુ બિન-મુસ્લિમોની હત્યા થઈ ચૂકી છે અને ઘણા લોકો પર ઈશનિંદાના ખોટા કેસ દાખલ કરવામાં આવ્યા છે.

તેમણે કહ્યું કે ડિસેમ્બર, જેને પાકિસ્તાન વિરુદ્ધ જીત અને ગર્વનો મહિનો માનવામાં આવે છે, તે જ મહિનામાં અત્યાર સુધીમાં 5 લઘુમતીઓના જીવ ગયા છે.

પ્રદર્શન કરી રહેલા લોકોએ કહ્યું કે દીપુ નિર્દોષ હતો. તેના પર ખોટો



આરોપ લગાવવામાં આવ્યો કે તેણે ઈશનિંદા કરી છે. આ પછી કટ્ટરપંથીઓએ તેને ખરાબ રીતે માર્યો, ઝાડ પર લટકાવી દીધો અને પછી જીવતો સળગાવી દીધો.

દીપુની હત્યા માત્ર એક વ્યક્તિની હત્યા નથી, પરંતુ સમગ્ર લઘુમતી સમુદાય માટે ડરનો સંદેશ છે. આ ઘટના સમગ્ર દેશમાં વધી રહેલી ધાર્મિક હિંસાનું સત્ય દર્શાવે છે. લોકોએ કહ્યું કે આટલી મોટી ઘટના છતાં ન તો સરકાર તરફથી કોઈ નક્કર નિવેદન આવ્યું અને ન તો કોઈ મોટા નેતાએ ખુલ્લેઆમ તેની નિંદા કરી. તેમણે આરોપ લગાવ્યો કે મીડિયાએ પણ આ મામલાને જેટલી જગ્યા મળવી જોઈતી હતી તેટલી આપી નથી.

વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સ્પષ્ટ કર્યું કે આ પ્રદર્શન ખૂબ જ નાનું અને શાંતિપૂર્ણ હતું. તેનાથી બાંગ્લાદેશ હાઈ કમિશનની સુરક્ષાને કોઈ ખતરો નહોતો. તેમણે કહ્યું કે આ ઘટનાને લઈને બાંગ્લાદેશના કેટલાક મીડિયા સંસ્થાનોમાં ભ્રામક પ્રચાર કરવામાં આવી રહ્યો છે. હકીકત એ છે કે પ્રદર્શનમાં ફક્ત 20 થી 25 યુવાનો સામેલ હતા.

બાંગ્લાદેશે ભારતના આ નિવેદનને નકારી કાઢતા કહ્યું છે કે સ્થિતિ આના કરતાં ઘણી ગંભીર હતી. ઢાકાએ કહ્યું કે આ ઘટનાને ભ્રામક પ્રચાર કહેવું યોગ્ય નથી.

બાંગ્લાદેશના વિદેશી બાબતોના સલાહકાર એમ. તૌહીદ હુસૈને કહ્યું કે ભારતે આ ઘટનાને જરૂરિયાત કરતાં વધુ હળવી બનાવીને રજૂ કરી છે. તેમણે સવાલ ઉઠાવ્યો કે 25-30 લોકોનું જૂથ આટલા સુરક્ષિત રાજદ્વારી ક્ષેત્ર સુધી કેવી રીતે પહોંચી ગયું. તેમનું કહેવું હતું કે સામાન્ય સંજોગોમાં આવું શક્ય ન હોવું જોઈતું હતું, જ્યાં સુધી તેમને ત્યાં સુધી પહોંચવાની મંજુરી ન આપવામાં આવી હોય.

તૌહીદ હુસૈને એમ પણ કહ્યું કે પ્રદર્શનમાં માત્ર હત્યાના વિરોધ સુધી જ સીમિત નારા લાગ્યા નહોતા, પરંતુ અન્ય નિવેદનો પણ આપવામાં આવ્યા હતા. તેમણે દાવો કર્યો કે બાંગ્લાદેશી મીડિયામાં છપાયેલા સમાચાર ભ્રામક નહોતા અને મોટાભાગે સાચા હતા.

## તંત્રી લેખ

# યુવતીઓ હિજાબ પહેરે, અખંડ બંગાળ, કેવી હતી ઉસ્માનની રાજનીતિ

'બાંગ્લાદેશમાં તખ્તાપલટ પહેલા સતત 2-5 વર્ષથી ખુલ્લેઆમ ભારત વિરોધનું રાજકારણ જોર પકડી રહ્યું હતું. આનાથી જ ઉસ્માન હાદી પ્રખ્યાત થયા. તેઓ મુઘલ કાળના અખંડ બાંગ્લાની વાત કરતા હતા. કહેતા હતા કે આપણે ફરીથી એવો દેશ બનાવીશું, તો ખુશહાલી આવશે. હાદીનો ઉછેર મદરેસામાં થયો હતો. આ પ્રકારની ટ્રેનિંગમાં ભારત વિશે સારા વિચારો રાખવાનું કોઈ કારણ બાકી રહેતું નથી.' બાંગ્લાદેશના પત્રકાર અમાનુર રહેમાન સ્ટુડન્ટ લીડર ઉસ્માન હાદીનું પોલિટિક્સ સમજાવતા આ વાત કહે છે. ઈન્કિલાબ મંચના લીડર 32 વર્ષીય શરીફ ઉસ્માન બિન હાદીની હત્યા બાદ બાંગ્લાદેશમાં હિંસા ફાટી નીકળી. હાદી સમર્થકો હત્યા પાછળ ભારતનો હાથ ગણાવી રહ્યા છે. તેનું કારણ એ છે કે તેઓ ભારત વિરુદ્ધ બોલતા હતા. જોકે, અમાનુર આનો બીજો પક્ષ પણ જણાવે છે. તેઓ કહે છે, 'હાદી પૂર્વ વડાપ્રધાન શેખ હસીના, સ્ટુડન્ટ્સની પાર્ટી NCP, દરેક નેતા-મંત્રી વિશે બોલતા હતા. આ જ કારણ છે કે હાદીનું પોલિટિક્સ તેમને ક્યારેય પસંદ ન આવ્યું.' બાંગ્લાદેશની હાલની સ્થિતિ, ઉસ્માન હાદીના પોલિટિક્સ પર તેમના મિત્રો અને જર્નાલિસ્ટ સાથે વાત કરી. તેમને પૂછ્યું કે હાદી બાંગ્લાદેશના રાજકારણનો મોટો ચહેરો કેવી રીતે બન્યા. 1994માં ઝાલોકાઠી જિલ્લાના મુસ્લિમ પરિવારમાં જન્મેલા ઉસ્માન હાદીનો પ્રારંભિક અભ્યાસ મદરેસામાં થયો હતો. ઢાકા યુનિવર્સિટીમાંથી તેમણે પોલિટિકલ સાયન્સનો અભ્યાસ કર્યો. આગળ જઈને તેઓ યુનિવર્સિટીમાં ભણાવવા લાગ્યા. કટ્ટર ઈસ્લામિક રાજકારણને કારણે તેઓ વિદ્યાર્થીઓમાં લોકપ્રિય થઈ ગયા. તેમના મિત્રો જણાવે છે કે યુનિવર્સિટીમાં અભ્યાસ દરમિયાન જ ઉસ્માન હાદીનો કટ્ટર ઈસ્લામ પ્રત્યે ઝુકાવ દેખાવા લાગ્યો હતો. યુનિવર્સિટીમાં છોકરાઓ પસંદગીના કપડાં પહેરીને આવતા હતા. છોકરીઓ સાડી અને સલવાર કમીઝ અથવા ટ્રેન્ડિંગ ફેશનવાળા વેસ્ટર્ન કપડાં પહેરીને આવતી હતી. બીજી તરફ, હાદી મદરેસાના વિદ્યાર્થીની જેમ ટોપી અને પાયજામો પહેરીને આવતો હતો. મોહમ્મદ મહીન સરકાર ઉસ્માન હાદીના જુનિયર હતા અને તેમને મોટા ભાઈ માને છે. તેઓ કહે છે, 'હાદી ભાઈ અને હું એક જ ડિપાર્ટમેન્ટમાં હતા. તેઓ છોકરીઓના હિજાબ પહેરવાની પરંપરાની હિમાયત કરતા હતા. બાંગ્લાદેશના સેક્યુલર પોલિટિક્સ વચ્ચે પોતાની જાતને ઈસ્લામિક અધિકારોની લડાઈ લડનારા તરીકે રજૂ કરતા હતા. આનાથી તેમને ઝડપથી ખ્યાતિ મળી.' 'પૂર્વ વડાપ્રધાન શેખ હસીનાના સમયમાં શરૂ થયેલા છાત્ર આંદોલનમાં ઉસ્માન હાદી મોટો ચહેરો હતા. યુનિવર્સિટીમાં જાણીતું નામ, સેક્યુલર પોલિટિક્સના વિરોધી અને શેખ હસીનાના કટ્ટર વિરોધી હોવાને કારણે તેમને ખ્યાતિ મળી ગઈ.' બાંગ્લાદેશમાં ફેબ્રુઆરી 2026માં ચૂંટણી છે. હાદી ઢાકા-8 બેઠક પરથી અપક્ષ ચૂંટણી લડવાના હતા. દિલ્હીમાં જેટલી મહત્વની નવી દિલ્હી બેઠક છે, એટલી જ બાંગ્લાદેશમાં ઢાકા-8 બેઠક મહત્વની છે.

# બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય, કે જેનો અર્થ "વાતુલ "થાય છે.



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

હે ઈશ્વર.
આપના શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. અન્ય પ્રજાની સરખામણીમાં ગુજરાતની પ્રજા ઉત્સાહી ખરી! એટલે કે એને જીવનમાં કંઈક કારણ જોઈએ પછી તે ધાર્મિક હોય, સામાજિક હોય, કે રાજકીય હોય, એ એને ઉત્સાહથી જ ઉજવે! ટૂંકમાં જીવન જીવવા માટે છે એવો એક મર્મ એના જીવનમાં જોવા મળે. અન્ય રાજ્યોની પ્રજા કર્મપ્રધાન, અને ધર્મ પ્રધાન ભૂમિકામાં જીવે. જ્યારે ગુજરાત એ રીતે રંગીલુ કહી શકાય, કે જે થવાનું હોય એ સમયે થઈને જ રહેશે! એવી પણ એક વિચારધારા ગુજરાતીઓની ખરી. બાપુ કોઈ નો શેર કહે છે એમ, 'મરના લગા રહેગા, અબ જી તો લીજીયે! જોકે આવું વિચારવું એ કંઈ ખોટી વાત નથી, પરંતુ અધિકતમ ભોગ અને પોતાના પ્રત્યેનો લગાવ કે મમતા એ એને અનાચરણ પણ કરાવી જાય! ત્યારે નિષ્ઠા ડગમગી જાય, નીતિ ચૂકાઈ જાય! બસ આ વાતનો ખ્યાલ રાખવામાં આવે તો બહુ વાંધો ન આવે. પરંતુ મોટેભાગે જીવનનાં અંત સમયે જ અમુક પ્રકારના જ્ઞાન થતાં હોય છે, જે પછી કંઈ કામનું નથી હોતું હા હરિનામ જપીએ તો મરણ સુધરી જાય, પણ જીવન તો નકામું જ ગયું એ અફસોસ લઈને જવું પડે છે.

હમણાં જ આપણે વાત કરી હતી કે ભક્તિ પરાકાષ્ઠા એ પહોંચે તો એ જ્ઞાન તરફ દોરી જાય છે, અને જ્ઞાન પણ પરિપક્વ થતા ભક્તિ તરફ દોરી જાય છે. ટૂંકમાં જ્ઞાન અને ભક્તિ એ બંને રીતે ઈશ્વર તત્વની પ્રાપ્તિ થાય છે, અને અંતે તો બંને છેડા એક જ ચરણોમાં મળે છે! પરંતુ આપણને ખબર હોવી જોઈએ કે આપણી ઉપાસના ભક્તિ સંગત છે કે જ્ઞાનસંગત! આપણે ત્યાં વિવિધ રીતે સાધકોને અધ્યાત્મ પ્રેરિત કરાતા હોય છે.પરંતુ સાંપ્રત સમયમાં જુદી જુદી કેટલીય પ્રકારની માનસિકતા ધરાવતા સમાજ હોય છે, અને એ દરેકને સમજાવી શકાય એ માટે આપણે ક્યારેક દ્રષ્ટાંતનો ઉપયોગ કરીએ છીએ, તો એવી જ એક પરંપરા બાઉલની પણ રહી.

મૂળમાં આ બાઉલ સંપ્રદાય એટલે બંગાળમાં પ્રચલિત એક ભિક્ષુ સંપ્રદાય. આ સંપ્રદાયનાં અનુયાયી સાધકો બંગાળનાં ગામોમાંગીત ગાઈને જીવન ગાળનારા હિંદુ તથા મુસલમાન બંને પ્રકારના હોય છે. તેઓ કાપડના ટુકડાઓ સાંધીને શરીરને ઢાંકે છે, બંગાળી ભાષા બોલે છે અને બંગાળી ભાષામાં રચેલાં દિવ્ય પ્રેમનાં ગીતો ગાય છે. હકીકતમાં 'બાઉલ' શબ્દ 'વાતુલ' પરથી આવ્યાની એક માન્યતા છે. 'વાતુલ'નો અર્થ પાગલ અથવા અમુક પ્રકારનું રટણ એટલે કે 'વાતોડિયો' પણ કરવામાં આવે છે. તેઓ જીવન વ્યવહારને ગણકારતા નથી, અને પાગલની જેમ, અલગારીની રીતે જીવે છે. બીજી માન્યતા 'બાઉલ'ના મૂળમાં વ્યાકુળ શબ્દ હોવાની છે. તેઓ 'મનેર માનુષ' એટલે માનવદેહ અને મનમાં વધુ આસ્થા રાખી તેને આદર્શ બનાવવા વ્યાકુળ હોય છે. તેઓ વાળ વધારે છે, અને ઝોળી, લાકડી, અને તુંબીપાત્ર લઈ ફરે છે. બાઉલ સંપ્રદાયના અનુયાયીઓ સમાજના નીચલા ગણાતા સ્તરમાં જન્મેલા અને નિરક્ષર હોય છે. હિંદુ બાઉલો



ચૈતન્યના વૈષ્ણવ સંપ્રદાયના અને પ્રેમલક્ષણા ભક્તિ ધરાવનારા હોય છે; જ્યારે મુસલમાન બાઉલો સૂફી પંથને અનુસરનારા હોય છે. હિંદુ બાઉલ, હિંદુ જેવો અને મુસલમાન બાઉલ મુસલમાન જેવો પોશાક પહેરે છે.

એકવાર એક સાધક એનાથી ઉચ્ચ કક્ષાએ પહોંચેલા બાઉલ સાધુ સંત પાસે જાય છે, અને ઈશ્વર વિશે કે બ્રહ્મજ્ઞાન વિશે જાણવાની ઈન્તઝારી બતાવે છે. બાઉલ સાધુ એની માનસિકતા પારખી જાય છે, અને હજી પરિપક્વતામાં ઉણપ છે! એવું દેખાતા એને કોબીજ ના ઢગલા પાસે લઈ જાય છે અને કહે છે' કો બીજ' એટલે કે આમાંથી બીજ કાઢીને બતાવ! આમ કહી પેલાં બાઉલ સાધુ ચાલ્યાં જાય છે! પેલો બાઉલ સાધક એક પછી એક કોબીજના પાંદડા કાઢતો જાય છે! પરંતુ એમાંથી બીજ નીકળતું નથી! એક ઢગલો પૂરો થયો અને આમને આમ ત્રણ માસ સુધી એ બાઉલ સાધકે કોબીજ ના પાન કાઢ્યા ત્યારે તેને સમજાયું કે સાધુ મહાત્મા એમ કહેતા હતા કે કો બીજ? એટલે કે તારું બીજ ક્યાં છે?અને તત્વતઃ પ્રશ્ન સમજાઈ જતાં એ કો બીજ! કો બીજ! એમ કરી નાચવા લાગ્યાં!

મનુષ્યનું બીજ એટલે કે પ્રાણ એ આત્મા છે! અને તારો આત્મા તારા શરીરથી મુક્ત છે! કે શરીર સાથે એટલે કે ભોગ સાથે ઓતપ્રોત થઈ ગયેલો છે? આવો એક સીધો સાદો સવાલ સાધુ મહાત્માનો હતો. પરંતુ એને સમજતા એ સાધકને ત્રણ માસ થયાં! એ બાઉલ સાધુ તો એટલી ઊંચાઈએ પહોંચેલા હતાં. પરંતુ આપણે સ્થૂળ ભૂમિકાએ આ ઘટનાને જોઈએ તો સંસારમાં ઘટતી દરેક ઘટનાઓમાં કોઈ એવું તથ્ય હોતું નથી, છતાં આપણે એની આળપંપાળ માં પડ્યા રહીએ છીએ, અને કોબીજના પાંદડા કાઢવા એટલે કે એનું ખોટે ખોટું વિશ્લેષણ કરી સમયની બરબાદી કરતા હોઈએ છીએ. આ એક સર્વ સામાન્ય સર્વેક્ષણ છે, અને દરેક માનવીની ઓછેવત્તે અંશે આવી જ માનસિકતા છે. એટલે જ આપણે ત્યાં કહેવત પણ છે કે મરેલા મડદાં શું કામ ઉખાડવા!; આપણી ભૂલ ત્યાં થાય છે કે, આપણે પ્રાણ તત્વ એવા આત્માને બીજ માનવાની બદલે, મનને બીજ માની લઈએ છીએ, અને મન કહે એમ કરવામાં આત્મ સંદેશ કે આત્મવાણી સંભળાતી નથી, અને જીવન પતનની તરફ ક્યારે જતું રહે છે એનો ખ્યાલ રહેતો નથી. આ ઉપરાંત મનની એક ખાસિયત એ છે કે એની જેટલી આળપંપાળ કરીએ એમ એ વધુને વધુ ચંચળ બને છે, અને વારંવાર જુદી જુદી ઈચ્છાઓ વ્યક્ત કરે છે! એક પૂરી થઈ ત્યાં બીજી આમ આ ઈચ્છાઓ પૂરી કરવાના ચક્રવ્યુમાં બીજું કંઈ વિચારી શકાતું નથી!

આપણે તો એ સંપ્રદાય વિશે બહુ જાણતા નથી,પણ કહેવાય છે કે આવી કેટલીય બાઉલ કથાઓ છે. ટૂંકમાં ગીત ગાઇને પરમાત્મ તત્વની પ્રાપ્તિ કે અનૂભૂતિ કરવી! તો નરસિંહ અને મીરા એ બંને પણ પ્રેમ લક્ષણા ભક્તિથી ઈશ્વરત્વને પ્રાપ્ત કર્યું હતું. પુકારમાં પરમાત્માને પોતાની તરફ જોવા માટે મજબૂર કરવાની તાકાત રહેલી છે, અને એટલે જ આપણે ત્યાં પ્રાર્થનાનો પ્રકલ્પ પણ છે. વિકટ પરિસ્થિતિમાં અંતર મનથી આદ્ર ભાવે ઈશ્વરને પોકારવામાં આવે તો, એ કોઈને કોઈ રૂપે આવી જરૂર મદદ કરતો હોય છે. ચાહે બુદ્ધ ને સ્મરીએ, નરસિંહને ગાઈએ, કે બાઉલ સંપ્રદાયના તથ્યને યાદ રાખીએ! પણ મૂળમાં આપણું બીજ આત્મા છે! અને એને પોષણ આપવાથી જ આપણો ઉદ્ધાર છે! એ વાત સૌ પોતાની ગાંઠે બાંધીને જીવન જીવે તો જીવન પ્રમાણમાં સમતાથી જીવાય. સાંપ્રત સમયમાં માનવીય માનસિકતાનું પતન એટલી હદે વધી ગયું છે, કે કોઈને કોઈ રીતે વળી પાછા આપણી સંસ્કૃતિ તરફ પાછા ફરાતું હોય, તો એ બોધ લઇ લેવો, એમાં જ આપણું અને આપણા સમાજનું હીત સમાયેલું છે. ગઈકાલે ગીતા જયંતી હતી, અને ભગવાન યોગેશ્વર એ પોતાના મુખે માનવીએ કઈ રીતે જીવવું જોઈએ એનું 700 શ્લોકમાં ખુબ સુંદર રીતે વિવેચન કરેલું છે! તો આપણે પણ ગીતાનો બોધ ગ્રહણ કરી જીવનને નવેસરથી સ્થાપિત કરી, અર્જુન જેમ ધર્મ સ્થાપના માટે કટિબદ્ધ થઇ શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

# અમદાવાદ મંડળના આમ્બલી રોડ સ્ટેશન પર "રેલ કોચ રેસ્ટોરન્ટ" બનાવવામાં આવી રહી છે





**અમદાવાદ, તા. 22**

પશ્ચિમ રેલવેના અમદાવાદ ડિવિઝનના આંબલી રોડ રેલવે સ્ટેશન પર આધુનિક 'રેલ કોચ રેસ્ટોરન્ટ'નું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. આ અનોખી પહેલ હેઠળ પરિવર્તિત રેલ કોચમાં રેસ્ટોરન્ટ વિકસાવવામાં આવી રહી છે, જ્યાં બેસીને લોકો મુસાફરી કર્યા વિના જ ચાલતી ટ્રેનમાં હોવાનો અનુભવ મેળવી શકશે અને સ્વાદિષ્ટ ભોજનનો આનંદ માણી શકશે. આંબલી રોડ સ્ટેશન પરનો રેલ કોચ રેસ્ટોરન્ટ અમદાવાદ વિસ્તાર ની પ્રથમ રેસ્ટોરન્ટ હશે.પશ્ચિમ રેલવેમાં બાંદ્રા ટર્મિનસ, અંધેરી, બોરીવલી, રતલામ અને રાજકોટમાં રેલ કોચ રેસ્ટોરન્ટ સ્થાપિત કરવામાં આવ્યા છે

આ રેલ કોચ રેસ્ટોરન્ટમાં 24 કલાક સેવા ઉપલબ્ધ રહેશે, જેથી મુસાફરો ની સાથે-સાથે સ્થાનિક નાગરિકોને પણ દિવસ-રાત ભોજનની સુવિધા મળશે. અમદાવાદની જનતા અહીં પરિવાર અને મિત્રો સાથે બેસીને વિવિધ વાનગીઓનો સ્વાદ માણી શકશે અને આકર્ષક રેલ-થીમ વાતાવરણમાં સેલ્ફી અને યાદગાર પળોનો આનંદ લઈ શકશે. આ રેસ્ટોરન્ટમાં ઈનડોર અને આઉટડોર ડાઈનિંગ બંને વિકલ્પો હશે. આ સાથે પૂરતી પાર્કિંગ, પાર્સલ/ટેક-અવે સુવિધા અને બાળકો માટે રમવાની વ્યવસ્થા (ફન ઝોન) પણ ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી આ સ્થળ પરિવાર-અનુકૂળ બની શકે. આ રેસ્ટોરન્ટ હરિયાળીથી યુક્ત આનંદદાયક વાતાવરણ પૂરું પાડશે અને તમામ સુરક્ષા માનકોનું ધ્યાન રાખીને બનાવવામાં આવી રહી છે.

આંબલી રોડ ઉપરાંત, મહેસાણા, સાબરમતી, ભુજ અને ગાંધીધામ રેલવે સ્ટેશનોના સર્ક્યુલેટિંગ એરિયામાં પણ 'રેલ કોચ રેસ્ટોરન્ટ' વિકસાવવાની યોજના છે.

ભારતીય રેલવેના અભિનવ દૃષ્ટિકોણ હેઠળ આ સુધારેલા કોચમાં આધુનિક ડિઝાઈન, સંલગ્ન રસોડાં (Attached Kitchens) અને મલ્ટી-ક્યુઝિન મેનૂની સુવિધા હશે, જેથી વિવિધ સ્વાદની પસંદગીઓને પૂર્ણ કરી શકાય. સાથે સમગ્ર અનુભવને વધુ સારો બનાવવા માટે પર્યાવરણ-અનુકૂળ અને આકર્ષક વાતાવરણની ખાતરી આપવામાં આવશે.

# સારા માણસોને ક્યારેય વખાણની જરૂર પડતી નથી, કેમ કે સાચા ફૂલો પર ક્યારેય અત્તર છાંટવાની જરૂર પડતી નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

બાર વરસના બાળકને મોબાઈલ નહીં મળતાં આત્મહત્યા કરી આવા સમાચાર દુઃખ સાથે ગુસ્સો આવે કે આ શું થવા બેઠું છે.નાના નવજાત બાળકોનું રમકડું જ મોબાઈલ બનાવીને આપણે ગૌરવ અનુભવીએ છીએ કે ખરેખર આ ખરાબ બાબત છે આજે આલ્બર્ટ આઈન્સ્ટાઈનના શબ્દો ચોક્કસ યાદ આવે 'તમે તમારા બાળકોને બુદ્ધિશાળી બનાવવા માંગતા હો તો એમને પરીકથાઓ વાંચી સંભળાવો. જો તમે એમને વધુ હો, બુદ્ધિશાળી બને તો એમને વધુ પરીકથાઓ વાંચી સંભળાવો !' દાદા-દાદી નાના-નાની જે હૂંફથી સંસ્કારિતા આવે તેવી વાર્તા કહેતા એ બધું જુનવાણી શરમ જનક બન્યું છે તે આ નવી પેઢીને ક્યાં લઈ જશે જરા વિચારો અને આપણા ઘર પરિવારથી જ શરૂઆત કરો કે મોબાઈલ જીવનમાં દરેક સમયે જરૂરી નથી.કુદરતને માણસની શક્તિમાં શ્રધ્ધા છે.એટલે સિદ્ધિ ઓ એણે હવા-પાણીની જેમ સુલભ નથી બનાવી. જેમ વસ્તુ મૂલ્યવાન તેમ તેની પ્રાપ્તિ માટેની કુદરતની શરત પણ તેટલી જ આકરી.પરિશ્રમ દ્વારા જ કુદરતની બંધ મુઠ્ઠીને ખોલવાની યોગ્યતા પ્રાપ્ત કરી શકાય.

જેઓ પરાજયથી હતાશ બન્યા વગર સતત પરિશ્રમશીલ રહે છે તેઓ વિપરિત પરિસ્થિતિઓના ઝંઝાવાતને શમાવીને વિજયનો વાવટો ફરકાવી શકે છે. જેઓનું મન ચંચળ હોય છે તેઓ પોતાના પરિશ્રમને ફળવામાં થતો વિલંબ સહી શકતા નથી.પરિણામેપ્રયત્ન પ્રત્યે અશ્રધ્ધાળુ બની હાથમાં લીધેલા કામને અધવચ્ચે છોડી દે છે.ઉપર ચોટિયા પ્રયત્નોનું પરિણામ હંમેશા છીછરું જઆવે ફતેહ અથવા સિધ્ધિ માટે ખૂંપી જવા ઉપરાંત ખપી જવાની પણ તૈયારી રાખવી પડે. તમે શિથિલ બનો,પ્રમાદી બનો,કામચોર બનો, આપત્તિઓથી ગભરાઈનેપલાયન વાદી બનો તો વિજયશ્રી તમને દૂરથીજ સલામ કરવાની પરિશ્રમ ના પ્રસ્વેદથી મહેકતું જીવન જ સિધ્ધિના પવિત્ર પ્રાંગણમાં પ્રવેશ વાને લાયક બને છે. સિધ્ધિ માટે કેવળ ઉચ્ચપ્રેરણા ઓથી કામ સરતું નથી.ઉચ્ચ પ્રેરણાઓ સાથે સનિષ્ઠ પ્રયત્ન ભળે તો જ એનાં સુફળ પ્રાપ્ત થાય. સફળતાના હીરાને રસ્તે રઝળતા રહેવાની આદત નથી. ધૈર્યએ સફળતાના સ્ટેશનનું પ્રતીક્ષાલય છે.આજના યુગમાં માણસ'શોર્ટકટ'નો મુસાફર બની ગયો છે.એને બધુંજજોઈએ છે,પણ ઉતાવળે,સાધના કર્યા વગર,પરસેવે ન્હાયા વગર.એ માટેએ મૂલ્યોનું બલિદાન આપવા માં પણ ખચકાટ અનુભવતો નથી

સિધ્ધિ મેળવવામાં પણ ખોટાને જીતી જતા જોઈને સાચાએ ગભરાવાની જરૂર નથી. ખરેખર તો આ જગતમાં ખોટાઓની સફળતાનું કારણ સાચાઓની, નિષ્ક્રિયતા અને સાચાપણા પ્રત્યે ઘટતી જતી શ્રધ્ધા છે.એટલે ચંચળ મનોવૃત્તિના શિકાર બની પરિશ્રમમાં શ્રધ્ધા ખોઈ બેસવાની જરૂર નથી. આજે પણ પરસેવે નહાનાર માટે સિધ્ધિની તકો ઊજળી છે. શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં આગળ જોઈએ તો




સુમંતજીના વિદાય થયા પછી રામે ગુહક રાજાને કહ્યું કે,વડનું દૂધ મંગાવો. વડનું દૂધ મંગાવ્યું. રામજીના વાળ સુંદર હતા.તે દૂધથી વાળની જટા બનાવી. રઘુનાથજી તપસ્વી થયા. બધા ગંગાકિનારે આવ્યાં. સામા કિનારે જવાનું હતું. ત્યાં એક કેવટ હતો. લક્ષ્મણજી તેને પૂછે છે કે, અમને સામે પાર લઈ જઈશ? કેવટ નાવડીમાંથી જ કહે છે કે, હું તમારો મર્મ જાણું છું. લક્ષ્મણ પૂછે છે,ભાઈ,તું શું મર્મ જાણે છે?કેવટ ઉત્તર આપે છે,રામજીનાંચરણમાં એવી શક્તિછે કે,તેમની ચરણ રજના સ્પર્શથી ઋષિપત્ની પથ્થર બની જાય છે, ત્યારે મારી નાવડી તો લાકડાની છે. રામજીનાં ચરણના સ્પર્શથી મારી નાવ જો ઋષિ પત્ની બની જાય તો હું મારા કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરું!તમને મારી નાવડીમાં બેસવાની જરૂર હોય તો મને રામ જીનાં ચરણ પખાળવા દો.હું મારા હાથે રામજીનાં ચરણ પખાળું,તે પછી જ હું તમને નાવ માં બેસવા દઉં!

કેવટનાં પ્રેમભર્યાં વચનો સાંભળી રઘુનાથજી પ્રસન્ન થયા. કેવટ લાકડાની કથરોટ લઈ આવ્યો. રામજી મનોમન વિચારે છે કે, ચરણોના માલિક તો બે તરફ ઊભા છે. આ ત્રીજો જાગ્યો. રામજીનો નિર્ણય હતો કે, વામ ચરણની સેવા સીતાજી કરશે, દક્ષિણ ચરણની સેવા લક્ષ્મણજી કરશે. પણ આ કેવટ તો બંને ચરણોની સેવા માગે છે. કેવટ ગંગાજળ લઈ ધીરે ધીરે ચરણ પખાળે છે,ખરો ભાગ્યશાળી!આ કેવટ પૂર્વજન્મમાં ક્ષીરસમુદ્રમાં કાચબો હતો.તને નારાયણની ચરણસેવા કરવી હતી પણ લક્ષ્મી જીએ ના પાડી.શેષે ના પાડી. આજે લક્ષ્મીજી સીતા થયાં છે અને શેષજી લક્ષ્મણ થયા છે. કેવટ મનમાં કહે છે કે, તે વખતે તમે બંને ચરણસેવા કરવા દેતાં ન હતાં. આજે તમે બંને ઊભા છો અને હું સેવા કરું છું.કેવટ રામ-લક્ષ્મણને ગંગાજીના કિનારે ઊતારે છે. કેવટ સાષ્ટાંગ પ્રણામ કરે છે. રામજીને ઈચ્છા થઈ કે, કેવટને કાંઈક આપું.પણ શુંઆપું? મારી પાસે તો કાંઈ નથી. સીતાજી સમજી ગયાં. માતાજીએ અંગૂઠી ઉતારી રામજીને આપી. રઘુનાથજી અંગૂઠી કેવટનેઆપવા જાય છે. લે ભાઈ,આ તને મજૂરી તરીકે નહીં, સેવા તરીકે આપું છું. કેવટ બોલ્યો, લેવાનો આ દિવસ નથી. ચૌદ વર્ષનો વનવાસ પૂરો થાય, મારા રામજી ગાદી ઉપર બેસે, ત્યારે આપજો! ખુશીથી લઈશ. કેવટ અંગૂઠી લેતો નથી,તે જોઈ લક્ષ્મણજીએ ફરી આગ્રહ કર્યો ત્યારે કેવટે જવાબ આપ્યો કે, અમે બે જાતભાઈ છીએ. તેથી જાતભાઈની ઉતરાઈ ન લેવાય. ધંધાનો એવો નિયમ છે. લક્ષ્મણજીએ ગુસ્સે થઈ કહ્યું, તારી અને અમારી જાત એક છે? તું શું બકે છે? કેવટ કહે છે, તમારી મારી જાત એક નહીં પણ મારી અને રામજીની જાત એક છે. હું ગંગાજીનો કેવટ છું અને રામજી સંસારસાગરના કેવટ છે! હું લોકોને ગંગાપાર ઉતારું છું. રામજી જીવને સંસારસાગરની પાર ઉતારે છે.મેં આજે તમને ગંગાપાર ઉતાર્યા,હવે મારો વખત આવે ત્યારે તમે મને આ સંસાર સાગરની પાર ઉતારજો એટલું માગું છું. ચૌદ વરસનો વનવાસ પૂરો કરીને રામજી અયોધ્યા આવે છે ત્યારે પણ કેવટના ઉપકારને એ ભૂલ્યા નથી. રાજસભામાં જ્યારે એ કેવટને જોતા નથી ત્યારે એને યાદ કરી પ્રભુ સૌથી પહેલો પ્રસાદ એને મોકલે છે, ત્યાંથી રામજી આગળ ચાલ્યા.સીતાજી બહુ વિવેકથી ચાલે છે. આગળ રામ,પાછળ સીતા અને સીતાજી ની પાછળ લક્ષ્મણ.રામ-લક્ષ્મણ ની વચમાં સીતા કેવાં શોભે છે!તુલસીદાસજી કહે છેકે, જાણે બ્રહ્મ અને જીવની વચમાં માયા. શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકી અસ્તુ. અને શેષજી લક્ષ્મણ થયા છે. કેવટ મનમાં કહે છે કે, તે વખતે તમે બંને ચરણસેવા કરવા દેતાં ન હતાં. આજે તમે બંને ઊભા છો અને હું સેવા કરું છું.કેવટ રામ- લક્ષ્મણને ગંગાજીના કિનારે ઊતારે છે. કેવટ સાષ્ટાંગ પ્રણામ કરે છે.

રામજીને ઈચ્છા થઈ કે, કેવટને કાંઈક આપું.પણ શુંઆપું? મારી પાસે તો કાંઈ નથી. સીતાજી સમજી ગયાં. માતાજીએ અંગૂઠી ઉતારી રામજીને આપી. રઘુનાથજી અંગૂઠી કેવટનેઆપવા જાય છે. લે ભાઈ,આ તને મજૂરી તરીકે નહીં, સેવા તરીકે આપું છું. કેવટ બોલ્યો, લેવાનો આ દિવસ નથી. ચૌદ વર્ષનો વનવાસ પૂરો થાય, મારા રામજી ગાદી ઉપર બેસે, ત્યારે આપજો! ખુશીથી લઈશ. કેવટ અંગૂઠી લેતો નથી,તે જોઈ લક્ષ્મણજીએ ફરી આગ્રહ કર્યો ત્યારે કેવટે જવાબ આપ્યો કે, અમે બે જાતભાઈ છીએ. તેથી જાતભાઈની ઉતરાઈ ન લેવાય. ધંધાનો એવો નિયમ છે. લક્ષ્મણજીએ ગુસ્સે થઈ કહ્યું, તારી અને અમારી જાત એક છે? તું શું બકે છે? કેવટ કહે છે, તમારી મારી જાત એક નહીં પણ મારી અને રામજીની જાત એક છે. હું ગંગાજીનો કેવટ છું અને રામજી સંસારસાગરના કેવટ છે! હું લોકોને ગંગાપાર ઉતારું છું. રામજી જીવને સંસારસાગરની પાર ઉતારે છે.મેં આજે તમને ગંગાપાર ઉતાર્યા,હવે મારો વખત આવે ત્યારે તમે મને આ સંસાર સાગરની પાર ઉતારજો એટલું માગું છું. ચૌદ વરસનો વનવાસ પૂરો કરીને રામજી અયોધ્યા આવે છે ત્યારે પણ કેવટના ઉપકારને એ ભૂલ્યા નથી. રાજસભામાં જ્યારે એ કેવટને જોતા નથી ત્યારે એને યાદ કરી પ્રભુ સૌથી પહેલો પ્રસાદ એને મોકલે છે, ત્યાંથી રામજી આગળ ચાલ્યા.સીતાજી બહુ વિવેકથી ચાલે છે. આગળ રામ,પાછળ સીતા અને સીતાજી ની પાછળ લક્ષ્મણ.રામ-લક્ષ્મણ ની વચમાં સીતા કેવાં શોભે છે!તુલસીદાસજી કહે છેકે, જાણે બ્રહ્મ અને જીવની વચમાં માયા. શ્રીમદ્ ભગવદ્ ગીતા જ્ઞાનમાં અહીં અટકી અસ્તુ.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ગૌરવશાળી ગુજરાત કૉન્ક્લેવમાં પ્રોત્સાહક ઉપસ્થિતિ અને સંબોધન, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

**અમદાવાદ, તા. 22**

અમદાવાદ ખાતે આયોજિત ગૌરવશાળી ગુજરાત કૉન્ક્લેવમાં સંબોધન કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે ગુજરાત અને વિકાસ આજે એકબીજાના પર્યાય બન્યા છે, જેના પાયામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિકાસની રાજનીતિ છે, જેણે એક નવો ઈતિહાસ રચ્યો છે. ગુજરાત વિકાસનું રોલમૉડલ બન્યું છે, એવું તેમણે ઉમેર્યું છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાતને લગભગ અઢી દાયકા સુધી શ્રી નરેન્દ્રભાઈનું નેતૃત્વ અને માર્ગદર્શન પ્રાપ્ત થયા. સ્થિર અને મજબૂત રાજકીય નેતૃત્વના પરિણામે ગુજરાતે વિકાસનાં નવાં નવાં શિખરો સર કર્યા છે. ગુજરાતનું અર્થતંત્ર છેલ્લાં 24 વર્ષમાં તેર ગણું વધ્યું છે. દેશના કુલ જીડીપીમાં ગુજરાતની ભાગીદારી 8.2 ટકા કરતાં વધારે છે. દેશના કુલ ઔદ્યોગિક ઉત્પાદનમાં ગુજરાતનું યોગદાન 17 ટકા કરતાં વધારે છે, એવું તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રીનો વિકસિત ભારતનો સંકલ્પ હોય કે આત્મનિર્ભર ભારતનો સંકલ્પ હોય, વડાપ્રધાનશ્રીના દરેક સંકલ્પને સાકાર કરવામાં ગુજરાત હંમેશાં અગ્રેસર રહ્યું છે. વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના સંકલ્પ સાથે વિઝન ડોક્યુમેન્ટ 2047 રોડમેપ તૈયાર કરનાર ગુજરાત દેશનું સૌપ્રથમ રાજ્ય છે. વર્ષ 2047 સુધીમાં ગુજરાતના જીડીપીને 3.5 ટ્રિલિયન અમેરિકન ડોલર સુધી લઈ જવાનો ધ્યેય રાખ્યો છે. ગુજરાત પોતાના તમામ નાગરિકો માટે લિવિંગ વેલ




અર્નિંગ વેલને પ્રાથમિકતા આપે છે. ગુજરાતમાં લોકોનું સરેરાશ આયુષ્ય 70 વર્ષ છે, જેને આરોગ્ય સેવાઓ થકી 2047 સુધીમાં 84 વર્ષ સુધી લઈ જવાનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. વડાપ્રધાનશ્રીના સર્વસમાવેશક અને ટકાઉ વિકાસના વિઝનને ચરિતાર્થ કરવા પ્રતિબદ્ધ છે, એવું તેમણે ઉમેર્યું હતું. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની વાત કરતાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે વડાપ્રધાનશ્રીના વોકલ ફોર લોકલના મંત્રને ધ્યાનમાં રાખીને વાઈબ્રન્ટ રિજનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવી રહ્યું છે. વિકાસ દરેક જિલ્લા સુધી પહોંચાડવા માટે સરકાર કાર્યરત છે. ગુજરાત ફિનટેક, ગ્રીન ગ્રોથ, બાયોટેક્નોલોજી, ડ્રોન, સેમિકન્ડક્ટર, એઆઈ વગેરે ન્યૂ એજ સેક્ટરમાં આગળ વધવા અને ચિપથી લઈને શિપના નિર્માણ માટે સજ્જ છે. આવનાર વર્ષોમાં ગુજરાતનાં શહેરોનો સર્વગ્રાહી વિકાસ કરવામાં આવશે. ગુજરાતનાં શહેરો હોલિસ્ટિક ડેવલપમેન્ટ થકી ગ્રોથ હબ બનશે, એવું તેમણે ઉમેર્યું હતું. કેન્દ્રીય સ્તરે નીતિ આયોગની જેમ જ ગુજરાતે ગ્રીટ (GRIT)ની રચના કરી છે, એમ જણાવી મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે વર્ષ 2035માં ગુજરાતની સ્થાપનાને 75 વર્ષ થશે. ગુજરાતનું અમૃત વર્ષ એક માઈલસ્ટોન પુરવાર થશે. ગુજરાતના વિકાસ માટે ચાર આઈ - ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈનોવેશન, ઈન્ડિવિઝ્યુઅલ્સ અને ઈન્સ્ટિટ્યૂશન્સ આધારિત આયોજન કરવામાં આવ્યું છે, એવું તેમણે ઉમેર્યું હતું. નેશનલ ન્યૂઝ ચેનલ રિપબ્લિક ભારત દ્વારા આયોજિત ગૌરવશાળી ગુજરાત કૉન્ક્લેવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિ અને સંબોધન પ્રોત્સાહક બની રહ્યા હતા. આ કૉન્ક્લેવમાં રિપબ્લિક ભારતના સિનિયર એક્ઝિક્યુટિવ એડિટર શ્રી અભિષેક કપૂર, અમ્યુકોની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી દેવાંગ દાણી સહિતના પદાધિકારીઓ સહિતના મહાનુભાવો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ખેડા તાલુકાના સાંખેજ ગામના પ્રગતિશીલ અને યુવાન પ્રાકૃતિક-ઓર્ગેનિક ખેડૂત શિવમ પટેલને પ્રતિષ્ઠિત "ફાર્મર આઈકોન ૪૦ અંડર ૪૦ એવોર્ડ્સ ૨૦૨૫" થી સન્માનિત કરવામાં આવ્યા

**નડિયાદ, તા. 22**

ખેડા જિલ્લાના ખેડા તાલુકાના સાંખેજ ગામના પ્રગતિશીલ અને યુવાન પ્રાકૃતિક-ઓર્ગેનિક ખેડૂત શિવમ પટેલને પ્રતિષ્ઠિત "ફાર્મર આઈકોન ૪૦ અંડર ૪૦ એવોર્ડ્સ ૨૦૨૫" માં ભારતના ટોચના ૪૦ યુવા સિદ્ધિઓમાં સ્થાન મળ્યું છે. આ માટે નવી દિલ્હીમાં તેમને એવોર્ડ આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. કૃષિ જાગરણ દ્વારા રજૂ કરાએલ અને ઈન્ડિયન કાઉન્સિલ ઓફ એગ્રીકલ્ચર રિસર્ચ (ICAR) દ્વારા સહ-આયોજિત આ એવોર્ડ સમારોહ દેશના કૃષિ ક્ષેત્રને આકાર આપી રહેલા યુવા નેતાઓને વિશેષ ઓળખ આપે છે. ગુજરાતના એકમાત્ર યુવા ખેડૂત તરીકે ખેડા જિલ્લાના ખેડા તાલુકાના શિવમ પટેલે તેમના રાજ્યને સન્માન અપાવ્યું છે. ઓર્ગેનિક અને ટકાઉ કૃષિમાં તેમના નવીન કાર્ય, પર્યાવરણને અનુકૂળ ખેતી પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતા અને ગ્રામીણ વિકાસમાં તેમના યોગદાનથી દેશભરના યુવાનો માટે પ્રેરણા મળી છે. આ સન્માન રાસાયણિક મુક્ત ખેતીને પ્રોત્સાહન આપવા, કુદરતી સંસાધનોનું સંરક્ષણ કરવા અને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવામાં શિવમ પટેલના નોંધપાત્ર પ્રયાસોને પ્રકાશિત કરે છે. જેમણે ખેતી, કૃષિ-ઉદ્યોગસાહસિકતા અને ટકાઉ વિકાસમાં ઉત્કૃષ્ટ નેતૃત્વ દર્શાવ્યું છે. તેઓનું "ખેડૂત આઈકોન ૪૦ અંડર ૪૦ એવોર્ડ્સ" પ્રતિભાશાળી યુવાનોનું સન્માન કરે છે. શિવમ પટેલનો આ પ્રતિષ્ઠિત યાદીમાં સમાવેશ તેમના ઉત્કૃષ્ટ દ્રષ્ટિકોણ અને કૃષિમાં સકારાત્મક પરિવર્તન લાવવાની પ્રતિબદ્ધતાનો પુરાવો છે. આ રાષ્ટ્રીય સન્માન સાથે, શિવમ પટેલે માત્ર ખેતીની પ્રતિષ્ઠામાં વધારો કર્યો છે સાથોસાથ ભારતના કૃષિ ક્ષેત્રમાં યુવા-સંચાલિત પ્રગતિના વલણને પણ મજબૂત બનાવ્યું છે.

## બાવળા તાલુકામાં 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' યોજના અંતર્ગત ખેડૂતો માટે તાલીમ કાર્યક્રમ યોજાયો



**ગાંધીનગર, તા. 22**

અમદાવાદ જિલ્લાના બાવળા તાલુકા ખાતે 'નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ' યોજના અંતર્ગત ખેડૂતો માટે એક વિશેષ તાલીમ શિબિર યોજવામાં આવી હતી. આ કાર્યક્રમમાં બાવળા પંથકના આશરે 330 જેટલા ઉત્સાહી ખેડૂતોએ ભાગ લીધો હતો, જેમને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર (KVK)ના નિષ્ણાત અધિકારીઓ દ્વારા પ્રાકૃતિક ખેતીના વિવિધ પાસાઓ અંગે વિગતવાર માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું. તાલીમ દરમિયાન કૃષિ વિજ્ઞાન કેન્દ્રના અધિકારીઓએ ખાસ કરીને રવિ પાકની સીઝનને ધ્યાનમાં રાખીને ખેતી પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે ભાર મૂક્યો હતો. નિષ્ણાતોએ જણાવ્યું હતું કે, નવા પાકના વાવેતર પૂર્વે પાયાના ખાતર તરીકે 'ઘન જીવામૃત'ને એડવાન્સમાં બનાવીને તૈયાર રાખવું જોઈએ, જેથી જમીનની ફળદ્રુપતામાં વધારો થઈ શકે. ખેડૂતોને પ્રાકૃતિક ખેતીની સંપૂર્ણ પ્રક્રિયા અને તેનાથી થતા આર્થિક તથા પર્યાવરણીય ફાયદાઓ વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી.

આ પ્રસંગે અધિકારીઓએ ગ્રામ્ય સ્તરે જાગૃતિ લાવવા માટે દરેક પંચાયતમાં 'મોડેલ ફાર્મ' ઊભા કરવા પર વિશેષ ભાર મૂક્યો હતો, જેથી અન્ય ખેડૂતો પણ પ્રેરાઈ શકે. આ ઉપરાંત, દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને વધુમાં વધુ પ્રમાણમાં જીવામૃત અને ઘનજીવામૃત બનાવી ખેતીમાં તેનો મહત્તમ ઉપયોગ કરવા ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાની તૈયારી દર્શાવી હતી. આ ઉપરાંત, દેશી ગાયના ગોબર અને ગૌમૂત્રનો ઉપયોગ કરીને વધુમાં વધુ પ્રમાણમાં જીવામૃત અને ઘનજીવામૃત બનાવી ખેતીમાં તેનો મહત્તમ ઉપયોગ કરવા ખેડૂતોને અનુરોધ કરવામાં આવ્યો હતો. સમગ્ર કાર્યક્રમમાં ઉપસ્થિત ખેડૂતોએ પ્રાકૃતિક ખેતી અપનાવવાની તૈયારી દર્શાવી હતી.

## એસ.આર. હાઈસ્કૂલ, દેવગઢ બારીઆ ખાતે 'રાષ્ટ્રીય ગણિત દિવસ'ની કરાઈ ભવ્ય ઉજવણી

**દેવગઢ બારીઆ, તા. 22**

તારીખ ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ ભારત અને વિશ્વના પ્રસિદ્ધ ગણિતશાસ્ત્રી શ્રીનિવાસ રામાનુજમ્‌ના જન્મદિન અને 'રાષ્ટ્રીય ગણિત દિવસ'ના સંયુક્ત અવસરે એસ.આર. હાઈસ્કૂલ, દેવગઢ બારીઆ ખાતે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. માધ્યમિક વિભાગના મેથ્સ ક્લબ દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય હેતુ શ્રીનિવાસ રામાનુજમને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરવાનો અને ભારતીય ગણિતશાસ્ત્રીઓના અમૂલ્ય યોગદાનથી વિદ્યાર્થીઓને અવગત કરવાનો હતો. દિવસની શરૂઆત સવારે પ્રાર્થના સભામાં ખૂબ જ ઉત્સાહપૂર્વક કરવામાં આવી હતી, જેમાં ધોરણ ૧૦ની વિદ્યાર્થીની કુમારી પટેલ જયશ્રી દ્વારા રામાનુજમ્‌ના પ્રેરણાદાયી જીવન પ્રસંગો અને તેમની ગણિત પ્રત્યેની અજોડ રુચિ વિશે સચોટ વક્તવ્ય રજૂ કરવામાં આવ્યું હતું.આ વિશેષ પ્રસંગને યાદગાર બનાવવા માટે માધ્યમિક વિભાગમાં મેથ્સ ક્લબ દ્વારા એક વિશાળ ગણિત પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં માધ્યમિક વિભાગના અંદાજે ૯૬ જેટલા વિદ્યાર્થીઓએ અત્યંત ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. ગણિત-વિજ્ઞાન વિષયના શિક્ષકોના યોગ્ય માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ ગણિતના વિવિધ અઘરા સિદ્ધાંતોને સરળ બનાવતા ૪૦ જેટલા નાવીન્યપૂર્ણ પ્રોજેક્ટ્સ તૈયાર કર્યા હતા. આ પ્રદર્શનમાં માત્ર પ્રાયોગિક મોડેલ્સ જ નહીં, પરંતુ ભારતના મહાન ગણિતશાસ્ત્રીઓના જીવન ચરિત્ર અને તેમના સંશોધનોની વિગતવાર સમજ આપતા ચાર્ટ્સ અને પોસ્ટર્સ પણ રજૂ કરવામાં આવ્યા હતા. શાળાના અન્ય તમામ વિદ્યાર્થી ભાઈ-બહેનોએ આ પ્રદર્શનને નિહાળ્યું હતું અને પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓએ દરેક પ્રોજેક્ટની પાછળ રહેલા ગણિતના રહસ્યોને વિગતવાર સમજાવ્યા હતા.

**શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાના હસ્તે અસારવા ગામમાં ભવ્ય હેરિટેજ ગેટનું ખાતમુહૂર્ત કરાયું**

## મુખ્યમંત્રીશ્રી દ્વારા ફાળવવામાં આવેલા વિશેષ બજેટથી અસારવામાં ભવ્ય હેરિટેજ ગેટનું નિર્માણ આ વિસ્તારની ઐતિહાસિક ઓળખને વધુ મજબૂત બનાવશે: મંત્રીશ્રી દર્શનાબહેન વાઘેલા

**ગાંધીનગર, તા. 22**

અમદાવાદ મ્યુનિસિપલ કૉર્પોરેશન દ્વારા મધ્ય ઝોનના અસારવા વોર્ડમાં, અસારવા ગામનાં મુખ્ય દ્વાર પર નવા તૈયાર કરવામાં આવનાર ભવ્ય હેરિટેજ ગેટનું શહેરી વિકાસ રાજ્યમંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલા અને સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાના હસ્તે ખાતમુહૂર્ત કરવા આવ્યું હતુ. આ પ્રસંગે અમદાવાદનાં મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈન ઉપસ્થિત રહ્યાં હતા.

આ પ્રસંગે મંત્રી શ્રીમતી દર્શનાબહેન વાઘેલાએ જણાવ્યું હતું કે, મુખ્યમંત્રીશ્રી દ્વારા ગામતળના વિકાસ માટે ફાળવવામાં આવેલા વિશેષ બજેટ અંતર્ગત આ હેરિટેજ ગેટનું નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, વણઉકેલાયેલા પ્રશ્નો જેવા કે, ઓમનગર અંડરબ્રિજના પ્રશ્ને રેલવે વિભાગ સાથે સફળ વાટાઘાટો કરી કામ પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે. આ વિસ્તારની ઐતિહાસિક માતર ભવાનીની વાવ અને દાદા હરિની વાવના પુનઃવિકાસ માટે નેશનલ ઓથોરિટી સાથે સંકલન સાધીને કામ શરૂ કરી દેવામાં આવ્યું છે. સાથોસાથ અસારવા ચાલી વિસ્તારની વર્ષો જૂની ડ્રેનેજ લાઈનો બદલવાની કામગીરી પણ ટૂંક સમયમાં હાથ ધરાશે. નવનિર્મિત હેરિટેજ ગેટની જાળવણી અને સ્વચ્છતા રાખવા માટે ગ્રામજનોને તેમણે અપીલ કરી સહકારની અપેક્ષા વ્યક્ત કરી હતી.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત અમદાવાદ પશ્ચિમના સાંસદ શ્રી દિનેશભાઈ મકવાણાએ જણાવ્યું હતું કે, અસારવા વિધાનસભા વિસ્તારમાં સ્થાનિક પ્રશ્નોના ઉકેલ માટે જનપ્રતિનિધિઓ સતત કાર્યરત છે, જેમાં અસારવા રેલવે સ્ટેશન ખાતે ચમનપુરા બાજુ નવો ગેટ બનાવવાની રજૂઆત તેમના દ્વારા રેલવે મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવ સમક્ષ લોકસભામાં કરવામાં આવી છે. આ ઉપરાંત, વિસ્તારના અંડરબ્રિજની સમસ્યાના નિરાકરણ માટે અધિકારીઓ સાથે બેઠક કરી આગામી સપ્તાહમાં સ્થળ મુલાકાતનું આયોજન પણ હાથ ધરાયું છે. અસારવા ગામમાં બની રહેલા હેરિટેજ ગેટની કામગીરી અને કોર્પોરેશન દ્વારા થતા રોડ, ગટર તથા પાણીના પ્રશ્નોના ઝડપી નિકાલ અંગે તેમણે સંતોષ વ્યક્ત કર્યો હતો.

મેયર શ્રીમતી પ્રતિભાબહેન જૈને પ્રાસંગિક પ્રવચન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન હેઠળ અસારવા વિધાનસભાને સુવિકસિત બનાવવાના સતત પ્રયાસો થઈ રહ્યા છે. મધ્ય ઝોનમાં પ્રદૂષણ નિવારણ અને માળખાગત સુવિધાઓ જેવી કે પાણી-ડ્રેનેજ લાઈન અને રોડ પેવિંગ માટે કુલ રૂ. 456 કરોડના કામો મંજૂર કરાયા છે. અસારવા વોર્ડમાં મંગળદાસ હોલ અને વિઠ્ઠલદાસ પટેલ કોમ્યુનિટી સેન્ટરનું નવીનીકરણ તેમજ નવા અર્બન હેલ્થ સેન્ટરનું પણ નિર્માણ થઈ રહ્યું છે. આ ઉપરાંત, અસારવા વિસ્તારમાં અન્ય વિવિધ વિકાસ કામોનું આયોજન પણ કરવામાં આવ્યું છે. આ તમામ કાર્યોનો ઉદ્દેશ્ય અસારવા વિધાનસભાના નાગરિકોને ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાનો છે.

આ પ્રસંગે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના શાસક પક્ષના નેતા શ્રી ગૌરાંગભાઈ પ્રજાપતિ, રિક્રિએશન કમિટીના ચેરમેન શ્રી જયેશભાઈ ત્રિવેદી, હેલ્થ કમિટી ચેરમેન શ્રી જશુભાઈ ઠાકોર, મટીરીયલ કમિટીના ચેરમેન શ્રી બળદેવભાઈ, કાઉન્સિલરશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ અને કર્મચારીઓ તથા મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યાં હતા.

**સાયન્સ સિટી ખાતે ગુજકોસ્ટ દ્વારા ભારતની સૌથી મોટી ક્વોન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ**

# આવાં આયોજનો ક્વોન્ટમ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ભારતના રોડમેપને વધુ મજબૂત બનાવશે: શ્રીમતી પી. ભારતી, સાયન્સ અને ટેકનોલોજી સચિવ

**બે દિવસીય સંચાર પરિષદમાં દેશભરમાંથી ૨૦૦ જેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ સહભાગી થશે**

**ગાંધીનગર, તા. 22**

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલોજી (GUJCOST) દ્વારા ગુજરાત સાયન્સ સિટી ખાતે 'પબ્લિક અંડરસ્ટેન્ડિંગ ઓન ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજી' વિષય પર ભારતની સૌથી મોટી બે દિવસીય વિજ્ઞાન સંચાર પરિષદનો ઉદ્ઘાટન સમારોહ યોજાયો હતો. વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગના સચિવ શ્રીમતી પી. ભારતી (IAS) અને ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(PRL)ના નિયામકશ્રી અનિલ ભારદ્વાજે બે દિવસીય વિજ્ઞાન સંચાર પરિષદનો પ્રારંભ કરાવ્યો હતો. ઉદ્ઘાટન સમારોહમાં ગુજકોસ્ટ ડિસેમ્બર ન્યુઝલેટર 'ગુજકોસ્ટ ન્યૂઝ'નું અનાવરણ કરવામાં આવ્યું હતું તથા કોન્ફરન્સનું સોવેનિયર લોન્ચ કરવામાં આવ્યું હતું. ઉદ્ઘાટન બાદ પ્રથમ દિવસે ઈસરો (ISRO) ના વૈજ્ઞાનિક શ્રી સી.પી. શર્માનું મુખ્ય વ્યાખ્યાન અને લંડનથી પ્રો. કાનન પુરકાયસ્થનું વર્ચ્યુઅલ પ્લેનરી સેશન યોજાયું હતું. આ સિવાય વિવિધ મહત્ત્વના વિષયો પર પેનલ ડિસ્કશન અને એક્સપર્ટ ટોક સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ કોન્ફરન્સના પ્રારંભે શ્રીમતી પી. ભારતીએ મહાન ગણિતજ્ઞ શ્રીનિવાસ રામાનુજનનું સ્મરણ કરતા જણાવ્યું હતું કે આજની આ કોન્ફરન્સ ક્વોન્ટમ સાયન્સ અને ટેક્નોલોજીની જાહેર સમજ વધારવામાં મહત્ત્વની સાબિત થશે. તેમણે કહ્યું કે આપણે 'ઈન્ટરનેશનલ યર ઓફ ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ૨૦૨૫'ની ઉજવણી કરી રહ્યા છીએ, ત્યારે ક્વોન્ટમ ટેક્નોલોજી એ ૨૧મી સદીની નવી વૈજ્ઞાનિક ક્રાંતિ છે જે ઉભરતા ક્ષેત્રોમાં ટેક્નોલોજીને નવો આકાર આપી રહી છે. અલ્ટ્રા-ફાસ્ટ કમ્પ્યુટિંગ, અત્યંત સુરક્ષિત કોમ્યુનિકેશન સિસ્ટમ અને એડવાન્સ મટિરિયલ્સ જેવી ઉભરતી ટેક્નોલોજીઓ માત્ર ગુજરાત કે ભારત માટે જ નહીં, પરંતુ વૈશ્વિક સ્તરે આપણને આર્થિક વૃદ્ધિ અને વ્યૂહાત્મક ક્ષમતામાં આગળ રાખશે.

સચિવશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે ગુજરાત સરકાર અને ખાસ કરીને વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ છેલ્લાં ઘણાં વર્ષોથી યુવાનોમાં વૈજ્ઞાનિક અભિગમ કેળવવા માટે સતત પ્રયત્નશીલ છે. ગુજકોસ્ટ (GUJCOST) જેવી સંસ્થાઓ દ્વારા આયોજિત આવા સેમિનારો વિજ્ઞાનને લેબોરેટરીથી સમાજ સુધી પહોંચાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ગુજકોસ્ટને આ વર્ષે યુનેસ્કો (UNESCO)ના શૈક્ષણિક ભાગીદાર તરીકે ઓળખ મળવા બદલ તેમણે ગર્વની લાગણી વ્યક્ત કરી હતી. જે એકેડેમિયા, ઉદ્યોગ અને સરકાર વચ્ચેના સહયોગને વધુ મજબૂત બનાવશે એમ તેમણે ઉમેર્યું હતું. તેમણે ક્વોન્ટમ યુગ માટેની સજ્જતા પર ભાર મૂકતા જણાવ્યું કે આપણો ઉદ્દેશ્ય ક્વોન્ટમ વિજ્ઞાનને સામાન્ય નાગરિકો, વિદ્યાર્થીઓ અને સંશોધકો માટે સરળ અને પ્રેરણાદાયી બનાવવાનો




છે. નેશનલ ક્વોન્ટમ મિશનના સહયોગથી આયોજિત આ પરિષદ દ્વારા આપણે ક્વોન્ટમ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં ભારતના રોડમેપને વધુ મજબૂત બનાવીશું અને 'વિકસિત ગુજરાત' થી 'વિકસિત ભારત' ના સ્વપ્નને સાકાર કરવામાં ફાળો આપીશું. ફિઝિકલ રિસર્ચ લેબોરેટરી(PRL)ના નિયામકશ્રી અનિલ ભારદ્વાજે ઉદ્ઘાટન સમારોહમાં જણાવ્યું હતું કે આ કોન્ફરન્સ ના ઉદ્દેશ ક્વોન્ટમ સાયન્સ વિશે પબ્લિકને કોમ્યુનિકેટ કરવાનો છે. આ એક અનોખી કોન્ફરન્સ છે. ક્વોન્ટમ કોમ્યુનિકેશન, ક્વોન્ટમ સાયન્સ, ક્વોન્ટમ કોમ્પ્યુટિંગ, ક્વોન્ટમ મટીરિયોલોજી સહિતના વિષયો પર આ બે દિવસીય કોન્ફરન્સમાં મહત્વની ચર્ચા વિચારણાઓ અને ચિંતન મનન કરવામાં આવનાર છે. સેટેલાઈટ કોમ્યુનિકેશન, ફાઈબર ઓપ્ટિક્સ, ફોટોન્સ, ક્વોન્ટમ કોમ્યુનિકેશનમાં AI અને મશીન લર્નિંગનો ઉપયોગ સહિતના વિષયો પર તેમણે રસપ્રદ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સોસાયટી ફોર ઈન્ફોર્મેશન સાયન્સના પ્રેસિડેન્ટ ડૉ. મનોજ કુમાર પટેરિયાએ ઉદ્ઘાટન સમારોહમાં પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. અનિશ્ચિતતાથી ભરેલા આધુનિક સમયમાં ક્વૉન્ટમ સાયન્સ ઘણા ક્ષેત્રોમાં સમાધાનો પૂરા પાડી શકે છે. માનવજાતના અસ્તિત્વ સામે ઊભા થયેલા ઘણા સવાલોના જવાબો શોધવામાં ક્વોન્ટમ સાયન્સ મહત્વનું સાબિત થશે. આવા કાર્યક્રમો ક્વોન્ટમ સાયન્સના મહત્વને ઉજાગર કરીને નાગરિકોને ક્વોન્ટમ સાયન્સ સાથે જોડવામાં મહત્ત્વના સાબિત થશે. ગુજકોસ્ટ (GUJCOST) ના એડવાઈઝર અને મેમ્બર સેક્રેટરી ડૉ. નરોત્તમ સાહૂએ સ્વાગત પ્રવચન કરતા સૌને આવકાર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે બે દિવસીય ક્વોન્ટમ સાયન્સ કોમ્યુનિકેશન કોન્ફરન્સનો મુખ્ય ઉદ્દેશ્ય ક્વોન્ટમ સાયન્સના જટિલ વિષયોને વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિકો માટે સરળ, આકર્ષક અને સુસંગત બનાવવાનો છે. કોન્ફરન્સમાં દેશ વિદેશમાંથી પધારેલા વૈજ્ઞાનિકો, સંસ્થાના પ્રતિનિધિઓ, રિસર્ચ સ્કોલર્સ સહિતના મહાનુભાવો સસ્ટેનેબલ એનર્જી, સંદેશાવ્યવહાર અને ભવિષ્યની ટેક્નોલોજીમાં ક્વોન્ટમ વિજ્ઞાનની ભૂમિકા સહિતના વિવિધ વિષયો પર ચિંતન મનન કરશે અને વિકસિત ભારતના નિર્માણમાં ક્વોન્ટમ સાયન્સ અને ટેકનોલોજીની ભૂમિકા સુદ્રઢ બનાવવા મહત્ત્વનું માર્ગદર્શન પૂરું પાડશે.

કોન્ફરન્સના મુખ્ય આકર્ષણો: - આંતરરાષ્ટ્રીય સ્તરનું આયોજન: આ પરિષદ યુનેસ્કો (UNESCO) ના 'ઈન્ટરનેશનલ યર ઓફ ક્વોન્ટમ સાયન્સ એન્ડ ટેક્નોલોજી ૨૦૨૫' (IYQ-2025) અને ભારત સરકારના નેશનલ ક્વોન્ટમ મિશન (NQM) ના સહયોગથી યોજાઈ રહી છે. - સહભાગીઓ: આ કાર્યક્રમમાં દેશભરમાંથી લગભગ ૨૦૦ જેટલા વૈજ્ઞાનિકો, સંશોધકો, શિક્ષકો અને વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. નિષ્ણાતોની ઉપસ્થિતિ: યુનાઈટેડ કિંગડમ (UK), વિયેતનામ અને નેપાળના આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો આ બે દિવસ દરમિયાન વિવિધ વિષયો પર માર્ગદર્શન આપશે. - પ્રાયોગિક પ્રદર્શન: શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ક્વોન્ટમ સુપરપોઝિશન મોડલ્સ અને એન્ટેન્ગલમેન્ટ ડેમોન્સ્ટ્રેટર્સ જેવી હેન્ડ્સ-ઓન ક્વોન્ટમ એજ્યુકેશન કિટનું પ્રદર્શન મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. - યુવા સંશોધકો: વિજ્ઞાન સંચારની જટિલ પદ્ધતિઓ પર યુવા સંશોધકો દ્વારા પોસ્ટર પ્રેઝન્ટેશન રજૂ કરવામાં આવશે. આ ક્વોન્ટમ વિજ્ઞાન સંચાર પરિષદના ઉદ્ઘાટન સમારોહમાં વિયેતનામ ઈન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સ ઈન્ફોર્મેશનના પ્રો. એન.ટી. લાન, નેપાળ એકેડમી ઓફ S&T ના પ્રો. અંજના સિંઘ, નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ એડવાન્સ્ડ સ્ટડીઝ, બેંગલુરુના પ્રો. એમ. સાઈબાબા અને ગુજકોસ્ટના પ્રિન્સિપલ સાયન્ટિફિક ઓફિસર ડૉ. પૂનમ ભાર્ગવ ઉપસ્થિત રહ્યા હતા.



## યશસ્વીને ટી-20 ટીમમાં તક કેમ નહીં

# વર્લ્ડ કપ સ્ક્વોડમાંથી ગિલ 'OUT', ઈશાન 'IN'; SMATમાં સદી ફટકારવા છતાં જયસ્વાલને સ્થાન નહીં

**મુંબઈ, તા. 22**

T-20 વર્લ્ડ કપ માટે ભારતે 15 ખેલાડીઓની ટીમ જાહેર કરી દીધી. સિલેક્શન કમિટીએ બધાને ચોંકાવતા વાઈસ કેપ્ટન શુભમન ગિલને જ ICC ટુર્નામેન્ટમાંથી બહાર કરી દીધો. તેની જગ્યાએ હવે વિકેટકીપર સંજુ સેમસન ઓપનિંગ કરતો જોવા મળશે, પરંતુ બેકઅપ ઓપનર તરીકે યશસ્વી જયસ્વાલને તક મળી નથી. યશસ્વીની જગ્યાએ સૈયદ મુશ્તાક અલી T-20 ટ્રોફીમાં સૌથી વધુ રન બનાવનાર વિકેટકીપર ઈશાન કિશનને સ્થાન મળ્યું. ઈશાને 500થી વધુ રન બનાવીને પોતાની કેપ્ટનશીપમાં ઝારખંડને ચેમ્પિયન પણ બનાવ્યું. તેના સમાવેશથી વિકેટકીપર જીતેશ શર્માને પણ સ્થાન મળ્યું નથી. જ્યારે રિંકુ સિંહને તક મળી.

યશસ્વીની દાવેદારી શા માટે મજબૂત હતી?

યશસ્વી જયસ્વાલે ઓગસ્ટ 2023માં ભારત માટે ટી-20 ડેબ્યૂ કર્યું હતું. બીજી જ મેચમાં વેસ્ટ ઈન્ડિઝ સામે તેણે 84 રન બનાવ્યા હતા. પછી પોતાની છઠ્ઠી જ મેચમાં સદી ફટકારી દીધી. ઓસ્ટ્રેલિયા, સાઉથ આફ્રિકા, ઝિમ્બાબ્વે અને સાઉથ આફ્રિકા સામે તેને સતત તક મળી. તેણે આમાં 4 ફિફ્ટી પણ ફટકારી. ભારત માટે સતત ટી-20 સિરીઝ રમ્યા બાદ તેને 2024ના વર્લ્ડ કપમાં સામેલ કરવામાં આવ્યો. જોકે, રોહિત શર્મા અને વિરાટ કોહલીના કારણે તેને ન તો ઓપનિંગ કરવાની તક મળી અને ન તો પ્લેઈંગ-11માં જગ્યા મળી શકી. વર્લ્ડ કપ જીતાડીને બંને સિનિયર ખેલાડીઓએ સંન્યાસ લઈ લીધો. આવી સ્થિતિમાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે યશસ્વી ટી-20 ટીમનો પરમાનેન્ટ મેમ્બર બની જશે, પરંતુ છેલ્લા 18 મહિનામાં તે માત્ર 3 જ ટી-20 રમી શક્યો.

IPL અને T-20માં પ્રદર્શન કર્યું

યશસ્વી જયસ્વાલે 30 જુલાઈ 2024ના રોજ ભારત માટે છેલ્લી T-20 મેચ રમી હતી. ત્યારે શ્રીલંકામાં સિરીઝ દરમિયાન તેણે ત્રણેય મેચમાં શુભમન ગિલ સાથે ઓપનિંગ કરતા 80 રન બનાવ્યા હતા. ટીમ ઈન્ડિયામાંથી બહાર રહ્યા દરમિયાન તેણે IPL અને સૈયદ મુશ્તાક અલી T-20 ટ્રોફી (SMAT)માં સતત પ્રદર્શન કર્યું. યશસ્વીએ IPLની છેલ્લી 3 સીઝનમાં 1500થી વધુ રન બનાવ્યા. આ દરમિયાન તેણે 2 સદી ફટકારી અને તેનો સ્ટ્રાઈક રેટ 160થી પણ વધુ રહ્યો. એટલું જ નહીં, તાજેતરમાં સમાપ્ત થયેલી SMATમાં હરિયાણા સામે તેણે માત્ર 49 બોલમાં સદી પણ ફટકારી હતી. આવી સ્થિતિમાં T-20 ટીમમાં ઓપનર તરીકે તેની દાવેદારી મજબૂત હતી. ગિલનો પ્રયોગ નિષ્ફળ, છતાં જગ્યા કેમ નહીં? 2024 ટી-20 વર્લ્ડ કપ પછી શુભમન ગિલને ભારતની ટી-20 ટીમનો વાઈસ કેપ્ટન બનાવવામાં આવ્યો. 2025માં તેને ટેસ્ટ અને વનડે ટીમની કાયમી કેપ્ટની પણ સોંપવામાં આવી. ટીમ મેનેજમેન્ટ ગિલને ત્રણેય ફોર્મેટમાં સ્થાપિત કરવા માગતું હતું. જોકે, ઓગસ્ટ 2024થી ઓગસ્ટ 2025 સુધીના 13 મહિનામાં તેણે એક પણ ટી-20 મેચ રમી નથી. ગિલ અને યશસ્વીની ગેરહાજરીમાં સંજુ સેમસને અભિષેક શર્મા સાથે ઓપનિંગ કરી. સેમસને 3 અને અભિષેકે 2 સદી ફટકારી. લાંબા સમય સુધી ટી-20 ટીમમાંથી બહાર રાખવા છતાં મેનેજમેન્ટે ગિલને એશિયા કપ માટે ટીમમાં સામેલ કરી લીધો. ચીફ સિલેક્ટર અજીત અગરકરે કહ્યું કે શુભમન અને યશસ્વી બાકીના ફોર્મેટ રમવામાં વ્યસ્ત હતા, તેથી સેમસન ઓપનિંગ કરી રહ્યો હતો. ચીફ સિલેક્ટરે યશસ્વીનો બચાવ જરૂર કર્યો હતો, પરંતુ તેમને એશિયા કપની ટીમમાં તક ન આપી. અભિષેકે યશસ્વીની જગ્યા છીનવી લીધી. બીજી તરફ વાઈસ કેપ્ટન ગિલે 4 મહિનામાં 15 ટી-20 રમ્યા, પરંતુ એકમાં પણ તેઓ ફિફ્ટી ન લગાવી શક્યા. આ દરમિયાન તેનો સ્ટ્રાઈક રેટ 138થી પણ ઓછો રહ્યો. સાઉથ આફ્રિકા સિરીઝની છેલ્લી ટી-20માં ગિલ ઈજાગ્રસ્ત થયો, તેની જગ્યાએ વિકેટકીપર સેમસનને ફરીથી ઓપનિંગ કરવાની તક મળી. તેણે 168ના સ્ટ્રાઈક રેટથી 37 રન બનાવ્યા. બીજા દિવસે વર્લ્ડ કપની ટીમ જાહેર થઈ, ગિલને બહાર કરવામાં આવ્યો અને સેમસનને ઓપનર તરીકે સ્થાન મળ્યું.

શું યશસ્વી આનાથી પણ ખરાબ?

વર્લ્ડ કપ ટીમમાં બેકઅપ ઓપનર તરીકે વિકેટકીપર ઈશાન કિશનનો સમાવેશ કરવામાં આવ્યો. જ્યારે ફિનિશર પોઝિશન પર વિકેટકીપર જીતેશ શર્માને બહાર કરીને રિંકુ સિંહને સ્થાન મળ્યું. અગરકરે કહ્યું કે મેનેજમેન્ટને ઓપનિંગ પોઝિશન માટે વિકેટકીપરની જ જરૂર છે. તેથી સેમસન સાથે ઈશાનને તક મળી. જીતેશ પર અગરકરે કહ્યું કે ટીમમાં 2 વિકેટકીપર પૂરતા છે. ફિનિશર પોઝિશન માટે રિંકુની દાવેદારી જીતેશ કરતાં મજબૂત છે, તેથી તેને પ્રાથમિકતા આપવામાં આવી. એટલે કે વર્લ્ડ કપમાં અભિષેક અને સેમસન ઓપનિંગ કરતા જોવા મળશે. જ્યારે ઈશાન બેકઅપ વિકેટકીપર અને બેકઅપ ઓપનર તરીકે ટીમનો ભાગ છે. યશસ્વી જો બેટિંગ સાથે વિકેટકીપિંગ કરતો હોત તો ચોક્કસ તેને ટીમમાં તક મળી જાત. સિલેક્ટર્સના મતે, ઈશાન જો SMATમાં સારું પ્રદર્શન ન પણ કરતો હોત તો પણ ટીમ રિષભ પંત કે કેએલ રાહુલ જેવા વિકેટકીપરને પણ બેકઅપ તરીકે પસંદ કરી શકતી હતી. જે ટોપ ઓર્ડરમાં યોગદાન આપે છે. જ્યારે રિંકુની પસંદગી તેની ફિનિશિંગ સ્કિલ્સને કારણે જ થઈ શકી. જીતેશે પણ કંઈ ખરાબ કર્યું ન હતું, પરંતુ ટીમ કોમ્બિનેશનને કારણે તેને બહાર કરવો પડ્યો.

# વૈભવે પાકિસ્તાની ખેલાડીઓને બૂટ બતાવ્યું : સૂર્યવંશીએ પહેલા બોલ પર સિક્સર ફટકારી



**મુંબઈ, તા. 22**

પાકિસ્તાને અંડર-19 એશિયા કપ ફાઈનલમાં ભારતને 191 રનથી હરાવ્યું. રવિવારે 348 રનના ટાર્ગેટનો પીછો કરતા ભારતીય ટીમ 26.2 ઓવરમાં 159 રન બનાવીને ઓલઆઉટ થઈ ગઈ. દુબઈમાં મેચ દરમિયાન થોડી નોકઝોક જોવા મળી. ઓપનર વૈભવ સૂર્યવંશીએ પોતાની પહેલી જ બોલ પર છગ્ગો ફટકારીને ઝડપી શરૂઆત કરી. જોકે, આઉટ થયા પછી પાકિસ્તાનના ખેલાડીઓ સાથે તેની બોલાચાલી થઈ ગઈ. વૈભવે પાકિસ્તાની પ્લેયર્સને ઈશારાથી પોતાનો બૂટ બતાવ્યો. જ્યારે ભારતીય કેપ્ટન આયુષ મ્હાત્રેની ફાસ્ટ બોલર અલી રઝા સાથે પણ બોલાચાલી થઈ ગઈ.

1. આરોન-વેદાંતથી કેચ છૂટ્યો

પાકિસ્તાની ઈનિંગ્સની બીજી ઓવરમાં હમઝા ઝહૂરને જીવનદાન મળ્યું. હેનિલ પટેલનો લેન્થ બોલ અંદરની તરફ આવ્યો, જેના પર હમઝાએ મોટો શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ ટાઈમિંગ યોગ્ય ન રહ્યું. બોલ મિડ-ઓન તરફ હવામાં ગયો, જ્યાં એરોન જ્યોર્જ અને મિડવિકેટ પર ઉભેલા વેદાંત વચ્ચે તાલમેલનો અભાવ રહ્યો. બંને વચ્ચે યોગ્ય તાલમેલ ન બેસી શક્યો અને સરળ કેચ છૂટી ગયો.

2. કિશન સિંહનો જગલિંગ કેચ

ખીલન પટેલની બોલિંગ સામે ઉસ્માન ખાન મોટો શોટ રમવાના પ્રયાસમાં આઉટ થઈ ગયો. તેણે પુલ શોટ રમવાનો પ્રયાસ કર્યો, પરંતુ યોગ્ય કનેક્શન ન થઈ શક્યું અને બોલ સીધો લોંગ-ઓન તરફ જતો રહ્યો. ત્યાં હાજર કિશન સિંહે પ્રથમ પ્રયાસમાં કેચ ચોક્કસ છોડ્યો, પરંતુ બોલ તેની જ રેન્જમાં રહ્યો અને તેણે બીજા પ્રયાસમાં શાનદાર રીતે કેચ પકડી લીધો. આ રીતે ઉસ્માન ખાન 45 બોલમાં 35 રન બનાવીને પેવેલિયન પરત ફર્યો. તેની ઈનિંગ્સમાં 3 ચોગ્ગા અને 1 છગ્ગો શામેલ હતો.

## ક્રિકેટ છોડવાનું મન બનાવી લીધું હતું; ભારતને ઓસ્ટ્રેલિયાએ ફાઈનલમાં હરાવ્યું હતું

# વર્લ્ડ કપ હાર પર રોહિતે કહ્યું: હું સંપૂર્ણપણે ભાંગી પડ્યો

## જીવન અહીં જ સમાપ્ત થતું નથી. આ શીખવાનો મોકો હતો કે નિરાશામાંથી કેવી રીતે બહાર આવવું અને નવી શરૂઆત કરવી

**મુંબઈ, તા. 22**

ભૂતપૂર્વ ભારતીય કેપ્ટન રોહિત શર્માએ એક કાર્યક્રમમાં જણાવ્યું કે 2023 વનડે વર્લ્ડ કપ ફાઈનલ હાર્યા પછી તેઓ માનસિક રીતે સંપૂર્ણપણે ભાંગી પડ્યા હતા. તેમણે કહ્યું કે તે સમયે તેમણે ક્રિકેટ છોડવાનું પણ મન બનાવી લીધું હતું. રોહિત રવિવારે એક કાર્યક્રમમાં હતા. તેમણે કહ્યું, 2023 વર્લ્ડ કપ ફાઈનલ હાર્યા પછી લાગી રહ્યું હતું કે હું આ રમતને વધુ રમવા માંગતો નથી, કારણ કે તેણે મારી પાસેથી બધું છીનવી લીધું હતું. મારામાં રમવાની તાકાત જ બચી ન હતી. ભારતે રોહિતની કપ્તાનીમાં વનડે વર્લ્ડ કપ 2023માં સતત 10 મેચ જીતી હતી અને ફાઈનલ સુધી પહોંચ્યું હતું. પરંતુ અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને 6 વિકેટે હરાવીને ખિતાબ જીત્યો હતો. રોહિતે આગળ જણાવ્યું કે આ હાર તેમના માટે ખૂબ જ અંગત હતી, કારણ કે 2022માં કેપ્ટન બન્યા પછી તેમણે આ વર્લ્ડ કપ માટે સર્વસ્વ આપી દીધું હતું. તેમણે કહ્યું, બધા ખૂબ નિરાશ હતા. મને વિશ્વાસ નહોતો થતો કે અમે ફાઈનલ હારી ગયા. તે સમય મારા માટે ખૂબ મુશ્કેલ હતો. રોહિતે જણાવ્યું કે ફાઈનલમાં હાર્યા પછી તેમના શરીરમાં કોઈ ઊર્જા બચી ન હતી અને પોતાને સંભાળવામાં ઘણા મહિના લાગી ગયા. પરંતુ પોતાની જાત સાથે વાત કરીને અને ક્રિકેટ પ્રત્યેના પોતાના પ્રેમને યાદ કરીને તેઓ ફરી પાછા ફર્યા. આ પછી રોહિતે 2024 ટી-20 વર્લ્ડ કપમાં ભારતને ચેમ્પિયન બનાવ્યું. તેમણે કહ્યું, મને સમજાઈ ગયું હતું કે જીવન અહીં જ સમાપ્ત થતું નથી. આ શીખવાનો મોકો હતો કે નિરાશામાંથી કેવી રીતે બહાર આવવું અને નવી શરૂઆત કરવી. તે સમયે તે ખૂબ મુશ્કેલ હતું, હવે સમજાય છે. હવે 38 વર્ષના રોહિત શર્મા ટેસ્ટ અને ટી-20 ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ ચૂક્યા છે અને વનડે ટીમના કેપ્ટન પણ નથી. જોકે તેઓ હજુ વનડે ક્રિકેટ રમતા રહેશે. ભારતે રોહિતની કપ્તાનીમાં 2024 ટી-20 વર્લ્ડ કપ ફાઈનલમાં સાઉથ આફ્રિકાને હરાવીને ખિતાબ જીત્યો હતો. હેડ-લાબુશેનની ઈનિંગ્સથી ભારત હાર્યું હતું.





# નિધિ અગ્રવાલ બાદ સામંથા ભીડમાં ભૂંડી ફસાઈ

**મુંબઈ, તા. 22**

થોડા સમય પહેલાં જ 'ધ રાજા સાબ' એક્ટ્રેસ નિધિ અગ્રવાલ સાથેના લોન્ચ ઈવેન્ટમાં ભીડે ધક્કામુક્કી કરી હતી, જેના પછી હવે સામંથા પણ તેનો શિકાર બની છે. સામંથા તાજેતરમાં એક પબ્લિક ઈવેન્ટનો ભાગ બની હતી, જ્યાં તેને ભીડે ઘેરી લીધી હતી. એક્ટ્રેસને સુરક્ષિત રીતે પોતાની કાર સુધી પહોંચવામાં ઘણો સંઘર્ષ કરવો પડ્યો હતો. રવિવારે એક્ટ્રેસ સામંથા રૂથપ્રભુ હૈદરાબાદમાં એક સાડી શોરૂમના ઉદ્ઘાટન સંબંધિત ઈવેન્ટનો ભાગ બની હતી. ઈવેન્ટમાં સામંથાને જોવા માટે ભારે ભીડ એકઠી થઈ હતી. ઘણા ચાહકો તેના ખૂબ નજીક આવી ગયા. એક્ટ્રેસના બોડીગાર્ડે જેમ તેમ કરીને ઘેરો બનાવીને ભીડને નજીક આવતા રોકી, આ દરમિયાન એક્ટ્રેસ ઘણીવાર લથડી પડી, તો ક્યાંક તેની સાડી પણ ખેંચાઈ. વીડિયો સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકો એક્ટ્રેસની સુરક્ષાને લઈને પણ સવાલ ઉઠાવી રહ્યા છે. ઈવેન્ટ પછી સામંથાએ કરી ક્રિપ્ટિક પોસ્ટ સાડીના શોરૂમના લોન્ચ ઈવેન્ટ પછી સામંથાએ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી તેના લુકની ઘણી તસવીરો પોસ્ટ કરી છે. આ તસવીરો સાથે સામંથાએ લખ્યું, એક્શનથી ભરપૂર શૂટિંગ શિડ્યૂલ પછી ઈજાઓ, લોહી અને પીડા સહન કરવા છતાં અમે પોતાને આશ્ચર્યજનક રીતે ખૂબ સારી રીતે સંભાળી લીધા, પરિસ્થિતિને જોતાં. નિધિ અગ્રવાલને પણ ભીડે ભીંસી નાખી હતી સામંથા રૂથપ્રભુ પહેલાં એક્ટ્રેસ નિધિ અગ્રવાલ સાથે પણ હૈદરાબાદમાં ધક્કામુક્કી થઈ હતી. એક્ટ્રેસે પ્રભાસ અભિનિત આગામી ફિલ્મ 'ધ રાજા સાબ'ના ગીત લોન્ચ ઈવેન્ટમાં પહોંચી હતી. આ દરમિયાન તેને ભીડે ખરાબ રીતે ઘેરી લીધી હતી. ખેંચતાણ વચ્ચે એક્ટ્રેસ ઘણી મુશ્કેલીથી કાર સુધી પહોંચી હતી. સિંગર ચિન્મયી શ્રીપદાએ ભીડના વર્તનની ટીકા કરી આ વીડિયો પર ઘણા ચાહકો અને ઈન્ટરનેટ યુઝર્સે ચિંતા વ્યક્ત કરી છે. સિંગર ચિન્મયી શ્રીપદાએ પણ ભીડના વર્તનની સખત ટીકા કરી. તેમણે X પર લખ્યું, બુદ્ધિ વગરના લોકો કરતાં પણ ખરાબ વર્તન કરનારા પુરુષોનું ટોળું. જોકે બુદ્ધિ વગરના લોકોનું અપમાન શા માટે કરવું? આવા એકસરખી વિચારસરણીવાળા પુરુષોને જ્યારે ભીડમાં ભેગા થાય છે ત્યારે તે કોઈ મહિલાને આ જ રીતે પરેશાન કરે છે. કોઈ ભગવાન તેને ઉઠાવીને બીજા કોઈ ગ્રહ પર શા માટે નથી મોકલી દેતા?"

# 'દેશી ગર્લ'ના વિદેશી પતિએ પ્રેમમાં હદ વટાવી

## કરવાચોથ પર ચાંદ ન દેખાતાં નિક પ્રિયંકા ચોપરાને પ્લેનમાં વાદળોની ઉપર લઈ ગયો, એક્ટ્રેસે આકાશમાં વ્રત ખોલ્યું



**મુંબઈ, તા. 22**

બોલિવૂડની 'દેશી ગર્લ' ચાહકો સાથે તેના અંગત જીવનની વાતો શેર કરતી રહે છે. તાજેતરમાં પ્રિયંકા ચોપરાએ ખુલાસો કર્યો છે કે તેનો પતિ નિક જોનસ તેને કેટલો પ્રેમ કરે છે અને તેના માટે તે કેટલી હદ સુધી જઈ શકે છે. તેણે પોતાની રોમેન્ટિક ડેટનો એક કિસ્સો શેર કર્યો. તાજેતરમાં પ્રિયંકા ચોપરા કપિલ શર્મા શોની મહેમાન બની હતી. દરમિયાન શોની જજ અર્ચના પૂરણ સિંહે પ્રિયંકાને પૂછ્યું કે, 'તમે ભારતમાં મોટા થયા છો અને માલતીનો વિદેશમાં ઉછેર થઈ રહ્યો છે, તો શું કોઈ એવી વસ્તુ છે, જે તમે ઈચ્છો છો કે તેને માલતી પણ દેશમાંથી શીખે? આના પર પ્રિયંકાએ કહ્યું કે, 'માલતી મારી સાથે ભારતમાં ઘણું ફરે છે. તાજેતરમાં તે મારી સાથે હૈદરાબાદ આવી હતી, તે મુંબઈ અને દિલ્હી પણ આવતી રહે છે. જેના પર કપિલે કહ્યું કે, તમે તમારી દીકરીને તો ભારતીય સંસ્કાર આપો જ છો. શું તમે તમારા પતિને અહીંના રિવાજો અને સંસ્કૃતિ શીખવે છે? પ્રિયંકાએ કપિલને જવાબ આપતા કહ્યું, 'હા બિલકુલ, મારા પતિની સાથે સાથે મારા સાસરિયાં પણ અહીંની સંસ્કૃતિ વિશે સારી રીતે જાણે છે. મારા સાસુ કરવાચોથ પર મારા માટે સરગી મોકલે છે. જ્યારે કપિલે પૂછ્યું કે, શું નિક જોનસ કરવાચોથની પાછળની વાર્તા જાણીને ખુશ થયો? તો પ્રિયંકાએ કહ્યું, 'તે ખૂબ ખુશ થયા. તેમણે કહ્યું, 'વાહ, મારી લાંબી ઉંમર માટે તું જમતી નથી!' બાદમાં પ્રિયંકાએ એક રોમેન્ટિક ડેટનો કિસ્સો શેર કર્યો.

# ધ્રુવ રાઠીનો 'ધુરંધર' પર વિરોધ, 'ગોપી વહુ'થી સહન ન થયો!

## દેવોલીના ભટ્ટાચાર્યે ઠપકો આપતા કહ્યું- બાંગ્લાદેશના હિંદુઓ માટે ક્યારે બોલીશ?; યુઝર્સે એક્ટ્રેસની જ ઝાટકણી કાઢી

**મુંબઈ, તા. 22**



ફેમસ ઈન્ફ્લુએન્સર અને યૂટ્યુબર ધ્રુવ રાઠી સતત રણવીર સિંહની ફિલ્મ 'ધુરંધર'ની ટીકા કરતા વીડિયો પોસ્ટ કરી રહ્યો છે. 21 ડિસેમ્બરે ધ્રુવે એક નવો વીડિયો પોસ્ટ કર્યો છે, જેનું ટાઈટલ છે 'રિયાલિટી ઓફ ધુરંધર'. વીડિયો સામે આવ્યા બાદ એક્ટ્રેસ દેવોલીના ભટ્ટાચાર્ય ભડકી ઉઠી છે. જોકે, દેવોલીનાની કમેન્ટ પર કેટલાક લોકોએ ગુસ્સો પણ વ્યક્ત કર્યો છે. ધ્રુવ રાઠીએ 'ધુરંધર' પર એક પછી એક ઘણી પોસ્ટ કરી. આવી જ એક પોસ્ટના જવાબમાં દેવોલીના ભટ્ટાચાર્યએ લખ્યું- 'હું તારા બકવાસ વીડિયોને અવગણવાની ઘણી કોશિશ કરું છું, ખબર નહીં X એકાઉન્ટ મારી ફીડ પર તેમને લાવી દે છે. ખેર, 'ધુરંધર' વિશે વિચારવાનું બંધ કર અને બાંગ્લાદેશના હિંદુઓ માટે ક્યારે બોલીશ?' ધ્રુવ રાઠીએ તાજેતરમાં એક નવો વીડિયો પોસ્ટ કર્યો છે, જેમાં તેમણે ફિલ્મ 'ધુરંધર'ને પ્રોપગેન્ડા ફિલ્મ ગણાવીને તેની સખત ટીકા કરી છે. તેણે કહ્યું કે ફિલ્મને ફિક્શનલ કહેવામાં આવી રહી છે, જ્યારે તેમાં ઘણી ઘટનાઓના અસલી ફોટા અને વીડિયોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. આ સાથે ધ્રુવે એમ પણ કહ્યું કે ફિલ્મના માધ્યમથી આદિત્ય ધરે ભારત પર લાગેલા પાકિસ્તાનના ઘણા આરોપોને સાચા સાબિત કરી દીધા છે. જ્યારે ભારત સરકારે ઘણી વખત સ્પષ્ટતા કરી છે કે તે પાકિસ્તાનમાં જાસૂસ મોકલતું નથી.

# ડૉલર કરતાં 10 ગણો મોંઘો રૂપિયો ગગડીને 91 સુધી કેવી રીતે પહોંચ્યો



**નવી દિલ્હી, તા.22**

હાલમાં ભારતીય રૂપિયાનું મૂલ્ય 1 અમેરિકન ડૉલરના 91 રૂપિયા જેટલું થઈ ગયું છે. રૂપિયો સતત ગગડતો રહ્યો હોવાથી એની આ 'પડતી' બાબતે કોઈને આશ્ચર્ય નહીં થાય, પણ આશ્ચર્યજનક લાગે એવી હકીકત એ છે કે, ભૂતકાળમાં રૂપિયો ડૉલર કરતાં વધુ શક્તિશાળી હતો! 100 વર્ષ અગાઉ 1 રૂપિયાનું મૂલ્ય 10 ડૉલર જેટલું હતું! તો પછી આજે રૂપિયાનું આટલું બધું અવમૂલ્યન કેવી રીતે થયું? ચાલો, જાણીએ તેની પાછળના આર્થિક, રાજકીય અને વૈશ્વિક કારણો.

100 વર્ષ અગાઉ ભારત બ્રિટિશ સામ્રાજ્યને આધીન હતું ત્યારે ભારતીય રૂપિયો(INR) બ્રિટિશ પાઉન્ડ(GBP) સાથે સીધો જોડાયેલો હતો. આજની જેમ એ જમાનામાં પણ પાઉન્ડ ડૉલર કરતાં વધુ મૂલ્યવાન ચલણ હતું. (હાલમાં 1 GBP= 120 INR છે.) પાઉન્ડ સાથેના જોડાણને કારણે ભારતીય રૂપિયાનું મૂલ્ય પણ ડૉલર કરતાં ઘણું ઊંચું હતું. ઐતિહાસિક સંદર્ભો પ્રમાણે, 1925 સુધી 1 ભારતીય રૂપિયો લગભગ 10 ડૉલરની સમકક્ષ હતો. આ સ્થિતિ સ્વાભાવિક હતી કારણ કે તે સમયે ચલણનું મૂલ્ય તેને ટેકો આપતા સોનાના ભંડાર અને સામ્રાજ્યની આર્થિક શક્તિ પર આધારિત હતું. બ્રિટિશ શાસનનો પાવર રૂપિયાને મજબૂતી બક્ષતો હતો.

1947માં સ્વતંત્રતા મળ્યા પછી ભારતે સાર્વભૌમ રાષ્ટ્ર તરીકે આર્થિક નીતિઓને આકાર આપવાનું શરૂ કર્યું. રૂપિયાનું મૂલ્ય હવે પાઉન્ડ સાથે જોડાયેલું નહોતું, જેને કારણે રૂપિયાનું મૂલ્ય ઘટવાની શરૂઆત થઈ. ત્યાર પછી વર્ષોવર્ષ રૂપિયાનું મૂલ્ય ઘટતું ગયું.

- 1947 (સ્વતંત્રતા પછી): 1 USD = 3.3 INR
- 1966: ગંભીર આર્થિક પરિસ્થિતિના કારણે ભારત સરકારે રૂપિયાનું નાટકીય અવમૂલ્યન કર્યું, જેના કારણે દર 1 USD = 7.5 INR થઈ ગયો.
- 1991: ઊંચા ફુગાવાને કારણે ભારતે બીજા મોટા અવમૂલ્યન અને આર્થિક સુધારા કર્યા, જેથી રૂપિયાની કિંમત 1 USD = 17.5 INR પર પહોંચી ગઈ.
- 2000થી 2020: વધતી આયાત અને અન્ય વૈશ્વિક કારણોસર રૂપિયો સતત નબળો પડતો ગયો. 2020 સુધીમાં 1 USD = 76 INR ના સ્તરે પહોંચી ગયો.
- 2025: હાલમાં વિદેશી રોકાણમાં ઘટાડો, વેપાર ખાધ અને વૈશ્વિક અનિશ્ચિતતા જેવા કારણોસર રૂપિયો ઐતિહાસિક નીચા સ્તરે (1 USD = 91 INR) પહોંચી ગયો છે.

રૂપિયાના મૂલ્યમાં વર્ષોવર્ષ થતો ઘટાડો કોઈ એક કારણસર નથી થયો; એમાં નીચે મુજબના પરિબળો સામેલ છે.

1. સ્વતંત્ર નીતિઓ અને અર્થતંત્રનો વિકાસ: બ્રિટિશ પાઉન્ડ સાથેનું જોડાણ સમાપ્ત થઈ જતાં રૂપિયાનું મૂલ્ય ભારતના પોતાના આર્થિક સંદર્ભો, વેપાર સંતુલન અને નીતિ નિર્ણયો પર આધારિત બની ગયું.

2. આર્થિક સંકટો અને અવમૂલ્યન: 1966 અને 1991ના આર્થિક સંકટોએ રૂપિયાના મૂલ્યમાં મોટા અને સતત ઘટાડા કર્યા, જેમાંથી પૂર્ણપણે સાજા થવામાં વર્ષો લાગી ગયા.

3. વેપાર અસંતુલન (ખાધ): ભારત તેની ઘણી જરૂરિયાતો, જેમ કે ક્રૂડ ઓઈલ, સોનું અને ઈલેક્ટ્રોનિક્સ, માટે આયાત પર ખૂબ આધાર રાખે છે. આયાત વધુ અને નિકાસ ઓછી હોવાથી વેપાર ખાધ (Trade Deficit) ઊભી થાય છે, જે રૂપિયા પર ઘટાડાનું દબાણ લાવે છે.

4. વૈશ્વિક પરિબળો: 2008ની વૈશ્વિક મંદી અને 2020ના કોવિડ-19 મહામારી જેવી વૈશ્વિક આર્થિક ઘટનાઓ વિશ્વભરના રોકાણને પ્રભાવિત કરે છે, જેને પરિણામે ભારત જેવા ઉભરતા બજારોમાંથી ભંડોળ બહાર ખેંચાઈ જાય છે.

5. ડૉલરની સ્થિતિ: અમેરિકન ડૉલર વિશ્વનું પ્રાથમિક આરક્ષિત ચલણ (Reserve Currency) છે. જ્યારે પણ વૈશ્વિક આર્થિક અથવા ભૂ-રાજકીય અનિશ્ચિતતા સર્જાય છે, ત્યારે રોકાણકારો અને કેન્દ્રીય બેંકો જોખમથી દૂર જઈને પોતાની મૂડીને સુરક્ષિત ગણાતાં ડૉલર અને યુ.એસ. ટ્રેઝરીમાં ખસેડી લે છે, જેનાથી વિશ્વભરમાં ડૉલરની માંગ અને મૂલ્ય વધે છે. પરિણામે ભારતીય અર્થતંત્ર પર બેવડી નકારાત્મક અસર પડે છે. એક તરફ, ભારતમાંથી વિદેશી સંસ્થાકીય રોકાણકારો (FIIs) તેમનું ભંડોળ પાછું ખેંચી ડૉલરમાં રૂપાંતરિત કરે છે, જેથી રૂપિયા પર વેચાણનું દબાણ ઊભું થાય છે. બીજી તરફ, મજબૂત ડૉલર ક્રૂડ ઓઈલ અને અન્ય આયાતી માલને વધુ મોંઘો બનાવે છે, જેથી દેશની વેપાર ખાધ વધે છે અને રૂપિયાની કિંમત પર ઘટાડાનું દબાણ આવે છે. આમ, વૈશ્વિક તણાવના સમયે ડૉલર તરફ થતાં પલટો સીધી રીતે ભારતીય રૂપિયાનું અવમૂલ્યન કરે છે.

વિશ્વભરમાં અમેરિકન ડૉલરનો દબદબો હોવા છતાં એવા પણ ઘણાં ચલણ છે જે ડૉલર કરતા મજબૂત છે. BookMyForex વેબસાઈટ પ્રમાણે, વર્તમાન વિનિમય દરો અનુસાર, નીચેના ચલણો ડૉલર કરતાં વધુ મૂલ્યવાન છે.

- કુવૈતી દિનાર (KWD): 1 KWD = 292.28 INR (એટલે કે 1 KWD = 3.25 USD)
- બહેરીન દિનાર (BHD): 1 BHD = 238.09 INR (= 2.65 USD)
- ઓમાની રિયાલ (OMR): 1 OMR = 226.38 INR (= 2.52 USD)
- બ્રિટિશ પાઉન્ડ (GBP): 1 GBP = 120.19 INR
- યુરો (EUR): 1 EUR = 105.13 INR
- સ્વિસ ફ્રેંક (CHF): 1 CHF = 112.84 INR

આ ચલણો મુખ્યત્વે મજબૂત ક્રૂડ ઓઈલ ઈકોનોમી (કુવૈત, બહેરીન, ઓમાન)ની સાથે સમૃદ્ધિ, રાજકીય સ્થિરતા (યુ.કે., સ્વિટ્ઝરલેન્ડ, યુરોઝોન) ધરાવતા દેશો સાથે સંકળાયેલા છે.

100 વર્ષમાં 1 રૂપિયાના 10 ડૉલરથી લઈને 1 ડૉલરના 91 રૂપિયા થઈ જવાની યાત્રા એ સ્વતંત્ર ભારતની આર્થિક સફર, વૈશ્વિક પડકારોનો સામનો કરવાની તેની ક્ષમતા અને વૈશ્વિક અર્થતંત્રોમાં રહેલી ગતિશીલતાનું પ્રતિબિંબ છે. રૂપિયાની શક્તિ આજે પણ વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણના પ્રવાહ અને કેન્દ્રીય બેંકની નીતિઓ જેવા ઘણાં પરિબળો દ્વારા નિર્ધારિત થાય છે. રૂપિયાની આ 'પડતી-કથા' દર્શાવે છે કે ચલણના મૂલ્યની ઉત્ક્રાંતિ એક જટિલ પ્રક્રિયા છે, જે રાષ્ટ્રની આર્થિક નીતિઓ અને વૈશ્વિક ઘટનાઓની ગતિ સાથે ગૂંથાયેલી હોય છે.

## સેન્સેક્સ 638 પોઈન્ટ વધીને 85,567 પર બંધ : નિફ્ટીમાં 206 પોઈન્ટનો ઉછાળો, મેટલ અને આઈટી શેરોમાં ખરીદી

**મુંબઈ, તા.22**

સપ્તાહના પહેલા ટ્રેડિંગ દિવસે, સોમવાર, 22 જાન્યુઆરીએ શેરબજારમાં તેજી રહી. સેન્સેક્સ 638 પોઈન્ટ વધીને 85,567 પર બંધ થયો.નિફ્ટી પણ 206 પોઈન્ટ વધીને 26,172 પર બંધ થયો. આજના કારોબારમાં મેટલ અને આઈટી શેરોમાં સૌથી વધુ તેજી જોવા મળી. બેંક અને ફાર્માસ્યુટિકલ શેરોમાં પણ વધારો થયો.



એશિયન બજારોમાં કોરિયાનો કોસ્પી 1.86% ઉપર 4,095 પર અને જાપાનનો નિક્કેઈ ઈન્ડેક્સ 1.97% ઉપર 50,480 પર છે.

હોંગકોંગનો હેંગસેંગ ઈન્ડેક્સ 0.28% વધીને 25,763 પર છે. ચીનનો શાંઘાઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ 0.71% વધીને 3,917 પર છે.

19 ડિસેમ્બરે અમેરિકાનો ડાઉ જોન્સ 0.38% ઉપર 48,134 પર બંધ થયો હતો. જ્યારે, નાસ્ડેક કમ્પોઝિટમાં 1.31% અને S&P 500માં 0.88%ની તેજી રહી હતી.

19 ડિસેમ્બરે વિદેશી રોકાણકારો (FIIs) એ 1,830.89 કરોડ અને સ્થાનિક રોકાણકારો (DIIs) એ 5,722.89 કરોડ રૂપિયાના શેર ખરીદ્યા.

ડિસેમ્બરમાં 19 તારીખ સુધી FIIs એ કુલ 19,857.37 કરોડના શેર વેચ્યા. આ દરમિયાન બજારને સંભાળી રહેલા DIIs એ 52,032.12 કરોડના શેર ખરીદ્યા છે. નવેમ્બર મહિનામાં FIIs એ કુલ 17,500.31 કરોડના શેર વેચ્યા. જ્યારે, DIIsએ 77,083.78 કરોડની ખરીદી કરી. એટલે કે, બજારને સ્થાનિક રોકાણકારોનો ટેકો છે.

શેરબજારમાં 19 ડિસેમ્બરે તેજી જોવા મળી હતી. સેન્સેક્સ 447 પોઈન્ટ વધીને 84,929 પર બંધ થયો. નિફ્ટીમાં પણ 150 પોઈન્ટની તેજી રહી, તે 25,966ના સ્તરે બંધ થયો.

સેન્સેક્સના તમામ 30 શેરોમાંથી 26માં તેજી અને 4માં ઘટાડો જોવા મળ્યો. ટાટા મોટર્સ પેસેન્જર વ્હીકલ, પાવર ગ્રીડ અને BEL ના શેરોમાં 2% સુધીની તેજી રહી.

## સોનું-ચાંદી ઓલ ટાઈમ હાઈ : સોનું ₹1,805 વધીને ₹1.34 લાખ પ્રતિ 10 ગ્રામ થયું, ચાંદી ₹7,483 મોંઘી થઈને ₹2.08 લાખ પ્રતિ કિલો પર પહોંચી

**નવી દિલ્હી, તા.22**

સોના-ચાંદીના ભાવ આજે એટલે કે 22 ડિસેમ્બરે ઓલ ટાઈમ હાઈ પહોંચી ગયા છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન (IBJA) અનુસાર, સોનું 1,805 રૂપિયા વધીને 10 ગ્રામ દીઠ 1,33,584 રૂપિયા થયું છે. આ પહેલા તે 1,31,779 રૂપિયા પર હતું.



જ્યારે, 1 કિલો ચાંદીની કિંમત 7,483 રૂપિયા વધીને 2,07,550 રૂપિયા પર પહોંચી ગઈ છે. આ પહેલા તે 2,00,067 રૂપિયા પર હતી. આ વર્ષે અત્યાર સુધીમાં સોનું 57,422 રૂપિયા અને ચાંદી 1,21,533 રૂપિયા મોંઘી થઈ ચૂકી છે.

જુદા જુદા શહેરોમાં ભાવ અલગ કેમ હોય છે? IBJAના સોનાના ભાવમાં 3% GST, મેકિંગ ચાર્જ, જ્વેલર્સ માર્જિન શામેલ નથી હોતું. તેથી શહેરોના ભાવ આનાથી અલગ હોય છે. આ ભાવોનો ઉપયોગ RBI સોવરેન ગોલ્ડ બોન્ડના ભાવ નક્કી કરવા માટે કરે છે. ઘણી બેંકો ગોલ્ડ લોનના ભાવ નક્કી કરવા માટે તેનો ઉપયોગ કરે છે.

આ વર્ષે અત્યાર સુધીમાં સોનાની કિંમત 57,422 રૂપિયા (73.02%) વધી છે. 31 ડિસેમ્બર 2024ના રોજ 10 ગ્રામ 24 કેરેટ સોનું 76,162 રૂપિયાનું હતું, જે હવે 1,33,584 રૂપિયા થઈ ગયું છે.

ચાંદીનો ભાવ પણ આ સમયગાળા દરમિયાન 1,21,533 રૂપિયા (132.59%) વધી ગયો છે. 31 ડિસેમ્બર 2024ના રોજ એક કિલો ચાંદીની કિંમત 86,017 રૂપિયા હતી, જે હવે 2,07,550 રૂપિયા પ્રતિ કિલો થઈ ગઈ છે.

ડોલર નબળો- અમેરિકાના વ્યાજ દરો ઘટાડવાથી ડોલર નબળો પડ્યો અને સોનાની હોલ્ડિંગ કોસ્ટ ઓછી થઈ, જેના કારણે લોકો ખરીદવા લાગ્યા.

ભૌગોલિક રાજકીય- રશિયા-યુક્રેન યુદ્ધ અને દુનિયામાં તણાવ વધવાથી રોકાણકારો સોનાને સૌથી સુરક્ષિત રોકાણ માનીને ખરીદી રહ્યા છે.

રિઝર્વ બેંક- ચીન જેવા દેશો પોતાની રિઝર્વ બેંકમાં સોનું ભરી રહ્યા છે, તેઓ વર્ષભરમાં 900 ટનથી વધુ ખરીદી કરી રહ્યા છે, તેથી ભાવ ઉપર જઈ રહ્યા છે.

ઔદ્યોગિક માગ- સોલર, ઈલેક્ટ્રોનિક્સ અને EVમાં ભારે ઉપયોગ, ચાંદી હવે માત્ર જ્વેલરી નથી, પરંતુ એક આવશ્યક કાચો માલ બની ગઈ છે.

ટ્રમ્પનો ટેરિફ ભય- અમેરિકી કંપનીઓ ચાંદીનો મોટો સ્ટોક જમા કરી રહી છે, વૈશ્વિક પુરવઠામાં ઘટાડાથી કિંમતો વધી.

ઉત્પાદકોની હોડમાં- ઉત્પાદન અટકવાના ડરથી બધા પહેલેથી જ ખરીદી રહ્યા છે, આ જ કારણોસર આવનારા મહિનાઓમાં પણ તેજી જળવાઈ રહેશે.

કેડિયા એડવાઈઝરીના ડિરેક્ટર અજય કેડિયા કહે છે કે ચાંદીની માગમાં હાલ તેજી છે જે આગળ પણ જળવાઈ રહેવાનો અંદાજ છે. આવી સ્થિતિમાં ચાંદી આગામી 1 વર્ષમાં 2.50 લાખ સુધી પહોંચી શકે છે. જ્યારે આ વર્ષના અંત સુધીમાં ચાંદીની કિંમત 2.10 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

જ્યારે સોનાની વાત કરીએ તો તેની માગમાં પણ તેજી જોવા મળી રહી છે. આવી સ્થિતિમાં આવતા વર્ષ સુધીમાં તે 10 ગ્રામ દીઠ 1.50 લાખ રૂપિયાને પાર કરી શકે છે. જ્યારે આ વર્ષના અંત સુધીમાં તેની કિંમત 1.35 લાખ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી શકે છે.

## ભારતના ટોપ-40 ધનકુબેર જેટલી સંપત્તિ એકલા મસ્ક પાસે

### પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળની કુલ GDP કરતાં વધારે, નેટવર્થ 4 દિવસમાં 150 બિલિયન ડોલર કેવી રીતે વધી?

**નવી દિલ્હી, તા.22**

દુનિયાના સૌથી અમીર વ્યક્તિ ઈલોન મસ્કની સંપત્તિ પાકિસ્તાન, શ્રીલંકા અને નેપાળની GDP કરતા વધારે થઈ ગઈ છે. 4 દિવસમાં તેમની નેટવર્થ 150 બિલિયન ડોલર વધીને 750 બિલિયન ડોલરને પાર કરી ગઈ છે. જ્યારે આ ત્રણેય દેશોની કુલ GDP આશરે 555 બિલિયન ડોલર છે.



મસ્ક નેટવર્થનો આ આંકડો સ્પર્શનાર દુનિયાના પ્રથમ વ્યક્તિ બન્યા છે. આ પહેલા 16 ડિસેમ્બરના રોજ મસ્કની સંપત્તિ 600 બિલિયન પર પહોંચી હતી. તેમની સંપત્તિમાં આ વધારો ડેલાવેર સુપ્રીમ કોર્ટના નિર્ણયથી આવ્યો, જેનાથી મસ્કનું 56 બિલિયન ડોલરનું ટેસ્લા પે પેકેજ વધીને 139 બિલિયન ડોલર થઈ ગયું.

ફોર્બ્સ બિલિયોનેર્સ ઈન્ડેક્સમાં મસ્કની નેટવર્થ આ સમયે 649 બિલિયન ડોલર દેખાઈ રહી છે. આ ભારતના ટોપ 40 સૌથી અમીરોની કુલ સંપત્તિ બરાબર છે. આ સાથે જ મસ્કની સંપત્તિ તેમના પછી આવતા દુનિયાના સૌથી અમીર ટેક બિલિયોનેર્સ (લેરી પેજ 252.6 બિલિયન, લેરી એલિસન 242.7 બિલિયન, જેફ બેઝોસ 239.4 બિલિયન)ની કુલ સંપત્તિ કરતા પણ વધારે છે.

ટેસ્લાનું 56 બિલિયન ડોલરનું પે પેકેજ રિસ્ટોર થવું 2018માં ટેસ્લાએ મસ્કને 56 બિલિયન ડોલરનું સ્ટોક ઓપ્શન પેકેજ આપ્યું હતું. 2024માં નીચલી કોર્ટે તેને રદ કર્યું હતું, પરંતુ ડિસેમ્બર 2025માં ડેલાવેયરે સુપ્રીમ કોર્ટે તેને ફરીથી પુનઃસ્થાપિત કર્યું. હવે આ પેકેજ 139 બિલિયનનું થઈ ગયું છે. આનાથી મસ્કની સંપત્તિમાં સૌથી મોટો ઉછાળો આવ્યો અને પ્રથમ વખત 700 બિલિયન ડોલરને પાર કરી.

સ્પેસએક્સની વેલ્યુએશન 800 બિલિયન ડોલર સુધી પહોંચવું રોઈટર્સ અનુસાર, કંપનીની અંદર જ થયેલા શેરના વેચાણમાં સ્પેસએક્સની કુલ વેલ્યુએશન $800 બિલિયન આંકવામાં આવી છે. મસ્ક પાસે સ્પેસએક્સમાં લગભગ 42% હિસ્સેદારી છે. જો કંપની અમેરિકી શેરબજારમાં 800 બિલિયન ડોલરના વેલ્યુએશન પર લિસ્ટેડ થાય છે, તો મસ્કની હિસ્સેદારીની કિંમત એકલા 336 બિલિયન ડોલરથી વધુ વધી શકે છે.

ટેસ્લા શેર પ્રાઈસ અને નવું 1 ટ્રિલિયન ડોલરનું પેકેજ ટેસ્લા શેર પ્રાઈસમાં વધારો અને નવેમ્બર 2025માં શેરધારકોએ મસ્કનું 1 ટ્રિલિયનનું પેકેજ મંજૂર કરવાથી પણ સંપત્તિમાં વધારો થયો. 2025માં મસ્કની સંપત્તિમાં 340 બિલિયન ડોલરથી વધુ ઉમેરાયા. ટેસ્લામાં તેમનો 12% હિસ્સો છે, જે શેર પ્રાઈસ વધવાથી સીધી સંપત્તિમાં વધારો કરે છે.

ટેસ્લા: સ્પેસએક્સ ઉપરાંત, મસ્કની EV કંપની ટેસ્લામાં પણ તેમનો લગભગ 12% હિસ્સો છે. 2025માં અત્યાર સુધી ટેસ્લાના શેર 13% વધ્યા છે. સોમવારે પણ ટેસ્લાના શેર લગભગ 4% ઉપર હતા, જ્યારે મસ્કે કહ્યું કે કંપની ફ્રન્ટ પેસેન્જર સીટ પર સેફ્ટી મોનિટર વિના રોબોટેક્સીનું પરીક્ષણ કરી રહી છે. મસ્કનો ટેસ્લામાં હિસ્સો હવે લગભગ 197 બિલિયન ડોલરનો છે.

xAI: તેમનો આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સ્ટાર્ટઅપ xAI પણ 230 અબજ ડોલરના વેલ્યુએશન પર 15 અબજ ડોલરની નવી ઈક્વિટી એકત્ર કરવા માટે વાતચીતના એડવાન્સ સ્ટેજમાં છે.

મસ્કે 12 વર્ષની ઉંમરે વીડિયો ગેમ બનાવીને વેચી ઈલોન મસ્ક, ટેસ્લા અને સ્પેસએક્સના CEO છે. મસ્કે 10 વર્ષની ઉંમરે કમ્પ્યુટર પ્રોગ્રામિંગ શીખી અને 12 વર્ષની ઉંમરે 'બ્લાસ્ટર' નામની એક વીડિયો ગેમ તૈયાર કરી. તેને એક સ્થાનિક મેગેઝિને તેમની પાસેથી પાંચસો અમેરિકન ડોલરમાં ખરીદી. તેને મસ્કની પ્રથમ 'વ્યાપારિક સિદ્ધિ' કહી શકાય.

1995માં તેમણે વેબ સોફ્ટવેર કંપની ઝિપ-2 બનાવી હતી. કોમ્પેકે આ કંપનીને 1999માં 307 મિલિયન ડોલરમાં ખરીદી લીધી હતી. આ ડીલથી મસ્કને કંપનીમાં 7% હિસ્સેદારીના બદલામાં 22 મિલિયન ડોલર મળ્યા હતા. અહીંથી ઈલોન મસ્કના બિઝનેસની અસલી શરૂઆત થઈ.

ઈબેએ 2002માં પેપાલને ખરીદ્યું હતું મસ્કે 1999માં પેપાલ બનાવી હતી. ઈબેએ 2002માં તેને 1.5 અબજ ડોલરમાં ખરીદી લીધું. મસ્કને આ ડીલથી 180 મિલિયન ડોલરની કમાણી થઈ. આના તરત પછી મસ્કે સ્પેસએક્સની સ્થાપના કરી. આ કંપની દ્વારા મસ્ક મંગળ ગ્રહ પર કોલોની વસાવીને હ્યુમેનિટીને મલ્ટી પ્લેનેટ સ્પીસીઝ બનાવવા માંગે છે.

ટેસ્લા:ટેસ્લાની સ્થાપના 2003માં માર્ટિન એબરહાર્ડ અને માર્ક ટારપેનિંગે કરી હતી. ઈલોન મસ્ક કંપનીના શરૂઆતી રોકાણકારોમાંના એક હતા અને ફેબ્રુઆરી 2004માં તેમણે ટેસ્લામાં મોટું રોકાણ કર્યું. આ પછી મસ્ક ટેસ્લાના ચેરમેન અને પછી CEO બન્યા. ટેસ્લાનો હેતુ ઈલેક્ટ્રિક વાહનોને સામાન્ય લોકો સુધી પહોંચાડવાનો અને સસ્ટેનેબલ એનર્જીને પ્રોત્સાહન આપવાનો હતો.

સ્પેસએક્સ:સ્પેસએક્સની શરૂઆત ઈલોન મસ્કે માર્ચ 2002માં કરી હતી. તેમનું સ્વપ્ન સ્પેસ લોન્ચનો ખર્ચ ઘટાડવો અને મંગળ ગ્રહ પર માનવ વસાહત બનાવવાનું હતું. સ્પેસએક્સે 2008માં પ્રથમ સફળ રોકેટ (ફાલ્કન 1) લોન્ચ કર્યું અને 2012માં તેનું ડ્રેગન કેપ્સ્યુલ ઈન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન સાથે જોડાયું.

ન્યુરાલિંક:ન્યુરાલિંકની સ્થાપના ઈલોન મસ્કે 2016માં કરી હતી. આ કંપનીનો હેતુ માનવ મગજ અને કમ્પ્યુટરને જોડતી બ્રેઈન-મશીન ઈન્ટરફેસ ટેકનોલોજી વિકસાવવાનો છે. ન્યુરાલિંકનો ઉદ્દેશ્ય ન્યુરોલોજીકલ રોગોનો ઈલાજ કરવો અને ભવિષ્યમાં મનુષ્યોને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ સાથે વધુ સારી રીતે જોડવાનો છે.

## ભારત-ન્યૂઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ ડીલનું એલાન

### ભારતમાં આવતો અડધાથી વધુ સામાન આજથી ડ્યુટી ફ્રી, અનેક વસ્તુઓ સસ્તી થશે




**વેલિંગ્ટન/નવી દિલ્હી, તા.22**

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ (FTA) પરની ડીલ સોમવારે ફાઈનલ થઈ ગઈ છે. ન્યુઝીલેન્ડના વડાપ્રધાન ક્રિસ્ટોફર લક્સને સોમવારે તેની જાહેરાત કરી. તેમણે કહ્યું કે તેનાથી નિકાસકારો માટે વિશ્વની સૌથી મોટી વસ્તી ધરાવતા બજાર સુધી પહોંચવું સરળ બનશે.

આ ડીલથી ન્યુઝીલેન્ડના નિકાસકારોને ભારતમાં મધ્યમ વર્ગ સુધી સરળ પહોંચ મળશે. ડીલ હેઠળ, ન્યુઝીલેન્ડથી ભારતમાં આવતી 95% વસ્તુઓ પરની આયાત જકાત (Tariff) નાબૂદ કરવામાં આવી છે અથવા નોંધપાત્ર રીતે ઘટાડવામાં આવી છે. તેમાં અડધાથી વધુ ઉત્પાદનો પહેલા દિવસથી જ ડ્યુટી ફ્રી થઈ જશે.

આ કરારની સીધી અસર સામાન્ય ભારતીય ગ્રાહકોના ખિસ્સા પર પડશે. ન્યુઝીલેન્ડથી આવતા તાજા ફળો, ખાસ કરીને કીવી (Kiwi) અને સફરજન પર હવે ઘણો ઓછો ટેક્સ લાગશે. આ ઉપરાંત, ઊન અને તેમાંથી બનેલા ઉત્પાદનો, લાકડું અને કેટલીક ખાસ પ્રકારની ડેરી વસ્તુઓ પણ સસ્તી થઈ જશે.

ન્યુઝીલેન્ડ સરકારના મતે, આ કરારની સૌથી મોટી વાત એ છે કે 50% થી વધુ સામાન પર 'ડે-વન' એટલે કે કરારના પહેલા દિવસથી જ કોઈ ડ્યુટી લાગશે નહીં. તેનો અર્થ એ છે કે આવતીકાલથી જ ન્યુઝીલેન્ડથી આવતા અડધાથી વધુ સામાન કોઈ વધારાના ટેક્સ વિના ભારતીય બજારમાં વેચી શકાશે. તેનાથી ભારતના ઝડપથી વિકસતા મિડલ ક્લાસ (મધ્યમ વર્ગ) માટે વિદેશી ફળો, વાઈન અને અન્ય ડેરી ઉત્પાદનો સસ્તા થવાની અપેક્ષા છે.

ન્યુઝીલેન્ડે આ ડીલ ભારતની વધતી આર્થિક તાકાતને ધ્યાનમાં રાખીને કરી છે. કીવી સરકારનો અંદાજ છે કે વર્ષ 2030 સુધીમાં ભારતીય અર્થતંત્ર લગભગ 12 ટ્રિલિયન ન્યુઝીલેન્ડ ડોલર (લગભગ 627.21 લાખ કરોડ)નું થઈ જશે.

ન્યુઝીલેન્ડના વેપારીઓ માટે ભારત એક મોટી તક છે, કારણ કે અહીંની વસ્તી અને વધતી ખરીદ શક્તિ (Purchasing Power) તેમના ડેરી, તાજા ફળ અને ઊન ઉદ્યોગ માટે વિશ્વનું સૌથી મોટું પ્લેટફોર્મ બની શકે છે.

ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે આ વ્યાપારી કરારને લઈને વાતચીત 10 વર્ષથી અટકી પડી હતી. આ જ વર્ષે માર્ચમાં બંને દેશોએ ફરીથી ચર્ચા શરૂ કરી અને માત્ર 9 મહિનાની અંદર તેને ફાઈનલ કરી. આ પહેલા ભારતે ઓસ્ટ્રેલિયા અને UAE સાથે પણ આવા જ કરારો કર્યા છે, જેનાથી ભારતની ગ્લોબલ ટ્રેડ પાર્ટનરશિપ મજબૂત થઈ છે. ભારતે છેલ્લા 5 વર્ષમાં 7 ફ્રી ટ્રેડ ડીલ સાઈન કરી છે.

# સેવન્થ-ડે સ્કૂલ સરકાર હસ્તક લેવાતા વાલીઓમાં જશ્ન

## DEOએ વહીવટદાર તરીકે ચાર્જ લેતા ઢોલ-નગારા સાથે ઉજવણી, ફૂલહાર સાથે મોઢું મીઠું કરાવી સન્માન કર્યું

**અમદાવાદ, તા.22**

વિદ્યાર્થીના હત્યા બાદ વિવાદમાં આવેલી સેવન્થ ડે સ્કૂલને સરકારે પોતાના હસ્તક લઈ લીધી છે. તેમજ વહીવટદાર તરીકે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની નિમણૂક કરવામાં આવી છે. નિયમ વિરુદ્ધ ચાલતી સરકાર હસ્તક લેવામાં આવતા વાલીઓમાં જશ્નનો માહોલ જોવા મળ્યો હતો. આજે (22 ડિસેમ્બર) DEOએ અને સરકારી અધિકારીઓએ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા ઢોલ- નગારા સાથે સ્કૂલમાં વાલીઓએ ઉજવણી કરી હતી. વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા DEOનું મોઢું મીઠું કરાવી સન્માન કરવામાં આવ્યું હતું. સરકારે સ્કૂલને પોતાના હસ્તક લેવાનો યોગ્ય નિર્ણય લીધો હોવાનું પણ વાલીઓએ જણાવ્યું હતું.

19 ઓગસ્ટના દિવસે સેવન્થ ડે સ્કૂલમાં નયન નામના વિદ્યાર્થીની અન્ય વિદ્યાર્થીએ હત્યા કરી હતી. આ ઘટનામાં સ્કૂલની બેદરકારી હોવાનું જણાવી વાલીઓએ રોષે ભરાઈને વિરોધ નોંધાવી સ્કૂલમાં તોડફોડ પણ કરી હતી. આ ઘટના બાદ સ્કૂલમાં ઓફલાઈન શિક્ષણ બંધ કરવામાં આવ્યું હતું. બાદમાં વિદ્યાથીઓના અભ્યાસને ધ્યાનમાં રાખી ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. જે બાદ વિદ્યાર્થીઓની તમામ સુરક્ષાને ધ્યાનમાં રાખીને 3 ઓક્ટોબરે ધો.10 અને 12ના વિદ્યાથીઓ માટે ઓફલાઈન શિક્ષણ શરૂ કરવામાં આવ્યું હતું.

આ સાથે જ ઘટનાની તપાસ માટે શિક્ષણ વિભાગ દ્વારા એક કમિટીની રચના કરવામાં આવી હતી. આ તપાસ કમિટીને સ્કૂલમાં ચાલતી પ્રવૃત્તિઓ અને સ્કૂલના ડોક્યુમેન્ટ તપાસવા માટે આદેશ કરવામાં આવ્યો હતો. તપાસ કમિટીએ સ્કૂલ પાસે માન્યતાના અનેક વખત ડોક્યુમેન્ટ માંગ્યા હતા, છતાં પણ સ્કૂલ દ્વારા માન્યતાના યોગ્ય ડોક્યુમેન્ટ રજૂ કરવામાં આવ્યા ન હતાં. તપાસ કમિટીએ રિપોર્ટ તૈયાર કરી સરકારને સોંપ્યો હતો, જેમાં સ્કૂલને સરકાર હસ્તક લેવામાં આવે તેવી ભલામણ કરવામાં આવી હતી.

તપાસ કમિટીના રિપોર્ટના આધારે સરકારે અને શિક્ષણ વિભાગે વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત અને સલામતીને ધ્યાનમાં રાખીને સ્કૂલને સરકાર હસ્તક લેવાનો નિર્ણય કર્યો હતો. તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક કાર્યને કોઈપણ ખલેલ ન પહોંચે તે માટે વહીવટદારની નિમણૂક કરવામાં આવી હતી. જેમાં અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની વહીવટદાર તરીકે નિમણૂક કરવામાં



આવી હતી. જે બાદ અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ સ્કૂલ મેનેજમેન્ટની કામગીરી જોવા માટે સવારની અને બપોરની પાળીમાં બે વહીવટદારની નિમણૂક કરી હતી. મેનેજમેન્ટ કરવા માટે નિમણૂક થયેલા વહીવટદારોએ પોતાનો ચાર્જ સંભાળી લીધો છે. અત્યાર સુધી જે કામગીરી મેનેજમેન્ટ કરતું હતું તે કામગીરી હવે સરકારે નિમેલા વહીવટદાર કરવાના છે, જેને લઈને વાલીઓમાં જશ્નનો માહોલ જોવા મળ્યો હતો. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિત-સુરક્ષાને ધ્યાનમાં રાખીને જે નિર્ણય લેવામાં આવ્યો તેનાથી વાલીઓમાં ખુશીનો માહોલ હતો. સરકારે સ્કૂલને પોતાના હસ્તક લઈને યોગ્ય નિર્ણય લીધો હોવાનું વાલીઓએ જણાવ્યું હતું. આજે મોટી સંખ્યામાં વાલીઓ અને સ્થાનિક ધારાસભ્ય અમિત ભટ્ટ સ્કૂલએ પહોચ્યા હતા. ઢોલ અને નગારા સાથે વાલીઓએ સ્કૂલએ પહોંચી ઉજવણી કરી હતી. મોટી સંખ્યામાં વાલીઓ અમદાવાદ શહેર DEOએ વહીવટદાર તરીકે ચાર્જ સંભાળતા તેમનું સન્માન કરવા માટે પહોંચ્યા હતા. વાલીઓ અને સ્થાનિક ધારાસભ્ય અમિત ભટ્ટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીનું મોઢું મીઠું કરાવી અને ફૂલોનો વરસાદ કરી ઉજવણી કરી હતી. તેમજ વિદ્યાર્થીઓના શૈક્ષણિક રીત અને સુરક્ષાનું સરકાર યોગ્ય ધ્યાન આપશે તેવી વાલીઓને ખાતરી આપી હતી. જોકે, સ્કૂલ સરકાર હસ્તક લેવાતા હવે આગામી સમયમાં સ્કૂલમાં મોટા ફેરફાર પણ થઈ શકે છે.

અમદાવાદ શહેર DEO રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા વહીવટદાર તરીકે નિમણૂક કર્યા બાદ અમારી ટીમ સાથે ચાર્જ સંભાળી લીધો છે. આજે ધારાસભ્ય અને વાલીઓએ સરકારનો આભાર વ્યક્ત કર્યો છે. ઘણા સમયથી વહીવટીમાં બેદરકારી સ્કૂલ દાખવી રહી હતી. તેમજ તપાસ કમિટીને કોઈપણ ડોક્યુમેન્ટ ન આપતા સાબિત થયું હતું કે સ્કૂલ પાસે યોગ્ય માન્યતાના પુરાવા જ નથી. જો માન્યતા વગર આટલા સમય સુધી સ્કૂલ ચાલી અને જો હજુ પણ ચલાવવા દઈએ તો તે બિલકુલ ગેરકાયદેસર ગણાય.

વધુમાં ઉમેર્યું કે, વાલીઓને વહારે સરકાર આવી અને વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઈ સરકાર હસ્તક લેવામાં આવી. આગામી દિવસમાં મેનેજમેન્ટ તરીકે વહીવટદાર બની અમારી ટીમ કાર્યવાહી કરશે. વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતો પૂરેપૂરા જળવાશે. જે પણ એકેડેમિક કામગીરી ચાલી રહી છે તેમાં કોઈ પણ દખલગીરી કરવામાં આવશે નહીં. શિક્ષકો માટે મોટીવેશનલની કામગીરી પણ હાથ કરવામાં આવશે.

આ મામલે ધારાસભ્ય અમૂલ ભટ્ટે જણાવ્યું હતું કે, થોડા સમય પહેલા એક નિર્દોષ બાળકે જીવ ગુમાવ્યો હતો. જે બાદ વાલીઓ, આસપાસના રહીશોએ સરકારમાં રજૂઆત કરી હતી. અમે આજે સરકારનો આભાર માનીએ છીએ. જે રીતે ઘટના બની તે બાદ કાનૂની પ્રક્રિયા થવી જોઈએ તે યોગ્ય રીતે થઈ ન હતી. અનેક રજૂઆત બાદ શિક્ષણ વિભાગે તેનું એનાલિસિસ કર્યું. કાયદાકીય બાબતોને તપાસ અને કોર્ટમાં મેટર જતા સરકારે ત્યાં પોતાની રજૂઆતો કરી. જે બાદ કોર્ટે પણ સ્વીકાર્યું કે સરકાર દ્વારા જે પણ પગલાં લેવામાં આવ્યા છે તે વ્યાજબી છે. જેથી વાલીઓને કહીએ છીએ કે કોઈની વાતથી ભ્રમિત થશો નહીં.

વધુમાં અમૂલ ભટ્ટે જણાવ્યું હતું કે, સરકાર હસ્તક લેવાનો નિર્ણય વાલીઓ અને વિદ્યાર્થીઓના હિતમાં જ છે. વિદ્યાર્થીઓનું શિક્ષણ ગુજરાત સરકાર બગાડવા દેવા માંગતી નથી. સ્કૂલમાં અત્યારે સરકારના બે પ્રતિનિધિઓ મૂકવામાં આવ્યા છે. કોર્પોરેશન દ્વારા જમીન પરત લેવાની કાનૂની પ્રક્રિયા ચાલી રહી છે. તબક્કાવાર ઘણી બધી કાનૂની પ્રક્રિયાઓ પણ થવાની છે. સરકારે સ્કૂલને પોતાના હસ્તક લેવાનું જે નિર્ણય કર્યો છે તેથી સરકારનો આભાર માનીએ છીએ. સરકાર દ્વારા સંચાલન કરવામાં આવતી આ સ્કૂલમાં સંપૂર્ણપણે વિદ્યાર્થીઓના શિક્ષણનું ધ્યાન રાખવામાં આવશે. સિક્યુરિટીની સાથે સાથે બાળકોના હિત માટે યોગ્ય નિર્ણય લેવામાં આવશે.

# 2026ની બોર્ડ પરીક્ષા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાઈ

## 24 ડિસેમ્બર સુધી ધોરણ-10 અને 12 સામાન્ય પ્રવાહ માટે ફોર્મ ભરી શકાશે

**ગાંધીનગર, તા.22**



ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ફેબ્રુઆરી-માર્ચ 2026ની બોર્ડ પરીક્ષા માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ લંબાવવાનો મહત્વપૂર્ણ નિર્ણય લેવાયો છે. ધોરણ-10 અને ધોરણ-12 (વિજ્ઞાન, સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બોર્ડ તથા સંસ્કૃત માધ્યમ)ના નિયમિત તેમજ ખાનગી ઉમેદવારોને આ નિર્ણયથી મોટી રાહત મળી છે.

22 ડિસેમ્બર 2025 સુધી ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે ફોર્મ ભરી શકાશે

બોર્ડ દ્વારા જાહેર કરાયેલી સત્તાવાર સૂચના મુજબ, ધોરણ-12 વિજ્ઞાન પ્રવાહ માટે આવેદન, તેમાં સુધારા તેમજ પ્રિન્સિપાલ દ્વારા મંજૂરી આપવા માટેની અંતિમ તારીખ હવે 22 ડિસેમ્બર 2025 રાખવામાં આવી છે.

જ્યારે ધોરણ-10 તથા ધોરણ-12 (સામાન્ય પ્રવાહ, વ્યવસાયલક્ષી પ્રવાહ, ઉ.ઉ.બોર્ડ અને સંસ્કૃત માધ્યમ) માટે ફોર્મ ભરવાની અંતિમ તારીખ 24 ડિસેમ્બર 2025 નક્કી કરવામાં આવી છે.

આ ઉપરાંત ફોર્મમાં કોઈપણ પ્રકારના સુધારા કે પ્રિન્સિપાલની મંજૂરી આપવાની છેલ્લી તારીખ 26 ડિસેમ્બર 2025ના રાત્રે 12 વાગ્યા સુધી રહેશે.

બોર્ડે વધુમાં સ્પષ્ટ કર્યું છે કે શાળાઓ દ્વારા ફી સાથેની બાકી રહેલી કાર્યવાહી 30 ડિસેમ્બર 2025 સુધી પૂર્ણ કરી શકાશે.

આ નિર્ણયથી હજારો વિદ્યાર્થીઓ અને શાળાઓને વધારાનો સમય મળતા શૈક્ષણિક જગતમાં સકારાત્મક પ્રતિસાદ જોવા મળી રહ્યો છે. બોર્ડે તમામ સંબંધિતોને સમયમર્યાદાનું પાલન કરવાની અપીલ કરી છે.

# અમરેલી 13 ડિગ્રી સાથે સૌથી ઠંડુ : અમરેલી, વડોદરા, દીવ અને ડીસામાં નલિયા કરતા વધુ ઠંડી અનુભવાઈ, કાલથી પારો ગગડશે

**અમરેલી, તા.22**

રાજ્યમાં અત્યારે ઠંડા પવનો ફૂંકાઈ રહ્યા છે, જેથી વાતાવરણ વહેલી સવારે અને સાંજે ઠંડી અનુભવાય રહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આવતીકાલથી એટલે કે 23 ડિસેમ્બર બાદ રાજ્યમાં ઠંડીનું જોર વધશે. સૌથી ઓછું લઘુતમ તાપમાન અમરેલીમાં નોંધાયું હતું. અમરેલીમાં 13 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે સૌથી ઠંડુ શહેર રહ્યું હતું. અમરેલી બાદ દીવમાં 13.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. દીવ બાદ વડોદરામાં 14.2 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. વડોદરા બાદ ડીસામાં 14.9 ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન નોંધાયું હતું. આ ચારેય શહેરમાં નલિયા કરતા ઓછું લઘુતમ તાપમાન નોંધાતા નલિયા કરતા પણ આ ચારે શહેરે નલિયાને પાછળ પાડ્યું હતું. નલિયામાં 15.2 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.



અમદાવાદમાં 17.2 ડિગ્રી સેલ્સિયસ, અમરેલીમાં 13 ડિગ્રી સેલ્સિયસ, વડોદરામાં 14.2 ડિગ્રી સેલ્સિયસ, ભાવનગરમાં 16 ડિગ્રી સેલ્સિયસ, ભુજમાં 17.2 ડિગ્રી સેલ્સિયસ, દમણમાં 17 ડિગ્રી સેલ્સિયસ, ડીસામાં 14.9 ડિગ્રી સેલ્સિયસ, દીવમાં 13.2 ડિગ્રી સેલ્સિયસ, દ્વારકામાં 19.7 ડિગ્રી સેલ્સિયસ, ગાંધીનગરમાં 16.5 ડિગ્રી સેલ્સિયસ, કંડલામાં 17.6 ડિગ્રી સેલ્સિયસ, નલિયામાં 15.2 ડિગ્રી સેલ્સિયસ, ઓખામાં 22 ડિગ્રી સેલ્સિયસ, પોરબંદરમાં 15.2 ડિગ્રી સેલ્સિયસ, રાજકોટમાં 14.5 ડિગ્રી સેલ્સિયસ, સુરતમાં 19.4 ડિગ્રી સેલ્સિયસ અને વેરાવળમાં 16.9 ડિગ્રી સેલ્સિયસ લઘુત્તમ તાપમાન નોંધાયું હતું.

# નાનપુરામાં પિતાની મિલકત લેવા પુત્રએ ઘર સળગાવી દીધું

**સુરત, તા.22**

સુરતના નાનપુરા વિસ્તારમાં મિલકતની લાલચમાં એક પુત્રએ માનવતા અને લોહીના સબંધોને લજવતું કૃત્ય કર્યું છે. નાનપુરાની જમરૂખગલીમાં આવેલા ગોવર્ધનવાડમાં રહેતા એક રિક્ષાચાલક પિતાની મિલકત લેવા માટે પુત્રએ આખું ઘર સળગાવી દેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. આ આગની ઘટનામાં અંદાજે 18 લાખ રૂપિયાનું નુકસાન થયું હોવાનું સામે આવ્યું છે.

નાનપુરાના જમરૂખગલીમાં ઉમેશ બાબુ પટેલ પોતાના પરિવાર સાથે રહે છે અને રિક્ષા ચલાવી ગુજરાન ચલાવે છે. ઉમેશભાઈએ પોતાના મકાનના ગ્રાઉન્ડ ફ્લોર પરની એક દુકાન વિશાલ નામના વ્યક્તિને ભાડે આપી હતી, જ્યાં વિશાલ સાઈન બોર્ડ બનાવવાનું કામકાજ કરતો હતો. ઉમેશભાઈનો



પુત્ર સની પટેલ છેલ્લા ઘણા સમયથી ખોટા માર્ગે ચઢી ગયો હતો. તે અવારનવાર પિતા સાથે મિલકત બાબતે ઝઘડા કરતો અને દબાણ કરતો હતો કે ભાડૂત વિશાલ પાસેથી દુકાન ખાલી કરાવીને તેને રહેવા માટે આપી દેવામાં આવે.

પિતાએ મિલકત આપવાનો ઈનકાર કરતા સની અવારનવાર ઘર સળગાવી દેવાની ધમકી આપતો હતો. આ ધમકીને તેણે હકીકતમાં બદલવા માટે રાત્રિના સમયે એક પ્લાસ્ટિકની બોટલમાં પેટ્રોલ ભરીને લાવ્યો હતો.

# નંદેસરી પોલીસે 4.415 કિલો ગાંજા સાથે એક આરોપીની ધરપકડ કરી

## નેશનલ હાઈ-વે પર હિટ એન્ડ રન અકસ્માતમાં એકનું મોત, વાહનચાલક સામે હિટ એન્ડ રનનો ગુનો નોંધી તપાસ શરૂ

**વડોદરા, તા.22**

વડોદરા જિલ્લાના નંદેસરી પોલીસે 4 કિલો 415 ગ્રામનો ગાંજાનો જથ્થો જપ્ત કર્યો છે અને 73 વર્ષીય ચંદુભાઈ સામંતભાઈ પરમારની ધરપકડ કરી છે અને આ મામલે વધુ તપાસ હાથ ધરી છે.

નંદેસરી પોલીસ સ્ટેશનના પીઆઈ એ.એ. વાઘેલાના માર્ગદર્શન હેઠળ પોલીસની ટીમ વિસ્તારમાં સતત પેટ્રોલિંગ અને નાર્કોટિક્સ સંબંધિત પ્રવૃત્તિઓ પર નજર રાખી રહી હતી. આજરોજ મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે અનગઢ ગામના બસ સ્ટેન્ડ પાસે આવેલા પરમાર ફળીયામાં રહેતા ચંદુભાઈ સામંતભાઈ પરમારના રહેણાંક મકાન પાસે દરોડો પાડ્યો હતો. આ દરોડા દરમિયાન આરોપી પાસેથી 4 કિલો 415 ગ્રામ પોપી (ડોડા)નો જથ્થો



(આશરે રૂ.66,225ની કિંમત), તેને ભરવા માટે વપરાયેલ કાપડની થેલી, લોખંડનો વજન કાટો તેમજ વજનીયા (આશરે રૂ. 500) અને એક સાદો કીપેડ મોબાઈલ ફોન (આશરે રૂ. 500) મળીને કુલ રૂ. 67,225નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

આરોપી ચંદુભાઈ સામંતભાઈ પરમાર (ઉ.વ. ૭૩, રહે. અનગઢ ગામ, બસ સ્ટેન્ડ પાસે પરમાર ફળીયા, તા. વડોદરા) વિરુદ્ધ નંદેસરી પોલીસ સ્ટેશનમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

વડોદરા શહેરના પોર વિસ્તારમાં નેશનલ હાઈવે નંબર 48 ઉપર સતલુજ પંજાબી ઢાબા સામે ગઈકાલે સાંજે હિટ એન્ડ રન અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં તરસાલી વિસ્તારના રહેવાસી ધનશ્યામભાઈ પંચાલને ગંભીર ઈજા પહોંચી હતી, જેના કારણે તેમનું સારવાર દરમિયાન મોત થયું છે.

મૃતકનાં પત્ની ઉષાબેન ધનશ્યામભાઈ પંચાલે કપુરાઈ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું છે કે, ગઈકાલે તા. 19 ડિસેમ્બરના રોજ સાંજે આશરે 6 વાગ્યે તેમના પતિ ધનશ્યામભાઈ કામ પરથી છૂટ્યા બાદ પોર ખાતે આવેલા વિશ્વકર્મા મંદિરે દર્શન કરવા જવા માટે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન સુરતથી અમદાવાદ તરફ જતા અજાણ્યા વાહનના ચાલકે તેમને અડફેટે લઈને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યો હતો. અકસ્માત બાદ ધનશ્યામભાઈને ગંભીર ઈજાઓ થતાં તેમને 108 એમ્બ્યુલન્સ દ્વારા મકરપુરા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પ્રાથમિક સારવાર બાદ તેમને વધુ સારવાર માટે છાણીની સત્યમ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

# આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ માટે દબાણો દૂર કરવાની તૈયારી:રાજકોટ શહેરમાં 15 વર્ષથી લટકેલા પ્રોજેક્ટ માટે તંત્ર એક ડગલું આગળ વધ્યું, નોટિસ મળતા રહેવાસીઓમાં રોષ ફાટી નીકળ્યો...

**રાજકોટ, તા.22**

અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ જેવો જ રાજકોટની આજી નદી પર રિવરફ્રન્ટ બનાવવાના છેલ્લા 15 વર્ષથી સપના બતાવવામાં આવી રહ્યા છે.આ મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટની બ્લૂ પ્રિન્ટ તૈયાર થઈ ચૂકી છે. અંદાજિત રૂ.1181 કરોડ કરતા વધુના ખર્ચે આકાર પામનારો આ પ્રોજેક્ટની કામગીરી 11 કિલોમીટર વિસ્તારમાં વિકસાવવા જાહેરાત કરવામાં આવી રહી છે. 2022માં પ્રોજેક્ટ માટે પર્યાવરણી મંજૂરી મળી ગયા બાદ પણ કામગીરી આગળ વધી નહોતી. જો કે, હવે આજી નદી કાંઠામાં સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા માટે નોટિસ આપી તંત્ર આ એક ડગલું આગળ વધ્યું હોય તેમ લાગે છે.

રાજકોટના જંગલેશ્વર અને આસપાસના વિસ્તારમાં 1350 જેટલા દબાણકર્તાઓને નોટિસ પાઠવવામાં આવતા લોકોમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. રાજકીટ ઈશારે લોકોને ટાર્ગેટ કરાતા હોવાનો આક્ષેપ કરાયો છે. જો કે, તંત્રનું કહેવું છે કે, સરકારી જગ્યા



પર દબાણો થઈ શકે નહીં. ભવિષ્યમાં અહીં રિવરફ્રન્ટ બનાવવાની પણ યોજના છે. જેથી દબાણ દૂર કરવા માટે નોટિસ પાઠવવામાં આવી છે.

રાજકોટમાં આજી નદીના કાંઠે ભવિષ્યમાં આકાર લેનારા રિવરફ્રન્ટ પ્રોજ્કેટને ધ્યાનમાં રાખીને નદી કાંઠા પર સરકારી જમીન પર થયેલા દબાણો દૂર કરવા તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાંઆવી છે. અંદાજિત 400 કરોડ રૂપિયાની જમીન પર થયેલા 1350 જેટલા દબાણો દૂર કરવા માટે તંત્ર દ્વારા નોટિસ આપવામાં આવી છે. જેના કારણે સ્થાનિકોમાં રોષ ફાટી નીકળ્યો છે અને રાજકીય ઈશારે આ કામગીરી થતી હોવાનો આક્ષેપ કરાયો છે.

આજી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ વર્ષ 2011થી કાર્યરત છે. જેમાં સૌથી મહત્વનું અને પ્રથમ પગલું એનવાયરમેન્ટ ક્લિયરન્સ મેળવવાનું કામ 17.02.2022 ના રોજ થયું છે. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા આજી રિવરફ્રન્ટ ડેવલોપમેન્ટ માટે જરૂરી એન્વાયરમેન્ટ ક્લિયરન્સ સર્ટીફિકેટ માટે State Expert Appraisal Committee (SEAC) સમક્ષ તા. 20.08.2021થી સર્ટીફિકેટ મળવા માટે સબમિટ કરવામાં આવ્યું હતું જેના અનુસંધાને કમિટી દ્વારા જરૂરી સુધારા વધારા કરવા જણાવેલ જે અન્વયે એજન્સી દ્વારા પૂર્તતા કરી કમિટીમાં રજુ કરાયું હતું.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599

